Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૭૯
તા.૦૩-૦૮-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સૂર્યોદય : ૦૬:૧૧ સૂર્યાસ્ત : ૦૭:૨૦

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૨૯.૮ | વડોદરા | ૩૦.૮ |
| અમદાવાદ | ૩૧.૪ | સુરત | ૩૦.૮ |
| ગાંધીનગર | ૨૯.૨ | નલિયા | ૩૦.૬ |

ચાંદી : ૩૮૮૦૦ સોનું : ૨૯૦૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...




# પૂર અસરગ્રસ્તોને ઝડપથી સહાય ચૂકવાશે : રૂપાણી

## વિચાર વૈભવ...

### માલતી

આજની શિક્ષણપ્રથા (જે મેકોલે નામના સંસ્કૃતિભક્ષક માણસે સ્થાપી હતી) માટે લાલબત્તી સ્વરૂપ કેટલીક પંક્તિઓ જે મનુભાઈ પંચોળી 'દર્શક' એ લખી છે તે તેમના પોતાના શબ્દોમાં-

'૧૯૪૮ માં સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઈ ત્યાં સુધી અમારા અભ્યાસક્રમને કોઈએ સ્વીકૃતિ આપી નહોતી. અમને સમય પિરિયડો, પરીક્ષા વગેરે જડબંધનો નહોતા. વરસાદ શરૂ થાય એટલે બીડ- ડુંગરમાં નાહવા, ધોધમાં કૂદવા નીકળી પડીએ. નબળું વર્ષ હોય ત્યારે અનાજ સમિતિમાં પણ વિદ્યાર્થીઓને જોતરીએ. રસોઈયો ભાગી જાય તો તરત રોટલા વર્ગ શરૂ થાય. સૌ રસોડામાં નાનાં મોટાં કામે લાગી જાય. રસોઈયાની સાડીબારી નહીં.

અમે જોયું કે ભણવાની ભૂખ શિક્ષણશાસ્ત્રે નક્કી કરેલી ઉંમરે અને સમયે ઊઘડે જ છે, એવું નથી. અમે કોઈની બૌદ્ધિક પ્રગતિ જોઈને તેને આગલો નંબર આપતાં નહીં. જેની જે બાબતમાં આવડત તેને સૌ પાસે અમે ધરી દેતા. શિક્ષણમાં હોંશિયારીનો આજનો ગજ એ એક ફિશિયારી જ છે એમ અનુભવે હું કહી શકું છું.

એ કાળના આ રીતે ભણેલા સૌ વિદ્યાર્થીઓમાં મોટો ભાગ પોતાનો રસ્તો સ્વ માનભેર કાઢતા શીખ્યા, તે અમે જોયું. ખરી રીતે સવાલ માહિતી આપવાનો નથી. પણ આત્મવિશ્વાસ અને સમજદારી આપવાનો છે.'

અને હવે મમળાવવા માટે પ્લેટોનું એક વાક્યઃ 'જે શિક્ષણ ઠોકી બેસાડવામાં આવે છે, એ જ્ઞાનરૂપે ઊગી શકતું નથી.'

- પં.રાજહંસવિજયજી ગણિ

## સૂઈગામના કાણોઠી ગામે જઇ સહાય અને વહીવટીતંત્રની કામગીરીની વિગતો મેળવી : '' મારો જન્મદિવસ આપત્તિગ્રસ્તોની વચ્ચે વિતાવ્યો છે અને તેમના દુઃખમાં ભાગીદાર બન્યો છું તે હંમેશા યાદ રહેશે '' : મુખ્યમંત્રી







પાલનપુર

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના ૬૨મા જન્મદિવસ પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાં પૂર પ્રભાવિત લોકોની મુલાકાત લેતાં પહેલાં પાલનપુર મુકામે શ્રી પલ્લવીયા પાર્શ્વનાથજી ભગવાનના દેરાસરમાં તેમના ધર્મપત્નિ શ્રીમતિ અંજલિબેન સાથે જઇને ભકિતભાવપૂર્વક દર્શન, આરતી તથા પૂજા-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ઉપાશ્રયમાં ચાતુર્માસ ગાળી રહેલા પ.પૂજ્ય આચાર્યદેવશ્રી રાજતિલક સાગરસુરિશ્વરજી મ.સા.ને મળી મુખ્યમંત્રીશ્રીએ આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્ય મંત્રીશ્રીએ બનાસકાંઠા જિલ્લામાં ચોથા દિવસે સૂઇગામ તાલુકાના કાણોઠી ગામની મુલાકાત લઇ અસરગ્રસ્તો પાસેથી તેમની તકલીફો જાણી હતી તેમજ સહાય મળી છે કે નહી તેની જાણકારી રૂબરૂ જઇને મેળવી હતી. આ વિસ્તારના અસરગ્રસ્તોને ઘરવખરીની સહાય તેમજ મકાનની સહાય ઝડપથી મળે તે માટે વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું. ભારે વરસાદની સ્થિતિનો અગાઉથી જ ખ્યાલ આવતાં વહીવટી તંત્ર સજાગ થયું તેનાથી મોટી જાનહાનિ નિવારી શકાઇ છે. અસરગ્રસ્તોને તેમના નુકસાનીની સહાય સમયસર અને ટૂંક સમયમાં જ મળશે આ માટે સરકાર અસરગ્રસ્તોના પડખે છે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ અપાવ્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, પૂરથી જેમના પાકને નુકસાન થયું છે અને જમીનનું ધોવાણ થયું છે ત્યારે તેનો સર્વે કરવાની કામગીરી વહીવટી તંત્રએ શરૂ કરી છે ત્યારે ખેડૂતો – ગામ ઝડપથી બેઠું કરવાનો અમારો નિર્ધાર છે. તેમણે આ સંદર્ભે કહ્યું કે, આ સરકાર ખેડૂતો, ગરીબો અને ગામડાની સરકાર છે. બનાસકાંઠાના લોકોને દિલેર ગણાવી જણાવ્યું કે, પોતાના જીવ જોખમમાં હોવા છતાં બીજાની ચિંતા કરી તેમને પણ મદદ કરી છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, કુદરતી આફતમાં લોકો દુઃખી હોય ત્યારે સરકારના મોભી અને પ્રતિનિધિ તરીકે મારી જવાબદારી છે કે, આપના દુઃખમાં હું સહભાગી બનું. મારો જન્મદિવસ આપની વચ્ચે વિતાવી આપના દુઃખમાં સહભાગી બન્યો છું તે હંમેશા મારી માટે યાદગીરીરૂપ બની રહેશે.

મુખ્ય મંત્રીશ્રીએ સેનાની કામગીરી તેમજ વહીવટી તંત્રની સજાગતાને લીધે ૮૦૦૦૦ લોકોનું સ્થળાંતર અને ૨૦૦૦૦ લોકોને રેસ્ક્યુ કરીને મોટી જાનમાલની ખુવારી નિવારી શકાઇ છે, તેમ જણાવ્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું કે, મુખ્ય મંત્રીશ્રીની સૌથી પહેલી પ્રાયોરિટી આ વિસ્તારના ખેડૂતો બેઠા થાય અને સામાન્ય જનજીવન પૂર્વવત બને તે છે. તેમણે ભારે વરસાદની આ કુદરતી આફતને કમનસીબ ગણાવી જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર તમામ અસરગ્રસ્તો સુધી પહોંચે તે માટે મુખ્ય મંત્રીશ્રીએ પાંચ દિવસ બનાસકાંઠામાં રોકાણ કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સૂઈગામ તાલુકામાં ૨૧ ગામોનો સર્વે કરી ૮૫૯ વ્યક્તિઓને રૂા. ૬,૭૪,૭૦૦ કેશડોલ્સ સ્વરૂપે ચૂકવવામાં આવી છે તેમજ ઘરવખરી-નુકસાનીની સહાય પેટે ૩૪ કુટુંબોને રૂા. ૧,૨૯,૨૦૦ની તાત્કાલિક ધોરણે સહાય કરવામાં આવી છે.

### બનાસકાંઠા અને પાટણ અતિવૃષ્ટિ ગ્રસ્ત જાહેર : પૂર પ્રકોપનો ભોગ બનેલ આ બન્ને જિલ્લાને વિશેષ પેકેજ મળવાની શકયતા

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદથી તારાજી સર્જાયેલ હતી તેમાંયે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે અનેક લોકોના મોત નિપજ્યા હતા અને હજારો લોકોના ઘરમાં પાણી ઘુસી જતા બેઘર બન્યા હતા દરમિયાન બનાસકાંઠા અને પાટણના તમામ જિલ્લા અતિવૃષ્ટિ ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યના મહેસૂલ વિભાગે આ જાહેરાત કરી છે.રાજ્ય સરકારની આ જાહેરતાને પગલે આ બંને જિલ્લાને વિશેષ રાહત પેકેજ મળી શકે તેવી શકયતા છે

## સાર સમાચાર...

### કર્ણાટકના ઉર્જામંત્રી શિવકુમારના આવાસ ઉપર દરોડા : કરોડો જપ્ત

બેંગલોર

રાજકીય ક્ષેત્રે ભૂકંપ સર્જે તેવા મોટા ઘટનાક્રમના ભાગરુપે ઈન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓએ આજે સવારે જોરદાર સપાટો બોલાવીને કર્ણાટકના મંત્રી બીકે શિવકુમાર પર દરોડા પાડ્યા હતા. શિવકુમાર એ વ્યક્તિ છે જે બેંગ્લોર નજીક એક રિસોર્ટમાં રોકાયેલા કોંગ્રેસના ૪૦થી વધુ ધારાસભ્યોની મહેમાનનવાજી કરી રહ્યા છે. શિવકુમાર ખુબ જ પ્રભાવશાળી સ્થાનિક કોંગ્રેસી નેતા છે. તેમની ઓળખ હાઈકમાન્ડ સુધી રહેલી છે. ગુજરાતમાં યોજાનારી રાજ્યસભાની ચૂંટણીને લઈને જોડીને પણ આ દરોડાને જોડવામાં આવે છે. શિવકુમાર એ વ્યક્તિ છે જે બેંગ્લોરના ઈગલટન હોટલમાં રોકાયેલા ૪૦થી વધુ ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોની મહેમાન નવાઝી કરી રહ્યા છે.

## કાંકરેજ તાલુકાના સમણવા ગામે તળાવમાં ડૂબી જતાં કિશોરનું મોત

વાલ્મિકી પરિવારનો કિશોર તળાવ પાસે બકરા ચરાવવા ગયો હતો પગ લપસી જતાં તળાવમાં ડૂબ્યો





સજ્જનસિંહ સોલંકી, વિજય સિલ્વા

પ્રતિનિધિ કંબોઈ/શિહોરી

કાંકરેજ તાલુકાના સમણવા ગામનો એક ૧૬ વર્ષિય કિશોર સુખાભાઈ કેશાભાઈ વાલ્મિકી ગામના તળાવ પાસે બકરા ચરાવવા ગયો હતો જો કે આ વડેવળા તળાવની પાળ ઉપર સુખાભાઈનો પગ લપસી જવાથી તળાવમાં પડી ગયો હતો.આથી ગામના લોકો જોઈ જતા બુમા બુમ કરી તરવૈયાઓની મદદ લઈ શોધખોળ આદરી હતી.જોકે તાત્કાલિક શિહોરી પો.સ્ટે.માં જાણ કરતાં સાગરભાઈ દેસાઈ, રણજીતસિંહ સ્ટાફના માણસો સમણવા ગામે દોડી ગયા હતા અને તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા અને કાંકરેજ તાલુકાના બાહોશ તરવૈયા તરીકે ઓળખાતા દિનેશભાઈ પટેલની મદદથી ફરીથી શોધ ખોળ શરૂ કરી હતી.જોકે દિનેશભાઈ પટેલે જીવના જોખમે તળાવના પાણીમાંથી સુખાભાઈની લાશ બહાર કાઢી હતી. જેને શિહોરી પો.સ્ટે. દ્વારા પી.એમ.માટે સરકારી રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને શિહોરી પોલીસે વાલ્મિકી બાબુભાઈ ચમનભાઈને જાણ કરી હતી.

આમ, સમણવા ગામના વાલ્મિકી પરિવારના ૧૬ વર્ષિય કિશોરનું તળાવમાં ડૂબી જવાથી મોત થતાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.જેને લઈને સમણવા ગામમાં શોકનો માહોલ છવાયો છે.

## મુખ્યમંત્રી સાથે રખેવાળની મુલાકાત...



બનાસકાંઠા જિલ્લામાં પુર રાહત કામગીરીના સંચાલનનો દોરી સંચાર રાજ્યના મુખ્યમંત્રી અને "કોમન મેન" વિજયભાઈ રૂપાણીએ પોતાના હાથમાંજ રાખ્યો છે અને જિલ્લામાંજ પુર અસરગ્રસ્તોની વચ્ચે રહી અને તેઓ સમગ્ર કામગીરી કરી રહ્યા છે. અત્યારે જિલ્લા મુખ્યાલય પાલનપુર ખાતેનું સરકીટ હાઉસ જાણે સમગ્ર મુખ્યમંત્રી કાર્યાલયમાં તબદીલ થઈ ગઈ હોય તેવુ લાગે છે. તા.૧/૮/૨૦૧૭ ની રાત્રીએ એટલે કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસની અગાઉની સંધ્યાએ રખેવાળ દૈનિકના મેનેજીંગ તંત્રી વિક્રમભાઈ શેઠ સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે, જિલ્લાના અસરગ્રસ્તોને સંપૂર્ણ સંતોષ થાય તેવા પ્રકારના રાહત પેકેજની જાહેરાત ટૂંક સમયમાંજ સરકાર કરશે. તેમજ છેલ્લા પાંચ વર્ષથી વાતાવરણમાં ફેરફારથી ચોમાસાની પેટર્ન બદલાતા ઉત્તર ગુજરાતના સુકા ગણાતાં જિલ્લાઓમાં વરસાદની માત્રા વધતાં તથા રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં પણ વરસાદ વધતાં ઉપરોક્ત તમામ જિલ્લાઓમાં પૂરની આફતો આવવાની શરૂઆત થઈ છે, ત્યારે આ આફતોના કાયમી નિકાલ માટે વહેણમાં આવતા ગામોને સ્થળાંતરીત કરવા તથા પુર પ્રભાવિત જગ્યાઓમાં સાયફન બનાવી પાણીના વહેણ બદલી આમ પ્રજાને તથા ખેડૂતોને ઓછુ નુકશાન થાય તેવા પ્રકારની યોજનાઓ અમલમાં મુકવામાં આવશે. આજે બીજી ઓગસ્ટે મુખ્યમંત્રીએ પોતાનો જન્મદિન પૂર અસરગ્રસ્તો વચ્ચે વિતાવીને તેઓ કેટલા સંવેદનશીલ છે તે સાબીત કર્યુ છે. રખેવાળ પરિવારે પણ તેઓના જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ડીસા તાલુકાના દામા પાસે બાઈક અને જીપ વચ્ચે અકસ્માતમાં એકનું મોત



ભરત સુંદેશા, નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ ડીસા/વડાવળ

ડીસા તાલુકાના દામા ગામ નજીક ગઈકાલે બપોરના સુમારે પુરબાદ આવતી કમાન્ડર જીપે બાઈક ચાલકને ટક્કર મારતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે એકને ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ ડીસા તાલુકાના દામા નજીક ડીસાથી લાખણી તરફ જતી કમાન્ડર જીપ નં.જીજે૧૭સી ૭૧૮૩ એ આગળ જતા બાઈક નં.જીજે૧ડી આઈ૯૯૨૭ પર સવાર ઠાકોર કલ્પેશભાઈ દશરથજી તથા મુકેશ બળવંતજી ઠાકોરને ટક્કર મારતા ચાલક કલ્પેશભાઈ દશરથજી ઠાકોરને ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. જ્યારે બાઈક ઉપર સવાર મુકેશ બળવંતજી ઠાકોરને ઈજાઓ થવાથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો આ સાથે મૃતકના પિતા દશરથજી સવસીજી ઠાકોરે કમાન્ડર જીપના ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એલ.સી. દેસાઈએ હાથ ધરી હતી.



**સૂર્યોદય - ૬.૧૧ સૂર્યાસ્ત - ૭.૨૦**

## તિથિદર્શન

શ્રાવણ સુદ-૧૦ બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : દશમ બુધવાર નક્ષત્ર : અનુરાધા બપોરે ૩.૧૭ પછી જયેષ્ઠા યોગ: બ્રહ્મ કરણ: વણીજ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### લોભેન બુદ્ધિશ્રાલપતિ લોભો જનયતે હિષામ્ તૃષાર્તો દુખમાપ્રોતિ પરત્રેહ ચ માનવઃ

'લોભથી બુદ્ધિ ચલિત થાય છે. લોભથી તૃષ્ણા- ઈચ્છાઓ પેદા થાય છે. અને લોભ- તૃષ્ણાથી પીડાતો માનવી ભવમાં જ પરાભવ પામે છે.'

માણસમાં લોભવૃત્તિથી બીજા અનેક દોષ પ્રવેશ પામે છે. દા.ત., ધન- પૈસા વાપરવા માટેના લોભને કારણે દાનવૃત્તિ- બીજાને તેના હક્કનું પણ ન આપી નાણાં ભેગાં કરવાનો વિચાર જન્મે છે. આમ, અન્યાય કરવા દુર્ગુણ પણ જન્મે છે, પછી ધન એકત્ર કરવા બીજાના હાથમાંથી છીનવી લેવાની લૂંટવૃત્તિ જન્મે છે. અનીતિ આચરવાથી બુદ્ધિ બગડે છે. લોભને કારણે ઈચ્છા અને અપેક્ષાઓ વધતી રહે છે. અહીંથી માગુ કે ત્યાંથી એકત્ર કરું. નિયમ વિના, ન્યાય વિના બીજાનું પડાવી લેવાની ઈચ્છા- અનીતિ જાગે છે. લોભથી તૃષ્ણા વધે છે. - આમ, પૈસા- ધનની લાલચમાં માણસનું બધી રીતે પતન થાય છે. સદ્ગુણો નાશ પામે છે. આ ભવમાં પરાભવ પામી, ચરિત્રથી ચલિત થઈ બદનામીમાં નાશ પામે છે. કરોડો- અબજોની ખાયકી કરનારા પ્રધાનો- સાહેબો જે રીતે બદનામ થાય છે એ 'જમીન' પર જીવે તોય શું?

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) કોઇ કડવો અનુભવ થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**

**વૃષભ : (બ.વ.ઉ.) આર્થિક લાભ મેળવી શકશો. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.**

**મિથુન : (ક.છ.ઘ.) આનંદદાયક નવિન સમાચાર મળે. કઠીન કાર્યો સરળ બને.**

**કર્ક : (ડ.હ.) માનસિક અશાંતિ અનુભવાય. વાદ-વિવાદથી દૂર રહેવું.**

**સિંહ : (મ.ટ.) સ્વજન સાથે સંઘર્ષ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું હિતાવહ.**

**કન્યા : (પ.ઠ.ણ.) મુસાફરીથી સફળતા મળે. ભારે મહેનત પછી કાર્યમાં સફળતા મળે.**

**તુલા : (ર.ત.) જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. મનમાં વ્યર્થ ચિંતા રહે.**

**વૃશ્ચિક :(ન.ય. ) પડવા વાગવાથી સંભાળવું. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.**

**ધન : (ભ.ફ.ધ.) રોકાયેલા નાણાં છૂટા થાય. કાર્યબોજ વિશેષ રહે.**

**મકર : (ખ.જ.) વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.**

**કુંભ : (ગ.શ.સ.) આરોગ્ય બાબતે સંભાળવું. મનમાં અશાંતિ રહે.**

**મીન : (દ.ચ.જ.થ.) પ્રિયજનથી લાભ મળેવી શકશો. અપેક્ષાઓ ફળતી લાગે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

વિશ્વ વિખ્યાત શોધક સર રિચર્ડ આર્ક રાઈટની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ૨૩-૧૨-૧૭૩૨ ના રોજ ઈંગલેન્ડનાં લેકેશાયર પરગણામા આવેલા પ્રેસ્ટનમાં થયો હતો.

સુતરાઉ કાપડ ઉદ્યોગના વિકાસમાં તેમનો ફાળો ઘણો મહત્વનો છે.

આ મહાન શોધકનું તા. ૩-૮-૧૭૯૨ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ભાજપ સરકાર કોઈ એજન્સીનો દુરપયોગ કરતી નથી : જીતુભાઈ વાઘાણી

ભરત સુંદેશા



ડીસા

બનાસકાંઠામાં પ્રજા પુરથી બેહાલ છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો બેંગ્લોર રીસોર્ટમાં આરામ કરે છે અને જે રીસોર્ટમાં આરામ કરે છે તે રીસોર્ટના માલિક કોંગ્રેસના મંત્રીના ત્યાં સી.બી.આઈ. ના દરોડા પડ્યા તેમાં કેન્દ્ર સરકારનો કોઈ રોલ નથી એમ ડીસા ખાતે પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવેલા ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારોની મુલકાતે આવેલા પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, ડીસા જલારામ હોલ ખાતે કાર્યકર્તાઓની બેઠક યોજી હતી. તેમણે કાર્યકરોને પૂરપીડીત પ્રજાની વહારે જઈ દરેક અસરગ્રસ્તોને રાહત સામગ્રી, સરકારી લાભો વ્યવસ્થિત રીતે મળે તેની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. સરકાર દ્વારા પુરપીડીતોને કેશડોલ્સ ઘરવખરી, કપડાં સહાય, ઈજા અપંગ કે મૃત્યુ અંગેનું વળતર આપવાની કામગીરી ચાલી રહી છે અને મુખ્યમંત્રીની સીધી દેખરેખ નીચે પુનવર્સનની કામગીરી ઝડપથી ચાલી રહી છે.

પ્રદેશ પ્રમુખે કોંગ્રેસના આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. ભાજપ સરકારી એજન્સીનો દુરપયોગ કરતી હોવાની અને બેંગ્લોર રીસોર્ટના માલિકને ત્યાં જાણી જોઈને રેડ કરાઈ હોવાનો સવાલ અંગે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ ભૂતકાળમાં તમામ એજન્સીઓનો ખોટી રીતે દુરપયોગ કરેલો છે એટલે તેમણે એવું જ લાગે છે. બાકી કેન્દ્ર સરકાર કોઈ એજન્સીનો દુરપયોગ કરતી નથી. સી.બી.આઈ. એ સ્વતંત્ર રીતે રીસોર્ટના માલિક શીવકુમારને ત્યા રેડ કરી છે. કોંગ્રેસ પુરપીડીતો વચ્ચે રહી શકી નથી ત્યારે આવા ખોટા નિવેદનો કરી પોતાની સહાનુભૂતિ ઉભી કરવાનો પ્રયાસ કરે છે.

# અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા પુર અસરગ્રસ્ત વિસ્તારોમાં અવિરત સેવા



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદના પગલે પુર આવતા અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ જતાં વ્યાપક પણે માલજાનને નુક્શાન થવા પામ્યુ છે ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંન્તીકુંજ હરીદ્વારના આપદા પ્રબન્ધત વિભાગ હેઠળ ડીસા ગાયત્રી શકક્તિપીઠ પર પુરગ્રસ્ત લોકો માટેના સેવા કેમ્પનુ આયોજન કરી ગુજરાત ઝોનલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજ્યની શક્તિપીઠો અને શાખાઓમાંથી આવેલ વિવિધ દાનનુ પુરથી પ્રભાવિત ગામોમાં જઈ અવિરત પણે વિતરણ કરવામાં આવી રહ્યુ છે. શાંતિકુંજ હરીદ્વારની આપદા પ્રબન્ધતની ટીમ ડીસા ગાયત્રી શક્તીપીઠ પર આવતા તા.૨૭/૭/૨૦૧૭ ને ગુરૂવારથી બનાસકાંઠા જિલ્લાના ૭ તાલુકા **અનુસંધાન પાના નં.૬**

# પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં વીજ કરંટથી યુવકનું મોત



પાલનપુર

પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં ગાયો ચરાવવા ગયેલા એક યુવકને વીજ કરંટ લગતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું. પાલનપુર તાલુકાના કાણોદર ગામ નો ૨૦ વર્ષીય યુવક મયુર પ્રતાપભાઈ પટણી ગાયો ચરાવવા ગયો હતો. દરમિયાન, ભારે વરસાદને પગલે નીચે તૂટી પડેલા વીજ વાયરથી કરંટ લાગ્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. જોકે, જી.ઈ.બી.ની લાપરવાહીને પગલે એક નિર્દોષ માનવ જિંદગી હોમાઈ ગઈ હોવાની ચર્ચા વચ્ચે લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

# દીઓદરમાં જુગાર રમતા ઝડપાયા

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ.શ્રી આર.શ્રી.વાધિયા તથા સ્ટાફના માણસો દીઓદર પોલીસ સ્ટેશન ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ હકીકતના આધારે દીઓદર ગણપતિ મંદિર વિસ્તારમાં મુસ્તુફાભાઈ ગફુરભાઈ કુંભારના ઘર આગળ જુગાર રમતા જગદીશભાઈ ઉકજી રાઠોડ (રહે.રામાપીર મંદિર દીઓદર), મુસ્તુફાભાઈ ગફુરભાઈ કુંભાર (રહે.ગણપતિ મંદિર વિસ્તાર દીઓદર), મનોજકુમાર ઉર્ફે નિલેષકુમાર નાનાલાલ શાહ (રહે.પૂર્ણિમા સોસાયટી દીઓદર), અશોકભાઈ શામજીભાઈ ચૌહાણ (રહે.રામાપીરના મંદિરની પાછળ દીઓદર)જાહેરમાં ગંજીપાના વડે હાર જીતનો જુગાર રમી જુગાર રમતા ગંજીપાના રોકડ રકમ રૂ.૩૮૦૦/- સાથે મજકુર તહોદારોને પકડી તેની વિરૂધ્ધ જુગાર ધારા એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



ધાનેરામાં પુર ગ્રસ્તો માટે જમવાનું મળી રહે તે હેતુથી રાજકોટના શ્રી રણછોડ દાસજી બાપુ આશ્રમ, શ્રી સદગુરૂ રાહત ટ્રસ્ટ અને ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલના સહયોગથી કલાકની બે હજાર રોટલી બની શકે તેવા મશીન મુકવામાં આવ્યા છે. (એન.કે.મોદી)

# પાલનપુરમાં શ્રાવણિયો જુગાર રમતા આઠ ઝડપાયા

### રોકડ અને મોબાઈલ મળી રૂા.૯૫,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત



સંજય જોષી

પાલનપુર

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે ઉમીયા ફાર્મ હાઉસમાં આકસ્મિક દરોડો પાડી શ્રાવણિયો જુગાર રમતા આઠ શખ્સોને ઝડપી પાડ્યા હતા.પોલીસે તેમની પાસેથી રોકડા રૂા.૬૯,૪૦૦ સહીત કુલ રૂા.૯૫,૯૦૦ નો મુદ્દામાલ પણ કબજે લીધો હતો.

જિલ્લામાં મુખ્યમંત્રીની હાજરીને લઈ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી પી.આઈ. જે.ડી.મેવાડા ડી સ્ટાફ સાથે રાત્રિ ઉપર પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પાલનપુરથી ગઠામણ જતા રોડ ઉપર આવેલ ઉમિયા ફાર્મ હાઉસમાં વોચમેનની ઓરડીમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી.તેથી પોલીસે આકસ્મિક દરોડો પાડી જુગાર રમતા આઠ શખ્સોને રંગેહાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂા.૬૯,૪૦૦, સાત મોબાઈલ (કિંમત રૂા.૨૬,૫૦૦) મળી કુલ રૂા.૯૫, ૯૦૦ કબ્જે લઈ તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**પકડાયેલ જુગારીયા**

જાહીદખાન કરીમભાઈ રાઠોડ (રહે.પાલનપુર જામપુરા મસ્જીદ પાસે), અમીતકુમાર જગદીશભાઈ પ્રજાપતિ (રહે.પાલનપુર ગ્રણબત્તી બહાદુર ગંજ), જેહુલકુમાર લક્ષ્મણદાસ ગેહલોત (માળી) (રહે.પાલનપુર ગુરૂનાનક ચોક સરદાર સોસાયટી), કલ્પેશકુમાર લક્ષ્મણભાઈ પ્રજાપતિ (રહે.ચડોતર ખરસાણવાસ તા.પાલનપુર), ભાવેશકુમાર ડાયાલાલ પરમાર (રહે.પાલનપુર આકેસણ રોડ સુરજપાર્ક સોસાયટી), સંદીપકુમાર લક્ષ્મણભાઈ રાવલ (રહે.પાલનપુર હનુમાન ટેકરી એંગોલા રોડ સુંદરવન સોસા મ.ન.૭), હાદીકકુમાર પરમાનંદ સીન્ધી (રહે.પાલનપુર કોલેજ કંપાઉન્ડ આરોગ્યધામ પાછળ), પ્રગ્નેશકુમાર મનહરભાઈ સોની(રહે.પાલનપુર ઢુંઢીયાવાડી સમર્પણ ફ્લેટ પાણીની ટાંકી પાસે પાલનપુર).

# જુનાડીસામાં વહેતી નદીનો નજારો



વિનોદ બાંડીવાલા

બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે અનરાધાર વરસાદ અને ઉપરવાસમાં ભારે વરસાદના કારણે દાંતીવાડા અને સિપુ ડેમ છલકાયા છે. જેનું પાણી બનાસ નદીમાં છોડવામાં આવ્યું છે. તેથી વર્ષો બાદ બનાસ નદી જીવંત બની બે કાંઠે વહેવા લાગી છે. ત્યારે નદી કાંઠાના ગામોમાં વહેતી નદી જોવા લોકોના ટોળેટોળાં ઉમટી રહ્યાં છે. તેથી ડીસા નજીકના જુનાડીસા ગામે વહેતી બનાસ નદીમાં ન્હાવા માટે અબાલ- વૃધ્ધ ઉમટી પડે છે. તેથી નદીકાંઠો હર્યોભર્યો બની જતા વિશ્વેશ્વરની યાદ તાજી થઈ ઉઠી છે.

# ડીસા અને પુર અસરગ્રસ્ત ગામોમાં રોગચાળો અટકાવવા સઘન પગલાં

ડીસા

આરોગ્ય કમિશ્નર તથા વિભાગીય નાયબ નિયામક અને જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન પ્રમાણે હાલમાં થયેલ ભારે વરસાદ તથા અતિવૃષ્ટિ પૂરના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને પાણીજન્ય તથા વાહક જન્ય રોગચાળો ના થાય તે માટે અટકાયતી પગલાં લેવા માટે ગત તા. ૨૭/૦૭/૨૦૧૭ ના બરોડા ડી.એમ.ઓ. સાથેની ટીમ દ્વારા શહેરી વિસ્તાર ડીસામાં તેમજ ગ્રામ કક્ષાએ આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવેલ. જેમાં મચ્છર ઉત્પતિ સ્થાનો અટકાવવાં, એન્ટીલાર્વલ કામગીરી તેમજ પાણીજન્ય તેમજ રોગચાળો ના થાય તે માટે ક્લોરીન ટેબ્લેટનું વિતરણ તેમજ ઝાડા જેવા કેસો માટે ઓ.આર.એસ.ની વ્યવસ્થા વધુમાં જરૂર જણાય તો સબડીસ્ટ્રીક હોસ્પિટલ ડીસા તેમજ નજીકમાં પ્રા.આ.કેન્દ્ર કક્ષાએ સારવારની ઉપલબ્ધિ સાથે તમામ પ્રકારે આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરી પાણીજન્ય, વાહકજન્ય રોગચાળો અટકાવવા માટે સઘન ટીમવર્ક દ્વારા કામગીરી કરવામાં આવેલ. વધુમાં નગરપાલિકા પ્રમુખ તથા ચીફ ઓફિસર ડીસાને મળી નગરપાલિકા તેમજ ગ્રામ પંચાયતના સહયોગ થકી ગંદકી બાબતમાં સફાઈ તેમજ દવા છંટકાવ અને પાણીના સ્ત્રોતમાં ક્લોરીનયુક્ત પાણી લોકોને મળી રહે તેવી વ્યવસ્થા હાથ ધરવામાં આવી. વધુમાં નગરજનોનાં ધાબાના સ્થળે પડી રહેલ ટાયરો, ખુલ્લાં ડબ્બાં તેમજ બિનજરૂરી વાસણોનો નિકાલ કરવામાં આવ્યો. જેથી મચ્છરજન્ય રોગચાળો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા રોગોથી બચી શકાય તથા આરોગ્યના સ્ટાફ દ્વારા લોકોને પાણીજન્ય અને વાહકજન્ય રોગોની જાણકારી આપવામાં આવી.

# ડીસા જી.આઈ.ડી.સી.થી ઢુવા તરફનો માર્ગ બિસ્માર



ડીસા જીઆઈડીસીથી ઢુવા ગામ તરફ જવાના માર્ગ ઉપર તાજેતરમાં જ બનાવેલ નાળામાં વરસાદના કારણે મોટા ગાબડા પડી ગયા છે. જેથી ડીસાથી ઢુવા- ધરપડા, આસેડા રૂટના ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આ નાળાની કામગીરીમાં વ્યાપક ગેરરીતિ આચરાઈ હોવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા તેની તપાસ કરી તાત્કાલિક સમારકામ થાય તેવી માંગ છે. (ચેતન શ્રીમાળી)

# બેંક ઓફ બરોડા મેનેજરનું સન્માન



ડીસા

પ્રગતિ અભિવાદન ગૃપ - તથા કલાસૃષ્ટિ ફાઉન્ડેશન - ડીસા દ્વારા બેંક ઓફ બરોડા ડીસા શાખાનો ૧૧૦ માં વર્ષમાં મંગલપ્રવેશ થયો. જે અનુલક્ષીને ચંદુભાઈ એ.ટી.ડી. તથા લલિતભાઈ દોશી દ્વારા બેંક ઓફ બરોડાના મેનેજર સીપાલ મીના તથા સ્ટાફ પરિવાર અમરજીતસીંગ, રજનીકાન્ત મોઢ, અનીષભાઈ, નિર્મલસિંહ ઠાકોર તથા વિશાલભાઈ પટેલ પરિવારનું પુષ્પગુચ્છ તથા શુભેચ્છા સંદેશો આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે મેનેજર સીપાલ મીનાએ કહ્યું કે આપે અમારું નહી પણ આપે બરોડા બેંક શાખાઓનું સન્માન કરી અનોખુ કાર્ય કરેલ છે. જે આનંદની વાત છે. અમારી બેંક હજુ પણ પ્રજાલક્ષી સુંદર કાર્યો કરી પ્રેરણારૂપ બનશે.

# ધુણસોલમાં રાહત ફંડમાં ચેક આપ્યો



લાખણી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગઈકાલે પૂરગ્રસ્ત લાખણી તાલુકાના ધુણસોલ ગામની મુલાકાત લીધી હતી. ત્યારે તેમને સંઘ, કિસાન સંઘ અને વેપારી અગ્રણી રવજીભાઈ ચૌધરીએ રૂા. ૫૦૦૦ નો ચેક મુખ્યમંત્રીના રાહત ફંડમાં એનાયત કર્યો હતો.

# રામપુરાના પુરપીડિતોને સહાય ચુકવાઈ



ડીસા તાલુકામાં આવેલા વિનાશકારી પૂરમાં રામપુરા ગામના રાવળ રવાભાઈ લક્ષ્મણભાઈનું ઘર પાણીમાં તણાઈ ગયુ હતું. આથી તેઓ નોંધારા બની ગયા હતા. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સુચનાથી ગામના સરપંચ કેશાજી નથાજી જાટ તથા તલાટી નાયક સાથે રહી પોલીસ બંદોબસ્ત વચ્ચે રવાભાઈને કેશડોલ્સ (સહાય) ચુકવવામાં આવી હતી.

(મહેન્દ્ર શાહ)

# ઉત્તમ પૂજા



એક જંગલમાં એક અતિ પ્રાચીન શિવમંદિર હતું. ત્યાં તે વિસ્તારનો જે રાજા હતો તે દરરોજ શિવલિંગની પૂજા કરવા આવતો. તે ભક્તિયુક્ત થઈને વિવિધ પ્રકારના સુગંધિત પુષ્પો અને પૂજાની સામગ્રી પોતાના દિવ્ય રથમાં લાવી નિયમિત નિર્મળ જળ અને સુગંધિત પુષ્પો વડે શિવપૂજન કરતો.

આ વિસ્તારમાં ભીલ જાતિનો કઠીયારો પણ રહેતો હતો. તેને પણ આ શિવ મંદિર અને તેમાં બિરાજતા શિવલિંગ પર અપાર શ્રધ્ધા હતી. તેની પાસે કોઈ વાસણ ન હતું તેથી પાસેની નદીમાંથી ખોબા ભરી જળ લાવી અને શિવલિંગ પર ચડાવતો. તે ઉપરાંત જંગલમાં આસપાસ ઉગેલા છોડ પરથી ફૂલ વગેરે લાવી શિવલિંગ પર ચડાવતો. રાજા અને ભીલ જાતિનો કઠીયારો બન્નેય પોતાની શ્રધ્ધા અને ભક્તિ પ્રમાણે શિવજીની પૂજા કરતા હતા. આ બન્નેયની નિયમિત રીતે પૂજા થતી જોઈ એકવાર પ્રાતઃકાળે માતા પાર્વતિજીએ શિવજીને ઉદ્દેશીને એક પ્રશ્ન કર્યો, " હે નાથ ! છેલ્લા કેટલાક સમયથી એક રાજા અને એક ભીલ જાતિનો કઠીયારો નિયમિત રીતે શ્રધ્ધા-ભક્તિ સાથે તમારી ઉત્તમ પ્રકારે પૂજા કરે છે. હવે મને પ્રશ્ને એ થાય છે કે, આ બન્નેયમાંથી ઉત્તમ પૂજા ખરેખર કોની ગણાય ?"

શિવજીએ પાર્વતિજીની મૂંઝવણ દૂર કરતાં તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું, "હે દેવી ! તમારા આ પ્રશ્નનો જવાબ તમને આવતી કાલે અવશ્ય મળી જશે."

બીજા દિવસે સવારે હંમેશની જેમ જ ભીલ જાતિનો કઠીયારો શિવજીની પૂજા કરવા માટે નીકળ્યો. આ સમયે વરસાદ પડવાનો શરૂ થઈ ગયો હતો. આકાશમાં વિજળી ચમકારા મારી રહી હતી. વાદળ ગરજવાનો ભયંકર અવાજ પણ આવી રહ્યો હતો. આવા ભયંકર વાતાવરણ વચ્ચે પણ શિવપૂજન કરવા નીકળ્યો ભીલ જાતિનો કઠીયારો. પોતાના રોજના નિયમ મુજબ શિવજીને જળાભિષેક કરવા લાગ્યો. તે શિવ મંદિરમાં હતો ત્યાં જ વિજળી શિવ મંદિર પર ત્રાટકી. મંદિરની છત તૂટી ગઈ. શિવ મંદિરમાં રહેલા ભીલ જાતિના કઠીયારાએ વિચાર કર્યો, મંદિરનો કાટમાળ શિવલિંગ પર પડે તો તેમને ઈજા થાય તેથી તેણે પોતાના શરીર વડે શિવલિંગને ઢાંકી દીધું. તેણે પોતાની પીઠ ઉપર, ઉપરથી પડતો કાટમાળ ઝીલી લીધો.

બીજી બાજુ બરાબર આ જ સમયે રાજા સુગંધિત ફૂલો અને શુદ્ધ જળ લઈને શિવ મંદિર પાસે આવ્યો પરંતુ મંદિર તૂટી પડેલું છે તે જોઈ એ ત્યાંથી જ પાછો વળી ગયો. તે પોતાના રાજમહેલ પરત ગયો. જ્યારે ભીલ જાતિના કઠીયારાએ જ્યારે વાતાવરણ શાંત થયું ત્યારે મંદિરમાંથી સફાઈ કરી ફરી ખોબે-ખોબે શિવલિંગ પર જળાભિષેક કરી ખુશ્બુદાર ફૂલો શિવલિંગ પર ચડાવ્યા. પોતાને થયેલ ઈજાની પણ તેણે પરવા ન કરી.

ત્યારે હસતાં-હસતાં શિવજીએ પાર્વતિજીને સંબોધીને કહ્યું, "દેવી, ગઈ કાલે તમે જે પ્રશ્ન મને પૂછેલો તેનો જવાબ તમને મળી ગયો ?"

**- કનકચંદ્ર સી. વ્યાસ**

# ફેસબુકના માધ્યમથી અમેરીકાથી ૪૦૦ પુરપીડિત પરિવારોને સહાય

**પાલનપુરના પ્રણવ મિસ્ત્રી એ સદભાવના ગ્રુપને ૪૦૦ પુરપીડિત પરિવારોને મદદ કરવા તાડપત્રી મોકલી યુવાનો દ્વારા ૧૦૦૦ પરિવારોને સહાય કરવામાં આવશે**



પાલનપુર

બનાસકાંઠા માં જ્યારે કુદરતે પુર સ્વરૂપે કહેર વર્તાવ્યું છે ત્યારે યુવાનોમાં સેવાની ભાવના જાગે અને પોતાની શક્તિનો સદુપયોગ કરે એ હેતુથી સદભાવના ગ્રુપ દ્વારા સોશિયલ મીડિયાના સદુપયોગ થકી એક અભિયાન ઉપાડ્યું છે.યુવાનો ફેસબુક વોટ્સપને દિવસમાં કલ્લાકો ના કલ્લાકો આપતા હોય છે ત્યારે આ સોશિયલ મીડિયાના માધ્યમથી પુર પીડિતોને સહાય પહોચાડવાનું કામ યુવાનો દ્વારા ઝડપી થાય એ આશયથી ફેસબુક,ટ્વીટર પર અભિયાન ચલાવતા અનેક પરિવારો ને સહાય મળી છે.

આ અભિયાનના ભાગરૂપે ફેસબુક પર અપીલના સમર્થનમાં ગુજરાત અને દેશભરમાંથી ફૂડપેકેટ બનાસકાંઠા માં મોકલાવ્યા.ત્યાર બાદ મૂળ પાલનપુરી અને લેખક એવા સંજય ત્રિવેદીએ આમીરખાન થી માંડી પરેશ રાવલ જેવા નામચીન કલાકારો ના બનાસકાંઠા ની જનતા ને મદદ કરવા લોકોને અપીલ કરતા વિડીયો સંદેશ લેવડાવી સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોમાં ફરતા કર્યા.

ફૂડપેકેટ ની જરૂરિયાત પુરના ૭ દિવસ વીત્યાબાદ ઓછી થતા લોકોની તાતી જરૂરિયાત એટલે કે જે લોકો બેઘર થયા છે જમની છત કુદરતે છીનવી લીધી છે એવા ૧૦૦૦ (એક હજાર)પરિવારોને છત એટલે કે તાડપત્રી મળી રહે એ માટેનું અભિયાન સદભાવના ગ્રુપ દ્વારા ઉપાડવામાં આવ્યું છે ત્યારે.ફેબુકના માધ્યમથી આ અપીલના સમર્થનમાં મૂળ પાલનપુરના અને હાલ અમેરિકા સ્થિત શ્રી પ્રણવ મિસ્ત્રી એ ૪૦૦ પરિવારોને તાડપત્રી રૂપે સીધી મદદ પાલનપુર સદભાવના ગ્રુપના હરેશ ચૌધરીને મોકલિ છે. આગામી દિવસોમાં જીલ્લા ભાજપ યુવા-મોર્ચો અને સદભાવના ગ્રુપના સહયોગથી આવા ૧૦૦૦ (એક હજાર) પરિવારોને જાતે જઈ તાડપત્રીનું વિતરણ કરવામાં આવશે.

# જેનાલ - વરણ ગામમાં પૂરને કારણે વ્યાપક તારાજી



ડીસા તાલુકાના જેનાલ- વરણ ગામમાં પૂરના કારણે વ્યાપક પ્રમાણમાં તારાજી સર્જાઈ છે. જેમાં ભીલડી- સમદડી રેલ્વે લાઈન ઉપર જેનાલ રેલ્વે સ્ટેશનથી અડધા કિ.મી.ના અંતરે રેલ્વે ટ્રેક ધોવાયો છે. તેમજ આસપાસના ખેતરોમાં પાણી ફરી વળતાં ખેતી પાક ધોવાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. અનેક પશુઓ મૃત્યુ પામ્યા છે. ત્યારે સરકાર દ્વારા યોગ્ય સર્વે કરાવી વળતર- સહાય ચૂકવાય તેવી માંગ છે. - બી.ટી.દરબાર

# ખેતી તથા જમીન ધોવાણના નુક્સાનનું વળતર સત્વરે ચુકવાશે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

**મહેસૂલ મંત્રીએ બીજા દિવસે અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી**



ડીસા

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના પુરગ્રસ્ત વિસ્તારોની ગઈકાલે મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુલાકાત લઈને અસરગ્રસ્ત પરિવારોને એવો સ્પષ્ટ દિલાસો આપ્યો હતો. કે જમીન ધોવાણ ખેતીને નુક્શાન અને પશુ મૃત્યુ સહાય સહિત મળવાપાત્ર તમામ રાહત સહાય અસરગ્રસ્તોને ચુકવાશે. ખેતી અને જમીનના નુક્શાનના સરવેની કામગીરી પણ થઈ રહી છે જ્યારે અનેક ગામોમાં અસરગ્રસ્તોને કેશડોલ્સની ચૂકવણી પણ થઈ ગઈ છે. આ મુલાકાત દરમિયાન ગ્રામજનોએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચાલી રહેલા રાહત કાર્ય અંગે પણ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકાના રૂની ગામના જૈનતીર્થ ધામમાં પૂરના પાણી ફરી વળતાં વ્યાપક નુકશાન




પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકામાં આવેલ રૂની ગામમાં બનાસ નદીના ઘસમસતા પુરના પાણી ફરી વળતા મોટુ નુકશાન થવા પામ્યુ છે.તેમાં ખેડૂતોને જમીન ધોવાણ થયું છે.અને પશુઓ પણ મોતને ભેટ્યા છે.ત્યારે જૈન સમાજના, અગ્રણી હર્ષદભાઈ શાહે જણાવ્યું કે અતિવૃષ્ટિના કારણે બનાસનદીમાં ભયંકર પુર આવતા નદીના પાણી

અનુસંધાન પાના નં.૬

# પાલડી ગ્રામ પંચાયત દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું




પ્રતિનિધિ ભીલડી

પાટણ-ભીલડી વચ્ચે રેલ્વે લાઈનનું કામ ચાલી રહ્યું છે.જેમાં ડીસા તાલુકાના પાલડી ગામ પાસે બનાવેલ આઠ ફુટ ઉંડું નાળુ ચોમાસામાં પાણીથી ભરાઈ જવાથી આ નાળામાંથી પસાર થઈ શકાતું નથી.પાલડી-રામવાસનો સંપર્ક બંધ થઈ જાય છે.તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે આ નાળામાં ૮ ફુટ પાણી ભરાઈ જતાં ભીલડી-પાલડીનો સંપર્ક તુટી ગયો હતો.

પાલડી સરપંચ બાબુભાઈ ચૌહાણ, ઉપસરપંચ ધારસીંજી વાઘાજી ઠાકોર, પ્રતાપભાઈ ચૌહાણ, પરબતભાઈ ચૌહાણ, વિનાજી ઠાકોર વગેરે પ્રતિનિધિ મંડળે પાલનપુર કલેક્ટર દિલીપ રાણાને પાણીનો કાયમી નિકાલ માટે આવેદનપત્ર આપ્યું હતું જોકે કલેક્ટર દિલીપરાણા એ ઘટતું કરવાની હૈયા ધારણા આપી હતી.

# કાંકેરજ તાલુકામાં ભાજપ પ્રદેશ પ્રમુખના હસ્તે ધનવંતરી રથનું પ્રસ્થાન



પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં આવેલ ભયંકર પુર પછી ધીરે ધીરે પરિસ્થિતિ થાળે પડવા લાગી છે. પરંતુ બીજી તરફ રોગચાળાની ભીતી પણ સામે દેખાવા લાગી છે ત્યારે લોકોને આરોગ્યની સેવા મળી રહે તે માટે ગામે ગામ જઈને આરોગ્યની સેવા આપવા માટે રાજ્ય સરકારના ગુ-જરાત રાજ્ય મકાન - બાંધકામ વેલફેર બોર્ડ દ્વારા

ધનવંતરી રથનું આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલે થરા ખાતે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, બોર્ડના ડીરેક્ટર શશીકાન્તભાઈ પંડ્યાએ લીલીઝંડી આપી ધનવંતરી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.તેમની સાથે જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ સોઢા, ભારતસિંહ ભટેસરીયા (જીલ્લા મહામંત્રી) , અણદાભાઈ પટેલ (થરા એ.પી.એમ.સી. ચેરમેન), માવજીભાઈ દેસાઈ (ડીસા એ.પી. એમ.સી. ચેરમેન) અમૃતભાઈ દેસાઈ(ગઢ), ફલજીભાઈ ચૌધરી (પ્રદેશ કિશાન મો.મહામંત્રી) ડાયભાઈ પીલીયાતર, ઈશ્વરભાઈ પટેલ, માવજીભાઈ દેસાઈ, કિશોર પ્રજાપતિ, હિતેશભાઈ ચૌધરી (પૂર્વ જિલ્લા મહામંત્રી) વગેરે હાજર રહ્યા હતા.

# પાલનપુરની મહાજન હોસ્પિટલ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારના દર્દીઓ માટે વિનામૂલ્યે તબીબી સેવા

## દર્દીઓની તપાસ, દવા તેમજ રહેવા જમવા સુધીની તમામ સેવા નિઃશુલ્ક

ડીસા

બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં પૂરના પ્રકોપે ભારે તારાજી સર્જી છે. જેથી સરકાર સહિત રાજયભરની સેવાભાવી સંસ્થાઓ પુર અસરગ્રસ્તોના વ્હારે આવી છે. ત્યારે પાલનપુર દિલ્હીગેટ સ્થિત મહાજન હોસ્પિટલ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોના દર્દીઓને તમામ પ્રકારની તબીબી સેવા વિના મૂલ્યે આપવામાં આવી રહી છે. ટ્રસ્ટની આ સરાહનીય કામગીરી પ્રશંસાપાત્ર બની છે.

બનાસકાંઠા, પાટણ તેમજ દક્ષિણ રાજસ્થાનમાં અતિભારે વરસાદના કારણે વિનાશકારી પૂર આવતાં વ્યાપક પ્રમાણમાં ખુવારી સર્જાઈ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને પાંચથી દસ દિવસ સુધી પાણીમાં રહેવાની નોબત આવી હતી. જેથી બિમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

ત્યારે પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ ઝવેરી મંગળજી વિમળશી ડિસ્પેન્સરી સંચાલિત એલ.એસ.પરીખ તથા સી.એલ.પરીખ ચેરીટેબલ ટ્રસ્ટની મહાજન હોસ્પિટલ પૂર પીડીતોની વ્હારે આવી છે. હોસ્પિટલના ટ્રસ્ટી મંડળ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોના તમામ દર્દીઓને વિના મૂલ્યે તબીબી સેવા પુરી પાડવાનો નિર્ણય કરાયો છે. જેમાં હોસ્પિટલના ડૉ.અમરીશ પંચાસરા (એમ.ડી.મેડીસીન) , ડો.દિનેશ ડામોર (એમ.ડી. મેડીસીન), તથા ડો.રમેશ પટેલ (ઓર્થોપેડીક સર્જન) સહિત ૫૦ થી ૬૦ માણસો નો સ્ટાફ તૈનાત કરાયો છે. બનાસકાંઠા પાટણ અને રાજસ્થાન સહિત તમામ પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં રૂબરૂ જઈ અથવા હોસ્પિટલમાં આ વિસ્તારોમાંથી આવનાર દર્દીઓની નિઃશુલ્ક તપાસ જરૂરીયાત પ્રમાણે એક્ષરે, સોનોગ્રાફી લેબોરેટરી કરી દવા આપવામાં આવે છે. જો કોઈ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરીયાત લાગે તો તેની તબિયતમાં સુધારો થાય ત્યાં સુધી હોસ્પિટલમાં દાખલ કરી જમવાનું પણ નિઃશુલ્ક આપવામા આવે છે.

આમ કોઈ પણ પ્રકારની તબીબી સારવાર કે દવા માટે કોઈપણ જાતનો ચાર્જ લેવામાં આવતો નથી. હાલમાં પૂરગ્રસ્ત વિસ્તારના ૧૦ થી ૧૨ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.

# ડીસા માર્કેટયાર્ડ દ્વારા ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં આરોગ્યલક્ષી સેવાનો પ્રારંભ



ડીસા

ડીસા માર્કેટયાર્ડ દ્વારા ધાનેરા તાલુકાના પુરગ્રસ્ત વિસ્તારોમાં એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં છેલ્લા ત્રણ દિવસથી ધાનેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના પુરગ્રસ્ત વિસ્તારોમાં ફ્રી નિદાન અને સારવાર સહિતની આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લા તેમજ ઉપરવાસમાં પડેલ ભારે વરસાદના કારણે બનાસકાંઠા જિલ્લામાં પુરની પરિસ્થિતિ સર્જાવા પામી છે. ત્યારે ધાનેરા શહેર અને તાલુકાના મોટાભાગના ગામો તેમજ દાંતીવાડા તાલુકાના કેટલાક ગામો પુરના ભોગ બન્યા છે. જેથી સરકારી તંત્રની સાથે સાથે સહકારી અને સેવાભાવી સંસ્થાઓ પણ સેવાકાર્યમાં જોડાઈ છે. જેના ભાગરૂપે ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકાના

અનુસંધાન પાના નં.૬

# ઈસ્કોન ગ્રૂપના પ્રવિણભાઈ કોટકે ડીસા જલારામ મંદિરના સેવા કેમ્પની મુલાકાત લીધી



ડીસા જલારામ મંદિર ખાતે ઈસ્કોન ગ્રૃપના ચેરમેન પ્રવિણભાઈ કોટકે મુલાકાત લઈ પૂરપિડીતો માટે ચાલતા સેવા રાહત કાર્યને બિરદાવી તેમના હસ્તે પૂર અસરગ્રસ્તોને ધાબળા અને વાસણની કીટ આપી હતી.

# દીઓદર પ્રાંત કચેરી ખાતે લાખણી અને દીઓદર તાલુકાના અધિકારીઓની બેઠક યોજાઈ




તાલુકા પ્રતિનીધી દીઓદર

આજરોજ દીઓદર પ્રાંત કચેરી ખાતે લાખણી અને દીઓદર તાલુકાના તમામ અધિકારીશ્રીઓની એક બેઠક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયેલ.જેમાં દીઓદર પ્રાંત કચેરી અને લાખણી ખાતે મામલતદાર ચેરી ખાતે અતિવૃષ્ટિ સર્વે અને સહાયની કામગીરી સાથે સંકળાયેલ મહેસુલ, પંચાયત, જમીન,પશુ પાલન, ખેતી, વીજળી, શિક્ષણ, આરોગ્ય,પાણી પુરવઠા, સિંચાઈ, માર્ગ અને મકાન, વન વિગેરે ખાતાના અધિકારીઓ સાથે બેઠક યોજી અને સર્વે અને સહાયની કામગીરીની સમીક્ષા કરી હતી.તેમજ આ કામગીરી બાબતેના સરકારશ્રીના અભિગમથી તમામને અવગત કર્યા હતા તથા કામગીરી બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાચું અને પુરુ સર્વે કરવા અને અસરગ્રસ્ત કોઈ લાભાર્થી રહી ન જાય તેની તકેદારી રાખવા અનુરોધ

અનુસંધાન પાના નં.૬

# વડગામના નવિસૈંધણી ગામે વિરપ્પન ટોળકી ત્રાટકી

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના નવિસેંધણી ગામે મંગળવાર રાત્રે ગામની સીમના ખેતરોમાં ચંદન તસ્કર ગેંગ એટલે કે વિરપ્પન ગેંગ ત્રાટકી હતી અને ચંદનના ઊભા કિંમતી વૃક્ષો ઉઠાવી જતાં અંદાજે રૂા બે લાખની ચોરી થઈ હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું આ અંગે ડે.સરપંચ રમેશભાઈ ચૌધરી અને યુવા સમાજીક કાર્યકર લાલજીભાઈ ચૌધરીએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ નવિસંધણી સીમમાં આવેલ સર્વે નંબરના હીરાભાઈ પચાંણભાઈ ચૌધરી, રઘનાથભાઈ

અનુસંધાન પાના નં.૬

# પૂર પ્રકોપના કારણે વાવ અને સૂઈગામ પંથકમાં ચોમાસું-શિયાળુ પાક નિષ્ફળ




**વાવ અને સૂઈગામ પંથકના ગામોમાં હજુપણ પાણી પ્રવાહ ચાલુ છે : વાવના ટડાવ ગામમાં ગદકીનું સામ્રાજ્ય છવાયું**

તા.પ્રતિનિધિ વાવ

જુલાઈ ૨૦૧૫માં સૂઈગામ અને વાવ પંથકમાં આવેલા વિનાશક પુરની જેમ જુલાઈ ૨૦૧૭ માં ફરી વિનાશક પુર આવતાં વાવ અને સૂઈગામ પંથકના કેટલાય ગામો અતિવૃષ્ટિના ભોગ બની ચુક્યા છે.છેલ્લા ૧૦ દિવસથી પાણીનો પ્રવાહ હજુ ચાલુ છે.અને પુરગ્રસ્ત ગામોમાં અને ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા છે જો કે આ બાબતની ગંભીર નોંધ લઈ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગતરોજ તા.૨/૦૮/૨૦૧૭ ના રોજ સૂઈગામ તાલુકાના કાણોઠી અને વાવ તાલુકાના નાળોદર ગામની રૂબરૂ મુલાકાત લીધી હતી.

સૂઈગામ તાલુકાના મમાણા, કોરેઠી, કાંણોઠી, ભરડવા, જલોયા ગામોની અમારા પ્રતિનિધિ રૂબરૂ મુલાકાત લેતાં આ ગામોમાં પાણીના ભરાવાના લીધે વાહનવ્યવહાર ખોરંભે ચડી ગયો છે.વધુમાં ખેતરોમાં પાણીના ભરાવાના લીધે ચોમાસુ પાક

અનુસંધાન પાના નં.૬

# વિજકરંટ લાગવાથી આસોદરના યુવકનું મોત

(પ્રતિ.) થરાદ

પોલીસ સુત્રોએ જણાવ્યું હતુંકે થરાદ તાલુકાના આસોદર ગામના બળવંતભાઇ વજેસીભાઇ પટેલના રહેણાંકે ગત રવિવારની સાંજના સાડાસાત વાગ્યાના સુમારે લાઈટ બંધ હતી.આથી વાયર ઢીલો હશે એમ માનીને ધોકા વડે વાયરને હલાવવા માટે ચડ્યો હતો.દરમ્યાન ધોકો ભીનો હોવાના કારણે વીજકરંટ લાગવાના કારણે તે નીચે પટકાતાં ગંભીર ઈજાના કારણે બળવંતભાઇ ઉ.વ.૩૬નું મોત નિપજ્યું હતું.આ બનાવના તેમના પિતરાઇ ભાવાભાઇ માધાભાઇ પટેલે થરાદ પોલીસમથકમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોત રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

# પ્રદેશ ભાજપ પ્રમુખે કાંકરેજના પૂરગ્રસ્તોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી




પ્રતિ. થરા

પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી તેમજ મહામંત્રી કે.સી.પટેલે ગતરોજ કાંકરેજ તાલુકાના અસરગ્રસ્ત લોકોની મુલાકાત લીધી હતી. એક જ પરિવારના ૧૫ સભ્યોને ગુમાવનાર ખારીયા ગામના પરિવારને મળીને સાંત્વના પાઠવી હતી. સરકાર દ્વારા તમામ સહાય આપવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ વાળીનાથ

અનુસંધાન પાના નં.૬

# દીઓદર પંથકમાં દશામાના વ્રતની રંગે ચંગે ઉજવણી




તાલુકા પ્રતિનિધિ દીઓદર

શ્રાવણ મહીનો શરૂ થતાંની સાથે જ વિવિધ તહેવારોની ઉજવણી તેમજ માતાઓના વિવિધ વ્રતોની ઉજવણીઓ થતી હોય છે. જેમાં દશામાના વ્રતની પણ અનેરૂ મહત્વ હોય છે.આ સાલે દીઓદરમાં અમાસના દિવસથી શરૂ થયેલ દશામાના વ્રતની મહીલાઓએ માતાજીની સ્થાપના કરી નવ દિવસ ઉપવાસ કરી વ્રત કરેલ જે વ્રત ગઈકાલે ૧૦ દિવસે પૂર્થ થતાં ઠેર - ઠેર રાત્રી જાગરણ યોજાયેલ તેમજ દીઓદર તેમજ અનેક જગ્યાઓએ મોડી રાત સુધી રાસ ગરબાની રમઝટો જામેલ.રાત્રી જાગરણમાં મહીલાઓએ આખી રાત જાગરણ કરી રાત્રી દરમ્યાન માતાજીની આરતી તેમજ માતજીના ગુણલા ગાઈ બીજા દિવસે સવારે શુભ ચોઘડીયે માતાજીની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરવામાં આવેલ.આ પ્રસંગે વ્રત ધારી મહીલાઓએ હોંશભેર રંગે ચંગે વ્રતની ઉજવણી કરી માતાજીને વિદાય આપેલ.બહુ જ મોટી સંખ્યામાં મહીલાઓ આ વ્રત કરતી હોવાથી મહીલાઓની ઈચ્છા માતાજી પુરી કરતા હોવાનું જણાવેલ.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - વાવ

જાહેર નિવિદા

આથી જાહેરાત આપવામાં આવે છે કે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-વાવ ને સબયાર્ડ માટે વાવ તાલુકાના તીર્થગામ અને વાસરડા ગામની વચ્ચે ઉંચાણવાળી અને પાણીના ભરાય તેવી ૧૦-૧૫ એકર જમીન સબયાર્ડ માટે જોઈએ છે. જે નીચેની શરતોને આધીન પ્રતિ એકરે ભાવ મંગાવવામાં આવે છે.

૧. ૮-અ ઉતારા ૨. ૭-૧૨ ઉતારા

૩. ૬-હકની તમામ નોંધો ૪. ક્લિઅર ટાઈટલ સર્ટિ

ઉપરોક્ત ડોક્યુમેન્ટ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૧૪-૮-૨૦૧૭ છે.

સરનામું : ચેરમેનશ્રી, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-વાવ, મુ.તા.વાવ જિલ્લો : બનાસકાંઠા

જા.નં.૨૯૨/૦૧૭-૦૧૮ તારીખ : ૦૨-૦૮-૨૦૧૭ સ્થળ : વાવ

## જાહેરનામુ (તા.૧૧/૭/૧૭)

મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર

(રાજ્ય સરકાર મળેલ સત્તાની રૂએ પ્રસિધ્ધ કરવાના કમલ-૧૧ નું જાહેરનામુનો મુસદ્દો)

જિલ્લો : મહેસાણા

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦ મો)

ક્રમાંક અમ-૨૦૧૭-૮૨-મ-૪૫૬-૧૫૧૬-૩૨૦-ધ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) અન્વયે મળેલ સત્તાની રૂએ એમ લાગે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની ઓ.એન.જી.સી. શારકામ નંબર એડીશનલ લેન્ડ નીયર સાઉથ સાંથલ જીજીએસ/સીટીએફના જાહેર હેતુ જરૂર પડવાનો સંભવ છે.

(૧) આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦ મો) ની કલમ-૧૧ ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે. સદર જમીન ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) સદરહું જમીનમાં હિત ધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે. સદરહું સંપાદન હેતુ સારૂ જમીનમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર કે વિનિમય દ્વારા અથવા સદરહું જમીનોના નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનોના ભાગ માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમની કલમ-૬૯ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે ઉકત જમીનો આગળ જણાવેલ હેતુ માટે જરૂરી છે. સદરહું અધિનિયમ કમલ-૧૯ હેઠળ એ મતલબનું છેવટે જાહેરનામુ યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦ મો) ની કલમ ૩(જી) હેઠળ જીલ્લા કલેકટર જમીનોના સંબંધમાં સદરહું અધિનિયમ હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારી ઓ.એન.જી.સી. યુનિટ-૨ મહેસાણાને ઉકત અધિનિયમની જોગવાઈ હેઠળ ઉકત જમીનો સંબંધમાં કલેકટરના કાર્યો બજાવવા નીમે છે.

અનુસુચિ

જિલ્લો : મહેસાણા તાલુકો : જોટાણા ગામ : કસલપુરા

| સર્વે/બ્લોક નંબર | હે.આરે.ચો.મી. | જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૮૮૫ | ૦૦-૨૨-૨૬ | ઓ.એન.જી.સી. મહેસાણા પ્રોજેક્ટના શારકામ નંબર એડીશનલ એન્ડ નીયર સાઉથ સાંથલ જીજીએસ / સીટીએફના કામે જમીન કાયમી સંપાદન કરવા. કાયમી વળતર કેસ નંબર : ૦૬-૨૦૧૬ |
| ૮૮૬ | ૦૦-૬૧-૪૫ | |
| ૮૮૮ | ૦૦-૧૬-૧૯ | |
| ૮૮૩ | ૦૦-૨૧-૨૫ | |
| ૮૮૪ | ૦૦-૪૨-૩૫ | |
| ૮૮૭ | ૦૦-૧૫-૨૫ | |
| ૮૮૯ | ૦૦-૫૭-૮૦<br>૦૦-૫૭-૮૧ | |

જિલ્લો : મહેસાણા તાલુકો : જોટાણા ગામ : જોટાણા

| સર્વે/બ્લોક નંબર | હે.આરે.ચો.મી. | જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૧૧૨૪ | ૦૦-૩૬-૪૨ | ઓ.એન.જી.સી. મહેસાણા પ્રોજેક્ટના શારકામ નંબર એડીશનલ એન્ડ નીયર સાઉથ સાંથલ જીજીએસ / સીટીએફના કામે જમીન કાયમી સંપાદન કરવા. કાયમી વળતર કેસ નંબર : ૦૬/૨૦૧૬ |
| ૧૧૨૫ | ૦૦-૬૦-૭૦ | |
| ૧૧૨૬ | ૦૦-૩૨-૩૮ | |
| ૧૧૨૮ | ૦૦-૨૦-૨૩ | |
| | ૦૦-૨૦-૨૪ | |
| ૧૧૨૯ | ૦૦-૧૮-૦૦<br>૦૦-૩૧-૬૧ | |
| કુલ | ૦૫-૧૬-૯૪ | |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી

(એચ.જે.રાઠોડ)

સરકારના ઉપસચિવ

ક્રમાંક : નામાનિ/મહે/૧૬૮/૨૦૧૭-૧૮

## તંત્રી સ્થાનેથી ...

**મૃત્યુ પછી ધર્મ અને કર્મ જ મનુષ્યના સાચા મિત્રો છે.**

## ફક્ત અઠવાડિયાનું જ રહસ્ય અહેમદભાઈ જીતશે કે હારશે ?

ફક્ત અઠવાડિયાનું જ રહસ્યઅહેમદભાઈ જીતશે કે હારશે ?

ગુજરાતમાં કદી ન થઈ હોય તેવી રાજ્યસભાની ચૂંટણી આ વખતે રસપ્રદ બની છે. આ ચૂંટણી ૩ બેઠકોની છે અને ઉમેદવારો ચાર છે. તે પૈકી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહ અને કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઈરાનીની જીત નક્કી છે. બાકી બે ઉમેદવારોમાં એક છે કોંગ્રેસના અહેમદભાઈ પટેલ અને બીજા છે મૂળ કોંગ્રેસના પણ હાલમાં જ કોંગ્રેસનો ખેસ ઉતારીને ભાજપનો ખેસ પહેરી લેનાર બળવંતસિંહ રાજપુત. બન્ને પક્ષ વચ્ચે સંઘર્ષ એટલો જોરદાર છે કે, તેમાં કોંગ્રેસ પક્ષ હલીબલી ગયો છે. પૂર્વ મુખ્યમંત્રી અને મૂળ ભાજપના પણ ૨૦ વર્ષથી કોંગ્રેસના અડીખમ નેતા બની ગયેલા શંકરસિંહ વાઘેલા અને કોંગ્રેસ નેતાગીરી વચ્ચેના વિખવાદને લઈ આ સંઘર્ષ ઉભો થયાનું ઉપરથી દેખાય છે. પણ વિવાદના ઉંડાણમાં જઈએ તો તેના ઘણા પાસા જોવા મળે છે. મૂળ કેન્દ્રબિંદુ શંકરસિંહ વાઘેલા હોવા કરતાં કોંગ્રેસના અહેમદભાઈ પટેલ વિશેષ છે.

અહેમદભાઈ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર હોઈ કોંગ્રેસમાં બહુ મોટું માથું ગણાય છે. ગુજરાતમાં ૨૦૦૨માં ગોધરા કાંડના પગલે જે રમખાણો થયા તેના પ્રત્યાઘાતરૂપે ગુજરાતના તત્કાલીન ગૃહમંત્રી અમીતભાઈ શાહને ફસાવવા કોંગ્રેસ દ્વારા રમત ખેલાઈ હોવાના આક્ષેપ જાણીતા છે. રમખાણોમાં અને રાજ્ય પોલીસ દ્વારા થયેલા કેટલા એન્કાઉંટરોમાં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમીતભાઈની નકારાત્મક ભૂમિકા હોવાના આક્ષેપ કોંગ્રેસ તરફથી થયા હતા. નરેન્દ્રભાઈ વિરૂદ્ધ તો કોંગ્રેસ ખાસ કંઈ ન કરી શકી પણ અમીતભાઈ શાહને થોડો સમય જેલવાસ અને ગુજરાતમાં દેશવટો ભોગવવો પડ્યો હતો. કહે છે કે, આ સમગ્ર ડ્રામાની સ્ક્રીપ્ટ લખનાર

અહેમદભાઈ પટેલ હતા. તે વખતે કેન્દ્રમાં યુપીએ સરકાર હતી અને યુપીએ સરકારના બેકસીટ ડ્રાયવર કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી હતા. સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર હોવાથી અહેમદભાઈએ અમીતભાઈને તંગ કરવાના તમામ પ્રયાસો કર્યા હોવાનું મનાય છે. આજે અમીતભાઈને લાગ આવ્યો છે પોતાના અપમાનના બદલારૂપે અહેમદભાઈને રાજ્યસભામાં હરાવવાનો. એક બાજુ અહેમદભાઈથી અમીતભાઈ નારાજ છે અને બીજી બાજુ કોંગ્રેસમાં તેમનાથી શંકરસિંહ નારાજ થયા અને તેમણે કોંગ્રેસ છોડી દીધી છે. આમ તો શંકરસિંહ વાઘેલા અહેમદભાઈ સાથે સારા સંબંધોનો દાવો કરે છે પરિસ્થિતિ તેનું પ્રમાણ આપતી નથી.

અહેમદભાઈ પટેલ પર કેટલાક કોંગ્રેસી આગેવાનોને પણ શંકા છે કે રાષ્ટ્રીય કક્ષાએ પોતાના દબદબામાં ભવિષ્યમાં કોઈ ફાચર ન મારે તે માટે તેઓ ગુજરાત કોંગ્રેસમાં કોઈ મોટું સત્તા કેન્દ્ર ઉભું થવા નથી દેતા. ગુજરાતમાં શક્તિશાળી નેતાઓની ખોટ નહીં હોય પણ આ જ સુધી નીમાયેલા કોઈ નેતા કોંગ્રેસને ગુજરાતમાં ઉગારી શક્યા નથી તે હકીક્ત છે. ગુજરાતની દરેક ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી પર છેલ્લી મોહર અહેમદભાઈની લાગે છે. અહેમદભાઈના રાજીપા વિના ગુજરાત કોંગ્રેસમાં કોઈ કંઈ કરી નહીં શકતું હોવાનું કહેવાય છે. ગુજરાતમાં કોંગ્રેસ સત્તામાં આવે તો કોઈ કોંગ્રેસીને મુખ્યમંત્રી બનાવવા પડે. કોઈ મુખ્યમંત્રી બની જાય તો તે રાષ્ટ્રીય નેતાગીરી પર પોતાનો પ્રભાવ પાથરી શકે. જો તેમ થાય તો અહેમદભાઈનો તે સ્પર્ધી પણ બની શકે. એટલે કોંગ્રેસમાં જ અંદરખાને એવો આક્ષેપ થાય છે કે, ગુજરાતમાં ઉમેદવારોની યોગ્ય પસંદગી થવા નથી દેવાતી.

ગુજરાત કોંગ્રેસમાં બીજા કોઈ નેતા તો અહેમદભાઈ સામે માથું ઉંચકી શકે તેમ નથી. પરંતુ શંકરસિંહે અહેમદભાઈ સામે સીધા નહીં પણ રાષ્ટ્રીય નેતાગીરી સામે માથું ઉંચકીને આખી પરિસ્થિતિ પલ્ટાવી નાખી છે. કોંગ્રેસને જીતાડવી હોય, સત્તા પર લાવવી હોય તો ઉમેદવારોની પસંદગી સહિતની તમામ સત્તાઓ પોતાને આપવા શંકરસિંહે માગણી કરી હતી. તેમણે આંગળી તો સ્થાનિક પ્રદેશ પ્રમુખ સહિતના નેતાઓ સામે ચિંધી પણ ઉમેદવારોની પસંદગી સહિતની સત્તા અહેમદભાઈ પાસે હોઈ બાપુના આડકતરા નિશાને અહેમદભાઈ આવી જતા હતા. બાપુને ખ્યાલ આવી ગયો હશે કે અહેમદભાઈનું ચાલશે ત્યાં સુધી ગુજરાતમાં કોઈ કોંગ્રેસી મુખ્યમંત્રી નહીં બની શકે. ગુજરાતના અન્ય નેતાઓ રાષ્ટ્રીય કક્ષાએ લેવાતાનિર્ણયો પર પોતાનો પ્રભાવ પાડી શકે નહીં. અહેમદભાઈએ જ શંકરસિંહની માગણી સ્વીકારાવા સામે અડચણ ઉભી કરી હોવાનું કહેવાય છે. આમ અહેમદભાઈ સામે બે શક્તિશાળી મોરચા ઉભા થયા છે. શંકરસિંહે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા નથી પણ તેમના સમર્થક સભ્યોને કોંગ્રેસ છોડાવીને ભાજપમાં મોકલી રહ્યા છે.

કોંગ્રેસ છોડીને ભાજપમાં જતા ધારાસભ્યો પોતાનું ધારાસભ્યપદ પણ છોડી રહ્યા છે. એટલે તેમના પર સત્તા લાલસાનો આક્ષેપ ન થઈ શકે. ભાજપ-બાપુની છાવણી કોંગ્રેસમાંથી ૨૨ ધારાસભ્યોને બહાર કાઢીને અહેમદભાઈની ગાડીમાં પંક્ચર પાડવા માંગતા હોવાના અહેવાલો હતા. શંકરસિંહે કોંગ્રેસ છોડ્યા પછી ૬ ધારાસભ્યો કોંગ્રેસ છોડી ગયા. બીજા ૬ રાજીનામાની તૈયારીમાં હોવાના અને રાજ્યસભાની ચૂંટણીના મતદાન સુધીમાં કુલ્લ ૨૨ નીકળી જશે એવી વાતો આવતી હતી. કોંગ્રેસ મોડે પણ છેવટે જાગી અને પોતાના તમામ ધારાસભ્યોને ગુજરાત બહાર ખસેડવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. જો કે ૫૭માંથી માત્ર ૪૪ને જ બેંગલોર ખસેડાઈ શકાયા છે. ૧૩ ધારાસભ્યો એમાં નથી જોડાયા. એનો અર્થ એ થયો કે કોંગ્રેસ છોડનાર બાપુ સહિત કુલ્લ ૭ ધારાસભ્યો ઉપરાંત કુલ્લ ૧૩ ધારાસભ્યો હવે કોંગ્રેસ સાથે નથી રહ્યા. કરનારાઓ એવો દાવો કરે છે કે, બેંગલોર ખસેડાયેલા ૪૪ પૈકી કેટલાક ધારાસભ્યો ક્રોસ વોટીંગ કરશે. આ ૪૪ને ગુજરાત બહાર ખસેડવા પડ્યા તેનો મતલબ કે કોંગ્રેસને તેમનો ડર છે. જો કે સામાન્ય રીતે આ રીતે કબ્જામાં રાખવામાં આવેલા ધારાસભ્યો માટે માત્ર આ નજર કેદ જેવી સ્થિતિ ન હોય, તેમના પર બીજા દબાણો હોવાની સંભાવના પણ રહે છે. નજર કેદ દરમિયાન તેમને બહારથી ક્યાંય સલાહ મળી શકતી નથી હોતી. તેથી તેઓ મતદાન વખતે આઘીપાછી કરે તેવી શક્યતા ઘટી જાય છે. પરંતુ અહેમદભાઈને હરાવવા અમીતભાઈ અને શંકરસિંહભાઈએ ખૂબ માઈક્રો પ્લાનીંગ કર્યું હશે. આ રીતે ખજુરાહોવાળી થવાની સંભાવના તેમને પહેલેથી જ ખ્યાલમાં હોઈ શકે છે. એટલે કોંગ્રેસમાંના પક્ષાંતર માટે સહમત થયેલા ધારાસભ્યોને તેમણે પહેલેથી તેમની તમામ સુરક્ષા માટે તેમને વિશ્વસ્ત કર્યા હશે તો હજુ ક્રોસ વોટીંગ થઈ શકે છે. રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયા બહુ અટપટી હોય છે. એટલે જ હાલ જીત માટે કેટલા મત મળવા જરૂરી છે તેની ચર્ચા ક્યાંય થતી નથી.

## ૧૮ વર્ષના યુવકે ભારતનું પ્રથમ પ્રિન્ટ ન્યૂઝ પેપર એગ્રીગેટર પેપરબોય રજૂ કર્યું



બેંગ્લોર સ્થિત જે વેંકટ કાર્તિક રાજા નામના ૧૮ વર્ષનાં યુવકે પેપર બોય નામની મોબાઈલ એપ્લીકશન રજૂ કરીને ભારતનાં પ્રિન્ટ – ડિજીટલ મિડિયા એપના ક્ષેત્રમાં નવો ઈતિહાસ રચ્યો છે. પેપર બોય તે એવી મોબાઈલ એપ્લીકેશન છે કે જેમાં ભારતની વિવિધ ભાષાઓનાં દૈનિકો અને મેગેઝિનોને સમયસર અપલોડ કરવામાં આવે છે. ભારતમાં પ્રાદેશિક ભાષાઓમાં દૈનિક અખબાર વાંચવાની વાચકોની પરંપરાગત આદત છે. પેપર બોયે આ બાબતને ધ્યાનમાં રાખીને વૈશ્વિક રીડરશીપ ન્યૂઝપેપર્સની અપીલને એક છત્ર નીચે લાવવાનો પ્રયાસ કર્યો છે.

પેપરબોય માટે ગુજરાત મહત્વનું બજાર છે. કંપનીએ અત્યાર સુધીમાં ૮૬ ટકાથી પણ વધુ દૈનિક અખબારોનું લિસ્ટીંગ કર્યું છે અને આગામી બે માસમાં ૧૦૦ ટકા લિસ્ટીંગ કરવાની ધારણા છે.

પેપર બોય એપને ગુગલ પ્લેસ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. તેમાં હાલમાં ભારતનાં ૪૦૦ જેટલા દૈનિક અખબારો અને મેગેઝિનોનું લિસ્ટીંગ થયેલું છે., 'દૈનિક અખબારનાં વાચન અને ડિજીટલ ડિવાઈસીસનાં સંબંધો વચ્ચેનાં વિચારથી મને પેપર બોય સ્થાપવાનો આઈડીયા આવ્યો છે. જ્યારે હું પ્રવાસમાં જતો હોઉં ત્યારે મારું દૈનિક અખબાર વાંચી શકતો નહોતો તેના પરિણામે તેનું નિરાકરણ લાવવા મને પેપરબોયની સ્થાપના કરવાનો વિચાર સુઝયો.'

પેપર બોયમાં ઓનલાઈન અને ઓફલાઈન મોડ એમ બંને રીતે દૈનિક અખબાર કે મેગેઝિન વાંચવાનો વિકલ્પ મળે છે. પેપર બોય એપ એન્ડ્રોઈડ, આઈઓએસ કે વેબ એમ કોઈપણ ડિવાઈસ પર ઉપલબ્ધ છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## નિકોલ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



વર્ષાઋતુના આગમન સાથે જ અનેક ટ્રસ્ટ દ્વારા તેમજ સામાજિક કાર્યકારી સંગઠનો દ્વારા શહેરના અનેક વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. અનેક ખાનગી કંપનીઓ દ્વારા પણ એકસામાજિક જવાબદારીના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવે છે. અમદાવાદ સ્થિત જાણીતા ઈ-શોપિંગ પોર્ટલ ELALA.IN દ્વારા અમદાવાદ મ્યુ. કોર્પો.ના સહયોગથી ૧૦૦થી વધુ વૃક્ષો વાવીને ગ્રીન ગુજરાતનો મેસેજ આપવામાં આવ્યો.ELALA.IN એ પ્રકારનું આયોજન કરવાનું વિચારી રહ્યા છે કે અમદાવાદમાં જે કોઈપણ પોતાના ઘરઆંગણે, સોસાયટીમાં કે કાર્યસ્થળે વૃક્ષારોપણ કરવા ચાહે તેમને પોતાના વેબપોર્ટલ ELALA.IN પરથી વિનામૂલ્યે છોડ મળી રહે અને તે માટે અમદાવાદ મ્યુ. કોર્પો. સાથે મળીને વિચારણા પણ ચાલી રહેલીછે. લોકો દ્વારા ઓનલાઈન વૃક્ષારોપણ માટે છોડના ઓર્ડર મળતા જ છોડ પીકઅપ અને ડિલીવરી સર્વિસ પણ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. ELALA.IN ભવિષ્યમાં ૧ લાખ વૃક્ષારોપણ કરશે.

## યસ બેન્કે ૩૦ જૂન, ૨૦૧૭ના રોજ પૂરા થતા ત્રિમાસિકના નાણાંકીય પરિણામો રજૂ કર્યા

યસ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી રાણા કપૂરે આ પરિણામો અને બેન્કના કુલ જમા આર્થિક પ્રદર્શનપર અભિપ્રાય રજૂ કરતા કહ્યું કે, હવેથી માત્ર એક ત્રિમાસિક પછી અમે અમારા વાણિજ્યિક સંચાલનના ૧૪માં વર્ષનો શુભારંભકરી રહ્યા હોઈશું. આ એક વધુ ત્રિમાસિકમાં કરવામાં આવેલા સંતોષજનક પ્રદર્શનની સાથે અણે ખુદ માટે વર્ષ ૨૦૨૦ સુધીનિર્ધારિત કરેલા લક્ષ્યોની પ્રાપ્તિના રસ્તા પર યોગ્ય રીતે આગળ વધી રહ્યા છે.રિટેલ ફ્રેન્ચાઈઝીમાં અમારા દ્વારા કરવામાં આવેલા રોકાણ હવે રંગ લાવી રહ્યા છે. આ રોકાણે સીએએસએ ગ્રોથના ગુણોત્તરને૩૬.૮ ટકાનો ઉછાળો આપતા સીએએસએ ગ્રોથની ગતિ ૫૫.૨ ટકા કરી દીધા છે અને આ ખૂબ જ સાર્થક પરિણામ સામે આવવાલાગ્યું છે. અમારી કોર રિટેલ એડવાન્સેસ ગ્રોથ ૧૬૬ ટકા સુધી જઈ પહોંચી છે. પોતાની પરિસંપત્તિઓની ગુણવત્તાના માનદંડકાયમ રાખતા બેન્ક પોતાના વિભિન્ન કોર્પોરેટ અને એમએસએમઈ કારોબારમાં માર્કેટ ભાગીદારી વધારવાનું પણ ચાલુ રાખી રહ્યા છે.

ત્રિમાસિક પરિણામોના મુખ્ય આકર્ષણ :. નાણાંકીય વર્ષ ૨૦૧૭ની પહેલા ત્રિમાસિકમાં ૯૬૫.૫ કરોડ રૂપિયાનો શુદ્ધ લાભ, વર્ષ દરવર્ષ આધાર પર ૩૧.૯ ટકાનીવૃદ્ધિ નાણાંકીય વર્ષ ૨૦૧૮ના પહેલા ત્રિમાસિકમાં ૧૮૦૮.૯ કરોડ રૂપિયાની ચોખ્ખી વ્યાજ આવક, એનઆઈએમનાસંતુલિત વિસ્તાર તથા એડવાન્સેસ અને સીએએસએમાં થયેલા ગ્રોથના ચાલતા વર્ષ-દર-વર્ષ આધારે ૪૪ ટકાની વૃદ્ધિ. એનઆઈએમ નાણાંકીય વર્ષ ૨૦૧૭ના ચોથા ત્રિમાસિકના ૩.૬ ટકાથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિકમાટે ૩.૭ ટકા કરવામાં આવ્યું. નાણાંકીય વર્ષ ૨૦૧૮ના પહેલા ત્રિમાસિક માટે નોન-વ્યાજની આવક ૧૧૩૨.૨ કરોડ રૂપિયા નોંધવામાં આવી, વર્ષદર-વર્ષ આધારે ૧૭.૮ ટકાની વૃદ્ધિ. નાણાંકીય વર્ષ ૨૦૧૮ના પહેલા ત્રિમાસિક માટે કુલ ચોખ્ખી આવક ૨૯૪૧.૧ કરોડ રૂપિયા રહી, વર્ષ-દર-વર્ષ આધારે૩૨.૭ ટકા વૃદ્ધિ

## ઓપ્ટિમસે ભારતનાં બ્લેકબેરી કિવનની લિમિટેડ એડિશન બ્લેક પ્રસ્તુત કરી



એક પ્રમુખ ભારતીય ટેલિકોમ કંપની ઓપ્ટિમસ ઈન્ફ્રાકોમ લિમિટેડ એ આજે ભારતમાં બ્લેકબેરી કિવન લિમિટેડ એડિશનની પ્રસ્તુતી કરી છે. આ રજુઆત મેક-ઈન ઈન્ડીયા પ્રત્યે ઓપ્ટિમસની લાંબા સમયની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ભારતમાં નિર્માણ થયેલ બ્લેકબેરી કિવન લિમિટેડ એડિશન બ્લેક સપ્ટેમ્બર ૨૦૧૭ માં બજારમાં ઉપલબ્ધ થશે. બ્લેકબેરી કિવન લિમિટેડ એડિશન બ્લેકને વિશેષરીતે ભારતીય ગ્રાહકોને ડુઅલ સિમની સુવિધા આપવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે અને તે શ્રીલંકા, નેપાલ અને બાંગ્લાદેશમાં પણ ઉપલબ્ધ થશે. તેમાં ૪.૫ ઈંચ સ્ક્રેચ રેસિટન્ટ કોર્નિંગ ગોરિલા ગ્લાસ ડિસ્પ્લે સાથે ફિઝિકલ કિબોર્ડ સાથે ટચ ડિસ્પ્લે (૧૬૨૦૮૧૦૮૦ રેઝોલ્યુશન )છે, જે ઉપયોગકર્તાને ૫.૫ ઈંચના ઓલ ટચ સ્માર્ટફોનની સરખામણીમાં ટાઈપિંગ માટે વધાર જગ્યા આપવામાં આવી છે. બ્લેકબેરી કિવન લિમિટેડ એડિશન બ્લેક ૮ ઓગસ્ટથી વિશેષરીતે એમેઝોન ઈન્ડીયા પર ઉપલબ્ધ થશે.અમેરિકન એકસપ્રેસના કાર્ડધારકો દ્વારા આ માટે ખર્ચ થનાર પ્રત્યેક રૂ. ૧૦૦ માટે ૧૦ બોનસ એમઆર પોઈન્ટસના હિસાબે ૪,૦૦૦ બોનસ મેમ્બરશીપ રિવોર્ડ પોઈન્ટસ મળશે. બ્લેકબેરી કિવન લિમિટેડ એડિશન બ્લેક ખરીદનાર વોડાફોનના ગ્રાહકોને ત્રણ માસના સમયમાં ૭૫ જીબી સુધીનો વધારોનો ડેટા મળશે. આ ઓફર ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ માન્ય છે. બ્લેકબેરી સ્માર્ટફોન ગ્રાહકો માટે ઓપ્ટિમસ સરળ અને વ્યાજ મુકત ઈએમઆઈની પણ રજુઆત કરશે.

## ટપરવેર: ૧૯૪૬થી ખોરાકની તાજગી અને સ્વાદને અકબંધ જાળવી રહ્યું છે



આપણે સૌ જાણીએ છીએ કે મનુષ્યના આવિષ્કારોએ કેવી રીતે આપણા જીવનને બદલી નાંખ્યું છે.જેવી રીતે અગ્નિની શોધ માનવના વિકાસના ઈતિહાસમાં એક ખેલ-પરિવર્તક સાબિત થઈ, બિલકુલ તે જરીતે સીલની શોધે ઘરમાં અને ઘરની બહાર ખોરાકને સંગ્રહ કરવાના પ્રકારને પૂર્ણ રીતે બદલી નાંખ્યો. એટલુંજ નહીં, આહારની ગુણવત્તા અને તાજગીને હવે લાંબા સમય સુધી જાળવી રાખી શકાય છે. સીલની શોધ દ્વારા શરૂ થયેલી આ યાત્રા આજે ભોજન સંરક્ષણ માટે સંપૂર્ણ ઉકેલ બની ગઈ છે જેનો ઉપયોગખાદ્ય ઉત્પાદનોને સ્ટોર કરવા, રાંધવા, ગરમ કરરવા, પીરસવા અને ઘરની બહાર લઈ જવા માટે કરવામાંઆવે છે. ૧૯૪૬માં અર્લ ટપર દ્વારા શોધ કરેલી, પેટેન્ટેડ ટપર સીલ એક એર ટાઈટ અને લિક્વિડ સીલ છે,જેણે ખોરાકને સંગ્રહ કરવાના પ્રકારને પૂર્ણ રીતે બદલી નાંખ્યો છે. ટપરવેર પોતાના કંટેનરો માટે ઘણાંપ્રકારની સીલના ઉત્પાદનો અને વિકાસ દ્વારા દુનિયાભરના લાખો ગ્રાહકોને લલચાવવામાં સફળ રહ્યું છે.ટપરવેરના વંડર લેયર બોલ્સની ખુબી એ છે કે આ લીક-પ્રૂફ છે અને એક બીજા પર સ્ટેક કરીને રાખી શકાયછે. આ સીલ્સ ટપરવેરની લાઈફ ટાઈમ વોરંટીની સાથે આવે છે. ટપરવેરના વંડર લેયર બોલ્સ અર્લ ટપર દ્વારા વિકસિત પહેલા ઉત્પાદનોમાંથી એક છે, જે આજે પણ ગ્રાહકોમાટે ઉપયોગી અને પસંદિત ઉત્પાદન નીવડ્યાં છે. ૧.૨ લીટર અને ૨.૫ લીટર ઉપલબ્ધ વંડર લેયર બોલ્સપૂર્ણ રીતે એર ટાઈટ અને લિક્વિડ ટાઈટ છે જે ખોરાકની તાજગીને જાળવી રાખે છે. સીલ પર એક ટેબઆપવામાં આવી છે જેથી તમે બોલને સરળતાથી ખોલી શકો, આ ઉપરાંત આ શ્રેષ્ઠ ઉત્પાદનનો ઉપયોગ તમે સલાડ, કાપેલા ફળો, લોટ, વધેલા ખોરાકને રેફ્રિજરેટ, સર્વ કે સ્ટોર કરવા માટે કરી શકે છો.

## કોર્ટયાર્ડ મેરીયોટ્ટ દ્વારા પૂરગ્રસ્ત લોકો માટે રાહત કામગીરી હાથ ધરાઈ



અમદાવાદ

ગુજરાતમાં અતિશય વરસાદ ચિંતાનો વિષય બન્યો છે ત્યારે કોર્ટયાર્ડ બાય મેરિયોટ્ટ અમદાવાદે પૂરથી અસર પામેલા અમદાવાદના જુહાપુરા વિસ્તારના લોકો માટે સહાયનો હાથ લંબાવ્યો છે. અમદાવાદની આ અત્યંત પ્રસિધ્ધ હોટલની ટીમે સોમવારનો દિવસ આ વિસ્તારના લોકો માટે ફૂડ પેકેટસ અને પાણીની બોટલના વિતરણમાં ગાળ્યો હતો અને સમગ્ર ચોમાસા દરમ્યાન સહાયરૂપ થવાની ખાત્રી આપી હતી. મેરિયોટ્ટ દ્વારા સેવા ભાવનાની આ પહેલ વડે દુનિયાને બહેતર બનાવવા માટેનો સામુહિક પ્રયાસ દર્શાવ્યો હતો. અમદાવાદની આ ટોચની હોસ્પિટાલિટી પ્રોપર્ટીએ કોર્પોરેટ સામાજીક જવાબદારીનું મજબૂત ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. તેના વિકાસના સાતત્યનું મોડલ વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા અસરકારક સહયોગ વડે બહેતર દુનિયાનું નિર્માણ કરવા માટેનું છે.

## સોયાઃ પ્રોટીનનો બાહુબલી!

૬ વર્ષના દીકરાને ત્વચા પર ચાઠાં છે અને નાક બંધની તકલીફ ઈંડાં પ્રત્યે તેની એલર્જીને લીધે છે એવું ડોક્ટરે જણાવ્યું ત્યારે શ્રીમતી મહેતા ચિંતામાં મુકાઈ હતી. માતા તાત્કાલિક બાળકને ખાવામાં ઈંડાં આપવાનું બંધ કર્યું ત્યારે તેનાં લક્ષણોમાં સુધારો આવ્યો, પરંતુ હવે બાળકને પૂરતા પ્રમાણમાં પ્રોટીન કઈ રીતે આપવું તે વિશે તેને ચિંતા થવા લાગી. આ સમયે ડોક્ટરે તેને આહારમાં સોયા આપવા માટે સૂચન કર્યું.-બેન્ગલુરુના ફંકશનલ મેડિસીન નિષ્ણાત ડો. સીમા સાધિકા શાકાહારીઓ અને માંસાહારીઓ માટે પણ આહારના મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે સોયા આપવાનું સૂચન કરે છે. તેઓ કહે છે, સોયા પ્રોટીન છોડના મૂળનું એકમાત્ર એવું સંપૂર્ણ પ્રોટીન છે, જે બધા મહત્ત્વપૂર્ણ અમિનો એસિડ્સથી યુક્ત છે. ગુણવત્તાયુક્ત પ્રોટીનના સ્રોતની બાબતમાં તે દૂધ, ઘઉંથી પણ ચઢિયાતું છે. જો તે નિયમિત સેવન કરાય તો શાકાહારી આહારમાં પ્રોટીનની ઓછપને નિવારી શકાય છે.સોયા રોજના આહારનો હિસ્સો તરીકે આસાનીથી અપનાવી શકાય છે, કારણ કે તે પકવવામાં આસાન સ્વરૂપમાં મળે છે. સોયાનો લોટ એ રોટલીના લોટ સાથે ઉમેરતાં રોટલી વધુ પોષક બને છે. સોયા ચંક્સના સ્વરૂપમાં સોયા આસાનીથી પકવી શકાય છે અને અલગ અલગ વાનગીઓમાં સ્વાદિષ્ટ વળાંક આપે છે. સોયા ચંક્સ સૂકા હોય છે, પરંતુ પાણીમાં શોષાઈ જવા પર તે નરમ અને મુલાયમ બને છે. પ્લેન સોયા ચંક્સમાં કોઈ સ્વાદ હોતો નથી, પરંતુ તે સોસ, મસાલા અને ફ્લેવરિંગ્સને ઉત્તમ રીતે શોષે છે, જેને લીધે સોયા સાથે સ્ટીઝ, સૂપ્સ, રસો, મસાલા ડિશ, સલાડ અને સ્ટિયક- ફ્રાઈઝ સ્વાદિષ્ટ, ફલેવરયુક્ત અને આરોગ્યવર્ધક બને છે! સોયા ચંક્સમાં ૩૦ ટકા કાર્બોહાઈડ્રેટ્સ પણ છે, જે શરીર માટે ઈંધણનો સ્રોતનો સ્રોત પૂરો પાડે છે. તે ખાસ કરીને ઉચ્ચ માત્રામાં કાર્બોહાઈડ્રેટ્સની જરૂરત ધરાવતા વૃદ્ધિ પામતા બાળકો અને રમતવીરો માટે લાભદાયી છે. ૧૦૦ ગ્રામ સોયા ચંક્સમાં ફક્ત ૩૩૬ કેલરી છે, જે આરોગ્યવર્ધક ખાવા સાથે વજનની માવજતમાં પણ મદદરૂપ થાય છે.સોયા ચંક્સ આયર્નથી પણ સમૃદ્ધ છે, જે ૧૦૦ ગ્રામ સર્વિંગમાં આશરે ૨૦ મિગ્રા આયર્ન હોય છે, જે આયર્નના રોજના સૂચિત સેવનને પૂરતી રીતે પહોંચી વળે છે. તે ૧૦૦ ગ્રામ સર્વિંગ દીઠ આશરે ૩૫૦ આ બધા લાભો સાથે સોયા પ્રોટીનનો સૌથી ઉચ્ચ સ્રોત હોવાથી સોયા ચંક્સ હવે શ્રીમતી મહેતાની કરિયાણાની ખરીદીની યાદીમાં અને રોજના ભોજનનો આવશ્યક ભાગ છે. તેને ખ્યાલ આવી ગયો છે કે, હેલ્થી રહેવું સિંપલ છે!



## સોની રજૂ કરે છે ૫.૧ ચેનલ ટોલ બોય હોમ થિયેટર સિસ્ટમ - HT-RT40

નવી દિલ્હી

પોતાની પ્રિમિયમ હોમ ઓડિયો લાઈન-અપ વિસ્તારીને સોની ઈન્ડિયાએ આજે તેની નવી સ્ટાઈલીસ્ટ હોમ થિયેટર સિસ્ટમ ૐ્-ઈ્૪૦ ની રજૂઆત કરી છે. ઈનોવેશન આધારિત, સાઉન્ડબાર ટાઈપ ૫.૧ ચેનલ હોમ થિયેટર એ સિનેમેટિક સરાઉન્ડ સાઉન્ડ પેદા કરી એનર્જેટિક લીસનીગ એક્સપિરિયન્સ આપવા સક્ષમ છે.

લાઈન-અપમાં આધુનિકતાનો યશ સરાઉન્ડ બાર ટાઈપ ૫.૧ ચેનલ હોમ થિયેટરની ભારતમાં વધતી માંગ અને સુગમ સરાઉન્ડ સાઉન્ડ અનુભવને આપી શકાય. ૐ્-ઈ્૪૦ ઈન્ડિયન સાઉન્ડ સેટીંગ સાથે આવે છે, જેમાં પાવરફૂલ બાર્સ સરાઉન્ડ સાઉન્ડનો સમાવેશ થાય છે અને તે ભારતિય ગ્રાહકો માટે ખાસ ડીઝાઈન કરાયેલ છે. સરાઉન્ડ ટાઈપ ૫.૧ ચેનલ હોમ થિયેટર કેટેગરીમાં આ નવા ઉમેરાને કારણે નમણી બાર ડીઝાઈન છતાં પાવરફૂલ સાઉન્ડ પ્રાપ્ત થાય છે, જે તમારા લીવીંગ રૂમનો દેખાવ સુધારે છે. ૬૦૦ વોટ પાવરના આઉટપુટ સાથે વાસ્તવિક ૫.૧ ચેનલ સરાઉન્ડ સાઉન્ડ

સિનેમેટિક અનુભવ પૂરો પાડવાની સાથે સાથે ૫.૧ ચેનલ રિયલ સરાઉન્ડ સાઉન્ડ એક તલ્લીન વાતાવરણ ઉભુ કરીને ટોલ બોય રિયલ સ્પીકર્સ મારફતે અદ્દભૂત અવાજ પૂરો પાડે છે. તેનું સમર્પિત એક્સટર્નલ સબ વૂફર ૩ ચેનલ સાઉન્ડ બાર સાથે કામ કરીને સાચા અર્થમાં થિયેટર સરાઉન્ડ સાઉન્ડ પૂરો પાડે છે. તેના પાછળના બે સ્પીકરને કારણે વાસ્તવિક સિનેમા ઓડિયો જેવા અનુભવ દ્વારા ઘરમાં અદ્દભૂત સાઉન્ડ પ્રાપ્ત થાય છે.

વન ટચ વાયરલેસ લીસનીગની સાથે એનએફસી અને બ્લુટૂથ

## ઈનફિનિક્સે ભારતમાં સ્માર્ટફોન્સ લોન્ચ કરવા ફ્લિપકાર્ટ સાથે હાથ મિલાવ્યા




નવી દિલ્હી

ગ્લોબલ કંપની કે જે મોબાઈલ કમ્યુનિકેશન પ્રોડક્ટ અને મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસીઝને સમર્પિત છે તે ટ્રાન્સશિયન હોલ્ડિંગ્સ ૫૦થી વધુ દેશોમાં કાર્યરત છે તેણે તેની પ્રિમિયમ ઓનલાઈન સ્માર્ટફોન બ્રાન્ડ - ઈનફિનિક્સની ભારતમાં રજૂઆત કરી છે.

૨૦૧૨માં સ્થાપિત, ઈનફિનિક્સ વિવિધ નોર્મ્સને પડકાર આપવાની સાથે કાર્યરત થઈ. ઈનફિનિક્સ સ્માર્ટફોન્સ ખાસ યુવા લોકો માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે જેઓ વિશ્વ સાથે જોડાયેલા રહેવા માગે છે, પહોંચવામાં માગે છે.

ભારતમાં ઈનફિનિક્સે તેની સફરની શરૂઆત નોટ ૪ અને હોટ ૪ પ્રોની સાથે કરી જે તેના સ્માર્ટફોન્સની ગ્લોબલ રેન્જ છે અને તેની કિંમત ક્રમશઃ રૂ. ૮૯૯૯ અને રૂ. ૭૪૯૯ છે અને તે ખાસ ભારતના વિશાળ ઓનલાઈન રિટેલર ફ્લિપકાર્ટ પર ઉપલબ્ધ છે. ગ્રાહકોનો વિશ્વાસ વધારવા માટે ઈનફિનિક્સ દેશભરમાં ૮૫૦થી વધુ પ્લસ ટચ પોઈન્ટ્સનું વ્યાપક સર્વિસ નેટવર્ક ધરાવે છે. તમામ રજૂ થયેલી પ્રોડક્ટ ખરીદીના પ્રથમ ૧૦૦ દિવસમાં ફ્રીન વન ટાઈમ સ્ક્રીન રિપ્લેસમેન્ટ સાથે હાજર છે. (શરતો લાગુ)., 'ભારતીય સ્પર્ધાત્મક ઓનલાઈન સ્માર્ટફોન માર્કેટમાં નવા ખેલાડી તરીકે હોવાથી અમારા માટે કન્ઝ્યુમર અને પ્રોડક્ટ અમારી 'ગો બિયોન્ડ' ફિલોસોફીના કેન્દ્રમાં રહે છે. અમારી સમર્પિત આરએન્ડડી ટીમે ડિજિટલ કન્ઝ્યુમરની આવશ્યકતાઓનું મૂલ્યાંકન કર્યું હતું અને તેમાં કેટલાક અનોખા ફિચર્સ જેમકે એક્સચાર્જ ટેકનોલોજી, બિગ સ્ક્રીન સ્ટનિંગ ડિસ્પ્લે સાથે સામેલ છે અને સ્માર્ટફોન્સ ઓર્ડિનરી કલર્સથી અલગ યંગ કન્ઝયુમરની સ્માર્ટ લાઈફસ્ટાઈલને અનુરૂપ છે. અમારી ફ્લિપકાર્ટ સાથેની પાર્ટનરશીપ ભારતભરમાં સ્માર્ટફોન્સની ઈનફિનિક્સ રેન્જ બનાવવા ઈન્સ્ટ્રુમેન્ટલ બની રહેશે. અમે ૨૦૧૮માં ૮-૧૦ ટકા ઓનલાઈન માર્કેટ શેર પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.'ફ્લિપકાર્ટ નોટ ૪ અને હોટ ૪ અને હોટ ૪ પ્રો પર લોન્ચ ઓફર્સ આપશે (શરતો લાગુ). ગ્રાહકો હોટસ્ટાર પ્રિમિયમ માટે મફત ૨ મહિનાનું સબસ્ક્રિપ્શન મેળવી શકશે અને નોટ ૪ માટે રૂ. ૮૫૦૦ એક્સચેન્જ વળતર આપશે અને હોટ ૪ પ્રો પર રૂ. ૭૦૦૦ સુધી વળતર આપશે. ફ્લિપકાર્ટ ફેશન અને લાઈફસ્ટાઈલ કેટેગરી પર એક્સ્ટ્રા ૧૫ ટકા ઓફની ઓફર માત્ર ૫-૬ ઓગસ્ટ માટે રહેશે. વધુમાં, ગ્રાહકો ૮૪ દિવસ માટે ૮૪ જીબી ડેટા માત્ર રૂ. ૪૪૩માં આઈડિયા સેલ્યુલર પાસેથી ઈનફિનિક્સ સ્માર્ટફોન્સની ખરીદી સાથે મળશે.

## કલ્યાણ જ્વેલર્સે રક્ષાબંધનની ઉજવણી કરવા માટે સિગ્નેચર ગોલ્ડ રાખીઓ લોન્ચ કરી



ભારતની ભરોસાપાત્ર અને અગ્રણી જ્વેલરી બ્રાન્ડ કલ્યાણ જ્વેલર્સે રક્ષાબંધનના અવસરની ઉજવણી કરવા માટે ગોલ્ડરાખીની સ્પેશિયલ એડિશન લોન્ચ કરી છે. આ વિશેષ ડિઝાઈન કરાયેલા કલેકશનમાં સોનાથી બનાવાયેલી અને સિગ્નિટીસેમી- પ્રીસિયસસ્ટોન્સથી મઢેલી રાખીઓનો સમાવેશ રહેશે. આ કલેકશન ભાઈઓ અને બહેનો વચ્ચેના પવિત્ર પ્રેમનું અનુકૂળ પ્રતીક છે અને રક્ષા, વહાલ અને સંભાળનું સમકાલીન વચનનું દ્યોતક છે.

આ કલેકશન કલ્યાણના ડિઝાઈન સ્ટુડિયો દ્વારા તૈયાર કરવામાં આવ્યુ છે અને દેશના ઉત્કૃષ્ટ કળાકારીગરો દ્વારા બારીકાઈથી તેને સાકાર કર્યું છે. રાખીઓની કિંમતરૂ.૪૦૦૦થી રૂ.૧૪,૦૦૦રહેશે અને તેદિલ્હી, મહારાષ્ટ્ર, પશ્ચિમબંગાળ, રાજસ્થાન, પંજાબ અને ગુજરાતમાં કલ્યાણ જ્વેલર્સના શોરૂમોમાં મળશે. રાખીઓ કલ્યાણ જ્વેલર્સના ઓનલાઈન પોર્ટલ www.candere.com પર પણ મળશે. રક્ષાબંધનની ઓફર તરીકે ઓનલાઈન ગ્રાહકોને બધી સોનું અને હીરાની ખરીદીઓ પર વિશેષ ડિસ્કાઉન્ટ્સ મળશે.હીરાની જ્વેલરી શૂન્ય ટકા મેકિંગચાર્જીસ પર ખરીદી કરી શકાશે, જ્યારે સોનાની જ્વેલરી પર મેકિંગ ચાર્જીસમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ રહેશે.ગ્રાહકો વેબસાઈટ પર કુપન્સરિડીમ કરીને વધુ બચત કરી શકશે.

## પર્ણાશાના પટ પર વસેલી દર્શનપુર-ડીસા નગરીનો આજ સુધીનો અપ્રગટ અને ભવ્ય ઈતિહાસ

એક સમયની વાત છે.આજથી આશરે ૩૫૦ વર્ષ પૂર્વે હરિદ્વારના પંચાયતી અખાડાની ગંગદરયાલ મઢીના પ્રસિધ્ધ તપસ્વી દિગંબર સ્વામી ગંગાપુરીજી કાશી-બનારસ-વારાણસી(જે ભગવાન શિવના ત્રિશૂલ પર ટકેલી નગરી છે ) થી વિચરણ કરતા કરતા હિંગળાજ માતાની યાત્રાએ જઈ રહ્યા હતા.રસ્તામાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાના ફોરણા ગામે જંગલમાં જાળના વૃક્ષ નીચે ધૂણી ધખાવી, તપ કરવા લાગ્યા.કહેવાય છે કે એ વખતે ફોરણા અને આજુબાજુના કૂવામાં પાણી ૭૦-૭૫ હાથ ઉંડું હતું.સ્વામી ગંગાપુરીજીની ધૂણી પાસે એક ૫-૬ ફુટ ઉંડો ખાડો હતો.પાણીની તંગી નિહાળી તપસ્વીને દુઃખ થયું.તેથી તે ખાડામાં એક-બે ચીપીયા પછાડ્યા.જોતજોતામાં ખાડો ગંગાજળથી ભરાઈ ગયો.આજે પણ એ જગ્યા ''ગંગાજળીયા કુવા''તરીકે જાણીતી છે. એક ઢોર ચરાવનાર મુંગા-બહેરાને પોતાના હાથના સ્પર્શમાત્રથી બોલતો-સાંભળતો કર્યો.સ્વામી ગંગાજીપુરીજી કૃપાથી સામંત માનાજી વાઘેલાને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ.ત્યારબાદ ગંગાજીપુરીજી પોતાના શિષ્ય સારંગપુરીજી સાથે પાકિસ્તાનના બ્લુચિસ્તાનના લાસાબેલા(તા.લ્યારી)ખાતે વિદ્યમાન પ્રથમ શક્તિપીઠ માં હિંગળાજના દર્શન કર્યા.આજે પણ હિંગળાજ માતાની યાત્રા કઠીન ગણાય છે.અને ત્યાં મુસ્લિમ પઠાણ પૂજા કરે છે.હિંગળાજ માતાની યાત્રા કરી પરત ફરતી વખતે જનતા-જનાર્દનની લોકલાગણી અને આગ્રહને માન આપી સ્વામી ગંગાપુરીજીએ ફોરણા ગામમાં અને સારંગપુરીજીએ કાપરા ગામમાં નિવાસ કર્યો હતો.આજે ત્યાં એમની સમાધિ વિદ્યમાન છે.કહેવાય છે કે ગુરૂના ચેલા(શિષ્ય)હંમેશા સવાયા સાબિત થતા હોય છે. એ અનુસાર સ્વામી સારંગપુરીના શિષ્ય સ્વામી ગોપાલપુરીજી શિવના પરમ ઉપાસક હતા.તેમની ગણના નામાંકિત સિધ્ધપુરુષોમાં થવા લાગી.તેમની અનેક ચમત્કારકથાઓ જન-જનમાં પ્રચલિત છે. એ સમયે પાલનપુરમાં નવાબનું શાસન હતું.નવાબસ્વામીએ ગોપાલપુરીજી ને ડીસા(આજનું જુનાડીસા)આજુબાજુના ગામ દાનમાં આપ્યા.તેનો સ્વીકાર કરી સવંત ૧૭૭૫ (ઈ.સ.૧૭૧૯)માં સ્વામી ગોપાલપુરીજીએ જુનાડીસા પાસે રાજપુર ગામે મઠ સ્થાપ્યો.મઠની સ્થાપના કર્યા પછી ફોરણા-કાપરા ગામના લોકોને લાવી ડીસાનગર(આજનું જુનાડીસા) વસાવ્યું.રાજપુરમાં આજે પણ સ્વામી ગોપાલપુરીજી મહારાજનો મઠ વિદ્યમાન છે.

ગુજરાત નરેશ સિધ્ધરાજ સોલંકીની કુળદેવી સિધ્ધામ્બિકા માતાના મંદિરને લીધે ડીસા ''દેવી ગામ''કહેવાતું.રાજસ્થાનના લોકોના આગમનના કારણે દેવીગામ માનવાચક''દેવીસાગામ''તરીકે જાણીતું બન્યું.કાળક્રમે ગામ શબ્દ નીકળી ગયો.ડીસા''દેવીસા'' કહેવાયું.અંગ્રેજો ''દેવીસા''શબ્દનો ઉચ્ચાર''ડઈસા''કરતા હતા. જે આધુનિક સ્વરૂપે ''ડીસા''નામકરણ થયું.પુરાપ પ્રસિધ્ધ''દર્શનપુર''નગરી આજે ડીસા કહેવાય છે.અહીં જોવા લાયક સ્થળોમાં હવાઈપિલ્લર, પલ્ટન મંદિર, રિસાલા મંદિર-રિસાલા મસ્જિદ, જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ ખ્રિસ્તી દેવળ(ઘંટ સહીત)..છે.ડીસામાં અંગ્રેજોએ કેમ્પ(છાવણી) શરૂ કરેલો તેથી ડીસા કેમ્પ કહેવાતું.લોકબોલીમાં આજે પણ ડીસા ''કાંપ'' કહેવાય છે.ડીસા સરદાર બાગનો વિસ્તાર ''પંદર ખુરશી'' તરીકે પ્રસિધ્ધ હતો.

**જિતેન્દ્ર એમ.ટાંક**

# ખેલફલક

જેમાં ક્રિકેટથી માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## ગોલમાં અશ્વિન ૫૦મી ટેસ્ટ મેચ રમશે,કેરિયરમાં અનેક રેકોર્ડ બનાવ્યા છે



ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિનર આર અશ્વિન શ્રીલંકાની વિરૂધ્ધ પહેલી ટેસ્ટમાં ૫૦ ટેસ્ટ મેચ રમનાર બોલર બની જશે. પોતાની ૫૦મી ટેસ્ટને લઈ તેણે અલગથી કોઈ તૈયારીની વાતથી ઈન્કાર કરી દીધો છે. જો કે અત્યાર સુધી તેના કેરિયરને જોવામાં આવે તો તે ખુબ દમદાર રહ્યું છે પોતાના કેરિયરમાં તેણે અનેક રેકોર્ડ બનાવ્યા છે. તેના કેરિયરની કેટલીક મોટી ઉપલબ્ધી આ પ્રમાણે છે.

તે ગોલમાં ટેસ્ટ રમવાની સાથે જ ૫૦મી ટેસ્ટ રમનાર ખેલાડી બની જશે તેણે ૪૯ ટેસ્ટમાં ૨૭૫ વિકેટ લીધી છે. તેનું માનવું છ કે ૫૦ ટેસ્ટથી તે સારી સ્થિતિમાં છે.ભવિષ્યમાં રમવાની બાબતે તેણે કહ્યું કે તે જાણતો નથી કે તેના માટે હજુ કેટલી વધુ મેચ બચી છે.

અશ્વિન માટે શ્રીલંકાના મેદાન ખુબ યાદગાર રહ્યાં છે જેમાં તેણે ૨૦૧૫ના પ્રવાસ પર ગોલમાં ૧૦ વિકેટ લીધી હતી

**અનુસંધાન પાન નં.૬ ઉપર**



## શિખર ધવનની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી થઈ



ગોલના મેદાન ખાતે રમાયેલી આ ટેસ્ટમાં ભારતીય ટીમે બેટિંગ અને બોલિંગ બન્ને ક્ષેત્રોમાં યજમાન શ્રીલંકાને હાર આપી હતી. પ્રથમ બેટિંગ કરીને ભારતીય ટીમે ૬૦૦ રનનો જુમલો ખડક્યો હતો. ત્યારબાદ શ્રીલંકાની ટીમને બન્ને ઈનિગ્સમાં સસ્તામાં આઉટ કરવામાં ભારતીય બોલરો સફળ રહ્યા હતા. આ ટેસ્ટ મેચ પાંચ દિવસના બદલે ચાર દિવસમાં જ પૂર્ણ થઈ ગઈ છે. ભારત તરફથી શિખર ધવને ઓપનિંગમાં શાનદાર બેટિંગ કરી હતી. પ્રથમ ઈનિગ્સમાં તે ભવ્ય સદી ફટકારી ગયોહતો. શિખર ધવને ૧૬૮ બોલમાં ૩૧ ચોગ્ગાની મદદથી ૧૯૦ રન કર્યા હતા. ભારત તરફથી પુજારાએ પણ ૧૫૩ રનની ઈનિગ્સ રમી હતી. આ ટેસ્ટ મેચમાં શાનદાર દેખાવ કરીને ભારતીય ક્રિકેટ પ્રેમીઓને કેટલાક અંશે રોમાંચિત કર્યા છે. કારણ કે ભારતીય ટીમની હાલમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનની સામે કારમી હાર થઈ હતી. જેથી ક્રિકેટ પ્રેમીઓમાં ભારે નિરાશા હતી.

# કોહલીની મોટી સિધ્ધી : કેપ્ટન તરીકે કરેલી ૧૦મી ટેસ્ટ સદી

**ટીમ સ્પીરીટ**

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ આજે તેની યશકલગીમાં વધુ એક મોર પીછુ ઉમેરી લીધુ હતુ. શ્રીલંકા સામે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના આજે ચોથા દિવસે વિરાટ કોહલીએ તેની ટેસ્ટ કેરિયરની ૧૭મી સદી ફટકારી હતી. ગાલે આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે કોહલીએ કેપ્ટન તરીકે પોતાની ૧૦મી સદી ફટકારી હતી. જ્યારે ટેસ્ટ કેરિયરની ૧૭મી સદી ફટકારી હતી. આની સાથે કોહલીએ ભારતના પૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીનના ટેસ્ટ કેપ્ટન તરીકેના રેકોર્ડને તોડી દેવામાં સફળતા મેળવી હતી. અઝહરે ટેસ્ટ કેપ્ટન તરીકે નવ સદી ફટકારી હતી. ભારતના બીજા દાવમાં ૫૨મી ઓવર ચાલી રહી હતી ત્યારે વિરાટ કોહલીએ આ સિદ્ધી હાંસલ કરી હતી. આ ઓવરમાં કોહલીએ સિંગલ રન લઈને સિદ્ધી હાંસલ કરી હતી. વિરાટ કોહલી હવે તેના નામ પર ૧૭ ટેસ્ટ સદીનો રેકોર્ડ ધરાવે છે. તેની સરેરાશ પણ ૫૦ ઉપર પહોંચી ગઈ છે. કેપ્ટન તરીકે પણ તે નવી નવી સિદ્ધી હાંસલ કરી રહ્યો છે. કેપ્ટન તરીકે ૪૪મી ઈનિગ્સમાં કોહલીએ આ સિદ્ધી હાંસલ કરી હતી. જ્યારે અઝહરુદ્દીને ૬૮ ઈનિગ્સમાં નવ સદી ફટકારી હતી. વિરાટ કોહલી છેલ્લા કેટલાક સમયથી જોરદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. આજે પણ તેનો દેખાવ અકબંધ રહ્યો હતો. ગઈકાલથી આગળ રમતા ધારણા પ્રમાણે જ કોહલીએ સિદ્ધી મેળવી હતી.

આધુનિક સમયના સૌથી મોટા સ્ટાર તરીકે તેને ગણવામાં આવે છે. વિરાટ કોહલીએ ઉપયોગી ભાગીદારી પણ નોંધાવી હતી. તે અભિનવ મુકુન્દ અને રહાણેની સાથે ઉપયોગી ભાગીદારી નોંધાવીને ભારતની સ્થિતીને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. વિરાટ કોહલીએ બીજા દાવમાં ૧૦૩ રનની અણનમ ઈનિગ્સ રમી હતી. ભારતે તેનો બીજો દાવ ત્રણ વિકેટ ગુમાવીને ૨૪૦ રને ડિકલેર કર્યો હતો. કોહલીએ પોતાની ઈનિગ્સ દરમિયાન વધુ એક સિદ્ધી હાંસલ કરી હતી.

તે વિદેશી જમીન પર સૌથી ઝડપી ૧૦૦૦ રન બનાવનાર ભારતીય કેપ્ટન પણ બની ગયો હતો. તે સચિન તેન્ડુલકના રેકોર્ડને તોડવામાં સફળ રહ્યો હતો. સચિને ૧૯ ઈનિગ્સમાં આ રેકોર્ડ કર્યો હતો. જ્યારે કોહલીએ ૧૭ ઈનિગ્સમાં આ સિદ્ધી હાંસલ કરી હતી.

ગેરી સૌબર્સે ૧૩ અને એલિસ્ટર કુકે ૧૪ ઈનિગ્સમાં આ સિદ્ધી હાસલ કરી હતી. બોબી સિમ્પસને ૧૬ ઈનિગ્સમાં આ સિદ્ધી હાંસલ કરી હતી. ભારતે આજે ઐતિહાસિક સફળતા હાંસલ કરી લીધી હતી. ચાહકોમાં ખુશી જોવા મળી હતી.

ગેરી સોબર્સ સૌથી આગળ છે

### ટેસ્ટમાં વિદેશની જમીન પર ઝડપથી ૧૦૦૦ રન

ગોલ ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે વિરાટ કોહલીએ આજે કેટલીક સિદ્ધી મેળવી હતી. વિદેશી જમીન પર સૌથી ઝડપી ૧૦૦૦ રન બનાવવાની સિદ્ધી કોહલીએ હાંસલ કરી હતી.વિરાટ કોહલીએ આજે વિદેશમાં સૌથી ઝડપી એક હજાર રન પુરા કરવાની સિદ્ધી હાસલ કરી હતી. વિદેશમાં સૌથી ઝડપી ૧૦૦૦ રન પુરા કરવાનો રિકોર્ડ ગેરી સોબર્સના નામ પર છે. સોબર્સે સૌથી પહેલા ૧૩ ઈનગ્સમાં આ સિદ્ધી હાંસલ કરી હતી. વિદેશમાં ઝડપી ૧૦૦૦ રન કરનાર બટ્સમેનો નીચે મુજબ છે.

| બેટ્સમેન | ૧૦૦૦ રન(ઈનિગ્સમાં) |
|---|---|
| સચિન તેન્ડુલકર | ૧૯ |
| વિરાટ કોહલી | ૧૭ |
| ગેરી સોબર્સ | ૧૩ |
| એલિસ્ટર કુક | ૧૪ |
| બોબી સિમ્પસન | ૧૬ |

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.પ્રથમ વાર કયા વર્ષે ૨૯ ઓગષ્ટ 'રાષ્ટ્રીય ખેલ દિવસ' મનાવાયો ?

૨.'સંતોષ ટ્રોફી' કઈ રમત સાથે સંકળાયેલ છે ?

૩. સુશીલકુમાર કઈ રમત સાથે સંકળાયેલા છે ?

૪.૨૦૧૫ માં ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૫.વિશ્વમાં વન-ડે માં સૌ પ્રથમ ૬૦૦૦ રન કરનાર મહિલા ખેલાડી કોણ ?

૬. આ વર્ષે વિમ્બલ્ડનમાં કયા ખેલાડીએ ડિફેન્ડીંગ ચેમ્પિયન અને વર્લ્ડ નંબર વન એન્ડીમરેને કવાર્ટર ફાઈનલમાં હરાવીને અકલ્પનીય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી ?

૭. આ વર્ષે કઈ મહિલા ખેલાડીએ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૮. હાલમાં જ વન-ડેમાં ભારતની મિતાલી રાજે કયા દેશ સામે છઠ્ઠી સદી કરીહતી ?

૯. હાલમાં જ લંડન મુકામે આયોજીત વર્લ્ડ પેરા એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં કયા ભારતીય ખેલાડીએ બરછીફેંકમાં ગોલ્ડમેડલ જીત્યો હતો ?

૧૦. હાલમાં જ કયા ખેલાડીએ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૧૧.'બીસીસીઆઈ દ્વારા કુંબલે પછી દ્રવિડ-ઝહીરનું જાહેરમાં અપમાન થઈ રહ્યું છે' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૨. હાલમાં જ કયા ભારતીય ખેલાડીએ ઓસ્ટ્રેલિયામાં મેલબોર્ન ખાતે રમાયેલ વિકટોરીયા ઓપન સ્કવોશ ટુર્નામેન્ટ જીતી ઈતિહાસ સર્જ્યો હતો ?

૧૩. અત્યાર સુધીમાં વિશ્વમાં આઠ વખત વિમ્બલ્ડન ટાઈટલ જીતનાર ખેલાડી કોણ છે ?

જવાબ :

૧.પ્રથમ વાર ૧૯૯૫ ના વર્ષે ૨૯ ઓગષ્ટ 'રાષ્ટ્રીય ખેલ દિવસ' મનાવાયો.

૨.'સંતોષ ટ્રોફી' ફુટબોલ રમત સાથે સંકળાયેલ છે.

૩. સુશીલકુમાર કુસ્તીની રમત સાથે સંકળાયેલા છે.

૪.૨૦૧૫ માં ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ મુકામે કરવામાં આવ્યું હતું.

૫.વિશ્વમાં વન-ડે માં સૌ પ્રથમ ૬૦૦૦ રન કરનાર મહિલા ખેલાડી ભારતની મીતાલી રાજ છે.

૬. આ વર્ષે વિમ્બલ્ડનમાં અમેરીકાના સેમ કવરીએ નામના ખેલાડીએ ડિફેન્ડીંગ ચેમ્પિયન અને વર્લ્ડ નંબર વન એન્ડીમરેને કવાર્ટર ફાઈનલમાં હરાવીને અકલ્પનીય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

૭. આ વર્ષે સ્પેનની મુગુરૂઝાએ અમેરીકાની વીનસ વિલીયમ્સ મહિલા ખેલાડીને ૭-૫, ૬-૦ થી હરાવીને વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ જીતી હતી.

૮. હાલમાં જ વન-ડેમાં ભારતની મિતાલી રાજે ન્યુઝીલેન્ડ દેશ સામે છઠ્ઠી સદી કરીહતી.

૯. હાલમાં જ લંડન મુકામે આયોજીત વર્લ્ડ પેરા એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં સુંદરસિંઘ ગુર્જર નામની ભારતીય ખેલાડીએ બરછીફેંકમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

૧૦. હાલમાં જ સ્વિઝરલેન્ડના રોજર ફેડરરે ક્રોએશીયાના મરીન સીલીકીને ૬-૩, ૬-૧, ૬-૪ થી હરાવીને ખેલાડીએ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ જીતી હતી.

૧૧.'બીસીસીઆઈ દ્વારા કુંબલે પછી દ્રવિડ-ઝહીરનું જાહેરમાં અપમાન થઈ રહ્યું છે' હાલમાં જ આ વિધાન ઈતિહાસવિદ રામચંદ્ર ગુહાએ કર્યું હતું.

૧૨. હાલમાં જ ભારતના હરીન્દર પાલ સીંધુ નામના ભારતીય ખેલાડીએ ઓસ્ટ્રેલિયામાં મેલબોર્ન ખાતે રમાયેલ વિકટોરીયા ઓપન સ્કવોશ ટુર્નામેન્ટ જીતી ઈતિહાસ સર્જ્યો હતો.

૧૩. અત્યાર સુધીમાં વિશ્વમાં આઠ વખત વિમ્બલ્ડન ટાઈટલ જીતનાર ખેલાડી સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર છે.

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

# સૌથી ઓછી ઉંમરે ટેસ્ટમાં ત્રેવડી સદી





**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

ટેસ્ટક્રિકેટમાં સૌથી નાની ઉંમરે ત્રેવડી સદી નોંધાવવાની સૌ પ્રથમ ઘટના ૧૯૩૦ માં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયા વચ્ચેની લીડસ ખાતેની ટેસ્ટમાં ઓસ્ટ્રેલીયાના સર ડોન બ્રેડમેને ૩૩૪ રન બનાવ્યા ત્યારે તેમની ઉંમર ૨૧ વર્ષ ૩૧૮ દિવસની હતી.

૧૯૫૮ માં કીંગસ્ટન ખાતે વેસ્ટ ઈન્ડિઝના સર ગેરી સોબર્સે પાકિસ્તાન વિરૂદ્ધ અણનમ ૩૬૫ રન નોંધાવ્યા ત્યારે તેમની ઉંમર ૨૧ વર્ષ ૨૧૩ દિવસની હતી. સોબર્સે ટેસ્ટ ક્રીકેટના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે ત્રેવડી સદી નોંધાવવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો. ૩૬૫ અણનમનો સ્કોર એ સમયે

ટેસ્ટક્રિકેટમાં વ્યક્તિગત સર્વોચ્ચ રનનો રેકોર્ડ હતો. જે વેસ્ટ ઈન્ડિઝના બ્રાયન લારાએ ૪૦૦ રન નોંધાવીને વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો હતો.

ટેસ્ટક્રિકેટમાં સૌ પ્રથમ વ્યક્તિગત વધુ રનનો જુમલો ઈંગ્લેન્ડના લેન હટને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૯૩૮ ની ઓવલ ટેસ્ટમાં ૩૬૪ રન કર્યા હતા. જે એ સમયનો સૌથી વધુ વ્યક્તિગત રનનો સ્કોર નોંધાયો હતો.

પાકિસ્તાનના

હનીફ મોહમ્મદે વેસ્ટ ઈન્ડીઝ સામેની ૧૯૫૮ ની બ્રીજટાઉન ખાતેની ટેસ્ટમાં ૩૩૭ રન નોંધાવ્યા. વેસ્ટ ઈન્ડીઝ અને પાકિસ્તાન વચ્ચેની આ શ્રેણીમાં બે ત્રેવડી સદી નોંધાઈ હતી. હનીફ મોહમ્મદે જ્યારે ત્રેવડી સદી નોંધાવી ત્યારે એમની ઉંમર ૨૩ વર્ષ ૨૭ દિવસની હતી.

વેસ્ટ ઈન્ડિઝના બ્રાયન લારાએ ઈંગ્લેન્ડ સામેની ૧૯૯૪ ની શ્રેણીની સેન્ટજોન્સ ખાતેની ટેસ્ટમાં ૩૭૫ રન નોંધાવ્યા. ત્યારે લારાની ઉંમર ૨૪ વર્ષ ૩૪૯ દિવસની હતી.

ભારતના કરૂણનાયરે ઈંગ્લેન્ડ સામેની ૨૦૧૬ ની શ્રેણીની ચેન્નઈ ટેસ્ટમાં અણનમ ૩૦૩ રન નોંધાવ્યા ત્યારે કરૂણ નાયરની ઉંમર ૨૫ વર્ષ અને ૧૦ દિવસની હતી.કરૂણ નાયરે ભારત તરફથી પ્રથમ ટેસ્ટ સદી ત્રેવડી સદી રૂપે નોંધાવનાર પ્રથમ ખેલાડી અને વિશ્વનો ગેરી સોબર્સ અને બોંબ સીમ્પસન પછીનો ત્રીજો ખેલાડી બન્યો હતો.

કરૂણ નાયરે પોતાના અણનમ ૩૦૩ રનમાંથી એક દિવસમાં ૨૩૨ રન નોંધાવ્યા હતા.

વેસ્ટ ઈન્ડિઝના લોરેન્સ રોવે ઈંગ્લેન્ડ સામેની ૧૯૭૪ ની શ્રેણીની બ્રીજટાઉન ખાતેની ટેસ્ટમાં ૩૦૨ રન નોંધાવ્યા ત્યારે લોરેન્સ રોવની ઉંમર ૨૫ વર્ષ અને ૫૭ દિવસની હતી.

ઓસ્ટ્રેલિયાના બોલ કાઉપરે મેલબોર્ન ખાતે ૧૯૬૬ ની શ્રેણીની ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટમાં ૨૫ વર્ષ અને ૧૨૯ દિવસની ઉંમરે ૩૦૭ રન નોંધાવ્યા હતા.

ભારતના વિરેન્દ્ર સહેવાગે ૨૦૦૪ ની પાકિસ્તાન સામેની મુલ્તાન ટેસ્ટમાં ૩૦૯ રન નોંધાવ્યા ત્યારે સહવાગની ઉંમર ૨૫ વર્ષ અને ૧૬૦ દિવસની હતી. વિરેન્દ્ર સહવાગે એક દિવસમાં ૨૨૮ અણનમ રન નોંધાવ્યા હતા

**કમલેશ કંસારા**

### શ્રેણીનો કાર્યક્રમ........

ગાલેમાં પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ શરૂ થઈ છે ત્યારે સમગ્ર શ્રેણીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

૨૬-૩૦ જુલાઈ ગાલેમાં પ્રથમ ટેસ્ટ (સવારે ૧૦.૦૦)

૩-૭ ઓગસ્ટ કોલંબોમાં બીજી ટેસ્ટ (સવારે ૧૦.૦૦)

૧૨-૧૬ ઓગસ્ટ કેન્ડીમાં ત્રીજી ટેસ્ટ (સવારે ૧૦.૦૦)

૨૦મી ઓગસ્ટ બામ્બુલામાં પ્રથમ વનડે (બપોરે ૨.૩૦)

૨૪મી ઓગસ્ટ કેન્ડીમાં બીજી વનડે (બપોરે ૨.૩૦)

૨૭મી ઓગસ્ટ કેન્ડીમાં ત્રીજી વનડે (બપોરે ૨.૩૦)

૩૧મી ઓગસ્ટ કોલંબોમાં ચોથી વનડે (બપોરે ૨.૩૦)

ત્રીજી સપ્ટેમ્બર કોલંબોમાં પાંચમી વનડે (બપોરે ૨.૩૦)

૬ઠ્ઠી સપ્ટેમ્બર એકમાત્ર ટ્વેન્ટી (બપોરે ૨.૩૦)

## કેપ્ટન તરીકે ટેસ્ટ સદી ફટકારવામાં કોહલીએ અઝહરને પાછળ છોડ્યો : હવે માત્ર સુનિલ ગાવસ્કરથી પાછળ

**ટર્નીંગ પોઈન્ટ**

શ્રીલંકા સામેની ટેસ્ટ દરમિયાન મેળવી સિદ્ધી

ત્રણેય ફોર્મટમાં ૫૦ની સરેરાશ ધરાવતો કોહલી પ્રથમ બેટ્સમેન

ભારત અને શ્રીલંકા વચ્ચે ગોલમાં રમાઈ રહેલ પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે પોતાની બીજી ઈનિંગમાં પણ પોતાનો દબદબો યથાવત રાખ્યો. બીજી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાએ કેપ્ટન કોહલીની ૧૭મી સદી અને અભિનવ મુકુંદના શાનદાર ૮૧ રનની મદદથી શ્રીલંકા સામે ૫૫૦ રનનો લક્ષ્યાંક રાખ્યો છે.

શ્રીલંકા વિરુદ્ધ પ્રથમ ઈનિંગમાં ફ્લોપ રહેલ કેપ્ટન વિરાટ કોહલીએ બીજી ઈનિંગમાં શાનદાર ૧૦૩ રનની ઈનિંગ રમી. આ સાથે જ વિરાટ કોહલીએ કેટલાક રેકોર્ડ્સ પોતાને નામે કરી લીધા છે. ગોલ ટેસ્ટમાં સદી ફટકારતાની સાથે જ ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટમાં બેટિંગ એવરેજ વધુ સારી થઈ છે.

ટેસ્ટમાં તેની બેટિંગ એવરેજ ૫૦.૦૩ થઈ ગઈ છે. વનડે ક્રિકેટની વાત કરવામાં આવે તો કોહલીની એવરેજ ૫૪.૬૮ છે. આ ઉપરાંત ટી-૨૦ ઈંટરનેશનલમાં તે ૫૩ની સરેરાશથી રમે છે. આપને જણાવી દઈએ કે, વર્તમાન સમયમાં વિરાટ કોહલી દુનિયાનો એવો પ્રથમ બેટ્સમેન છે, જેની ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં એવરેજ ૫૦ કે તેથી વધુ છે. ભારતીય કેપ્ટન કોહલીએ અત્યાર સુધી પોતાના ટેસ્ટ કરીયરમાં ૧૭ સદી ફટકારી છે. પરંતુ ગોલ ટેસ્ટમાં સદી ફટકારીને તેણે ટેસ્ટ મેચની ત્રીજી ઈનિંગમાં પોતાની પ્રથમ સદી ફટકારી છે. ભારતીય કેપ્ટન કોહલીએ ગોલમાં પોતાની આ સદી બાદ ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીનને પાછળ છોડી દીધો છે. અઝહરે પોતાની કેપ્ટનશીપમાં ૬૮ ઈનિંગમાં ૯ સદી ફટકારી હતી, જયારે કોહલીએ કેપ્ટન તરીકે પોતાની ૧૦મી ટેસ્ટ સદી બનાવવામાં ૪૪ ઈનિંગનો સમય લીધો.

## રોમાંચક મુકાબલામાં અંતિમ ૧૦ બોલમાં ભારતના હાથેથી જીત નિકળી ગઈ

મહિલા વિશ્વકપ ૨૦૧૭ની ફાઈનલ મેચ ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે અહીં રમાઈ હતી.આ મુકાબલામાં ભારતીય ટીમ અંતિમ ઓવરમાં દબાણ સહન કરી શકયુ નહીં અને નવ રને પરાજય થઈ ઉપવિજેતા બની સંતોષ કરવો પડયો જો કે ભારતીય ટીમે ઈતિબાસ બનાવવાથી જરૂર ચુક કરી પરંતુ ટુર્નામેન્ટમાં જે ઉત્સાહથી ભારતીય ટીમ રમી તેની દરેક કોઈ પ્રશંસા કરી રહ્યું છે.

મેચમાં એક સમયે ભારતીય ટીમ ખુબ મજબુત નજરે પડી રહી હતી એક સમયે ટીમનો સ્કોર ૪૨.૪ ઓવરમાં ત્રણ વિકેટ પર ૧૯૧ રન હતો અને તે જીતથી ફકત ૩૮ રન દુર હતી આગામી ૨૮ રનની અંદર સાતેય ખેલાડી પેવેલિયન ભેગા થયા હતાં. દબાણમાં અનુભવહીન ભારતીય ટીમ પુરી રીતે ધરાશાઈ થઈ અને સતત વિકેટ પડતી રહી.

૪૭ ઓવર બાદ ભારતનો સ્કોર સાત વિકટ પર ૨૧૫ રન હતો તે સમયે ટીમને જીતવા માટે ૧૮ બોલમાં ૧૪ રનની જરૂરત હતી અને તેની ત્રણ વિકેટ બાકી હતી મેદાનમાં દીપ્તિ શર્મા અને શિખા પાંડેય હાજર હતી અને એવું લાગી રહ્યું હતું કે સિંગર લઈને પણ આરામથી જીત સુધી પહોંચી શકાય તેમ છે જેની ગુનની ઓવરની પહેલી બોલ પર શિખાએ એ કર લીધો આગામી બોલ પર દીપ્તીએ એક રન લીધો અને તેની આગામી બોલ પર વાઈડના રૂપમાં એક વધારાનો રન મળ્યો હવે ૧૬ બોલરમાં ૧૧ રન બનાવવાના હતાં અહીં સુધી ભારતીય ટીમ પુરી રીતે લયમાં લાગી રહી હતી પરંતુ ગુનની આગામી બોલ પર સિંગલ લેવાના ચક્કરમાં શિખા પાંડે આઉટ થઈ ગયા ભારતીય ટીમમાં નિરાશા છવાઈ ગઈ કરોડો પ્રશંસકોની પ્રાર્થનાઓ શરૂ થઈ ગઈ.શિખા બાદ બેટીંગ કરવા આવેલ પુનમ પહેલી બોલ પર કોઈ રન લઈ શકી નહીં હવે ૧૪ બોલરમાં ૧૧ રનની જરૂરત હતી. આગામી બોલમાં પણ કોઈ રન બની શકયો નહીં અન ભારતને જીતવા માટે ૧૨ બોલરમાં ૧૧ રન બનાવવાના હતાં.

૪૯મી ઓવરની પહેલી બોલ પર દીપ્તી આઉટ થઈ ગઈ અને તેની સાથે જ ભારતની જીતની આશા પણ ખત્મ થઈ ગઈ હવે ૧૧ બોલરમાં ૧૧ રનની જરૂરત હતી પરંતુ મેદાન પર જ યુવતીઓ મૂળ રીતે બોલર હતી આગામી બોલ પર પુનમ યાદવ રન બનાવી શકીન હતી તેની આગામી બોલ પર તેણે ૧ રન લીધો હવે જીત માટે ૧૦ રન જોઈતા હતાંઅંતિમ વિકેટ માટે રાજેશ્વરી ગાયકવાડ અને પુનમ યાદવ મેદાનમાં હતાં ભારતીય દર્શકો આશા રાખી રહ્યાં હતાં કે કંઈક ચમત્કાર થશે પરંતુ શ્રુબરોલની બોલ પર ગાયકવાડ આઉટ થઈ ગયો અને ભારતીય ખેલાડીઓની સાથે કરોડો પ્રશંસકો આશાઓ પર પાણી ફરી વળ્યુ. આ સાથે જ ૧૯૮૩માં જે મેદાન પર કપિલ દેવ અને ટીમે વિશ્વકપ ઉઠાવ્યો હતો ત્યાં ભારતીય મહિલા ટીમને ઉપવિજેતા બનીને જ સંતોષ વ્યકત કરવો પડયો હતો.

# ચેતેશ્વર પુજારા ૫૦મી ટેસ્ટ યાદગાર બનાવવા તૈયાર છે



ભારત અને શ્રીલંકા વચ્ચે બીજી ક્રિકેટ ટેસ્ટ મેચ ત્રીજી ઓગસ્ટથી શરૂ થઈ રહી છે. આ ટેસ્ટ મેચ આધારભૂત બેટ્સમેન ચેતેશ્વર પુજારા માટે યાદગાર બની શકે છે. ચેતેશ્વર પુજારાએ હજુ સુધી ટેસ્ટ ક્રિકેટમાં ૪૯ ટેસ્ટ મેચોમાં રમી છે અને ૩૯૬૬ રન બનાવ્યા છે. તેની સરેરાશ ૫૨.૧૮ની આસપાસ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચમાં શાનદાર જીત મેળવી લીધા બાદ ભારતીય ટીમ આક્રમક તૈયારીની સાથે સાથે મોજમસ્તી કરી રહી છે. ભારતીય ક્રિકેટ ટીમે પ્રથમ ટેસ્ટ મેચમાં ૩૦૪ રને ઐતિહાસિક જીત મેળવી હતી. શ્રીલંકા ઉપર પ્રથમ ટેસ્ટ મેચમાં જીત મેળવી લીધા બાદ ભારતીય ટીમ ૧-૦ની લીડ ધરાવે છે. પ્રથમ ટેસ્ટમાં જીત મેળવી લીધા બાદ હવે ચેતેશ્વર પુજારા બીજી ટેસ્ટ મેચમાં પણ જોરદાર દેખાવ કરવા ઈચ્છુક છે. પ્રથમ ટેસ્ટ મેચમાં પુજારાએ શાનદાર સદી ફટકારી હતી. જાલોર ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં સ્પીનર રવિચંદ્રન અશ્વિને ૫૦ ટેસ્ટ મેચોની સિદ્ધિ હાસલ કરી હતી. હવે ચેતેશ્વર પુજારા આ દિશામાં વધી રહ્યોછે. એસએસસી ટેસ્ટ મેચ ચેતેશ્વર પુજારા માટે યાદાગર બની રહેશે. ચેતેશ્વર હજુ સુધી ટેસ્ટ ક્રિકેટમાં ૩૯૬૬ રન બનાવ્યા છે અને તેને ૪૦૦૦ રન પુરા કરવા માટે વધુ ૩૪ રનની જરૂર છે. પુજારા વનડે ક્રિકેટમાં સ્થાન મેળવી શક્યો નથી પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તે આધારસ્તંભ તરીકે ઉભર્યો છે.

**પુજારાના આંકડા........**

ચેતેશ્વર પુજારાએ ટેસ્ટ ક્રિકેટમાં ૪૯ મેચ રમીને હજુ સુધી ૩૯૬૬ રન બનાવ્યા છે.

પુજારા હવે ૫૦મી ટેસ્ટ મેચ રમવા જઈ રહ્યો છે. પુજારાની ટેસ્ટ કેરિયર નીચે મુજબ છે.

| | |
|---|---|
| ટેસ્ટ મેચ | ૪૯ |
| રન | ૩૯૬૬ |
| હાઈએસ્ટ | ૨૦૬ |
| સરેરાશ | ૫૨.૧૮ |
| સદી | ૧૨ |
| અડધી સદી | ૧૫ |

## પુજારાની ટેસ્ટ ક્રિકેટમાં સરેરાશ ૫૦થી ઉપરની રહી ૪૦૦૦ રન પુરા કરવા ૩૪ રનની જરૂર

### કાંકરેજના પુરગ્રસ્તોની ..

પાના નં .૩ ચાલુ

ધર્મશાળામાં જઈ રાહત શિબિરમાં પીડીતો સાથે ભોજન પ્રસાદ લીધું હતું ત્યાં રાહત કેમ્પમાં જઈ દરેક બાળકો મહિલાઓને મળી તેમના ખબર અંતર પૂછયા હતા. ત્યાબાદ ખારીયા ગામની મુલાકાત લઈ ખારીયા નદીમાં જઈ ત્યાં એનડીઆરએફની ટીમ સાથે ચર્ચા કરી હતી તેમજ પૂર્ણ સહકારની ખાત્રી આપી હતી. બાદમાં સૌથી વધુ પ્રભાવિત રૂની ગામની મુલાકાત પણ લીધી હતી. તેમની સાથે જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, થરા માર્કેટયાર્ડ ચેરમેન અણદાભાઈ પટેલ, સુખદેવસિંહ સોઢા, તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્રીઓ કિશોર બી.પ્રજાપતિ, ઈસુભા વાઘેલા, અમૃતભાઈ દેસાઈ, મહેશભાઈ દવે, શશીકાંતભાઈ પંડયા, ફલજીભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, પૃથ્વીરાજસિંહ વાઘેલા, પ્રકાશભાઈ બારોટ વગેરે હાજર રહ્યા હતા.

### પુર પ્રકોપના..

પાના નં .૩ ચાલુ

નિષ્ફળ નિવડ્યો છે.આ પાણીનો પ્રવાહ ખેતરોમાં સુકાતા હજુ એક માસ લાગે તેમ છે.જેથી કરીને ખેડૂતોને ચોમાસુ પાક અને શિયાળુ પાક પણ નિષ્ફળતાના આરે છે.જોકે વાવ તાલુકાનું ટડાવ ગામ પુર પરિસ્થિતિનો વધુ ભોગ બન્યું છે. પુરની વિકટ પરિસ્થિતિમાં ગામના સરપંચ પ્રવીણભાઈ રાઠોડે મદદથી પુર પીડીતોનો બચાવ કર્યો હતો.જેમની કામગીરી પ્રસંસાને પાત્ર બની રહી હતી.હાલની પરીસ્થિતિ જોતાં ટડાવ ગામનું સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રા.શાળા પાણીમાં ગરકાવ છે.મચ્છરોનો ઉપદ્રવવધી જતાં ટડાવ ગામ ગંદકીથી ખદલદી રહ્યું છે.આરોગ્ય તંત્ર સત્વરે સાવદુ બની ગંદકીનો નિકાલ કરે નહિતર મચ્છરોનો ઉપદ્રવના લીધે ભયંકર રોગચાળો ફાટી નીકળવાની ભીંતી સેવાઈ રહી છે.ટડાવ ગામમાં યુધ્ધના ધોરણે દવાઓનો છંટકાવ કરાવેલ લોક હીતમાં છે.

### વડગામના ..

પાના નં .૩ ચાલુ

મેઘરાજભાઈ ચૌધરી, હેમરાજભાઈ સરદારભાઈ ચૌધરીના ખેતરોમાંથી કુલ સાત ચંદનવૃક્ષોની તસ્કરી થઈ હોવાનું ખેડૂતોએ રજુઆત કરી છે. આ વિસ્તારમાં ચંદનની ખેતી મોટા પાયે થાય છે. જેથી વિરપ્પન ટોળકી અવારનવાર ચંદનના વૃક્ષો ઉઠાવી જાય છે. નવિસેંધણી પંથકમાં વિરપ્પન ટોળકી સક્રિય થતાં લોકોમાં ભય ફેલાયો છે.

### દીઓદર પ્રાંત..

પાના નં .૩ ચાલુ

કર્યો હતો. મત વિસ્તારના મોરાલ, આગથળા, ગણતા, લાખણી વિગેરે ગામોની મુલાકાત લીધી હતી. સાંજના ભાગે પાલનપુર ખાતે શ્રી મુખ્યમંત્રીશ્રી સાથે બેઠકમાં હાજરી આપીને અતિવૃષ્ટિ, કામગીરી, સહાય ને પડતી મુશ્કેલીઓના વિષયોની સમીક્ષા કરી હતી.

### પાલડી ગ્રામ...

પાના નં .૩ ચાલુ

પુરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે બેઠા આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી ડીસા માર્કેટયાર્ડની એમ્બ્યુલન્સ વાનમાં કમિટિની તબીબી ટીમ સાથે ગામે ગામ જઈ ગ્રામજનોને દવા સાથે ફ્રી નિદાન સહિતની આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે. આ અંગે ડીસા માર્કેટયાર્ડના ઈન્ચાર્જ સેક્રેટરી એ.એન.જોષીએ જણાવ્યું હતું કે ચેરમેન માવજીભાઈ દેસાઈની સુચનાથી બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડ દ્વારા એમ્બ્યુલન્સ વાનમાં કમિટિની તબીબી ટીમ સાથે ગામડે ગામડે જઈ અસરગ્રસ્તોને દવા તેમજ ફ્રી નિદાન કરીને આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

### કાંકરેજ તાલુકાના ...

પાના નં .૩ ચાલુ

અગાઉ નહી આવ્યા હોય તેવી જગ્યાએ આવ્યા છે. ત્યારે રૂની ગામે પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં પાણી આવતા વ્યાપક પ્રમાણમાં નુકશાન થવા પામ્યું છે.જો કે વરંડો પણ પડી ગયો છે અને મંદિરમાં કાદવ કિચડ ભરાઈ ગયા છે. જો કે તેની સફાઈ હાથ ધરાઈ છે.વધુમાં જણાવ્યું કે પાણીના વહેણમાં એક ભેંસ તણાઈને આવેલ છે તે મંદિર પરીસરના ધાબા પર આવી હતી.

### થરાદના શિવનગરમાં ..

પાના નં .૮ ચાલુ

લાલીયાવાડી શરુ થતાં ક્યાંક નુકશાન હોયકે ન હોય પણ આખા ગામને કેશડોલ્સ અને ઘરવખરીનો બેવડો લાભ, તો કયાંક ગામના સાચા અસરગ્રસ્તોને અન્યાય અને નુકશાન ન થઇ રહ્યું હોય તેવા લોકો લાભ લેતાં તેમને સરકારી બાબુઓ સરકારનાં નાણાંની લ્હાણી કરી રહ્યા હોવાનો આક્ષેપ આક્રોશ સાથે લોકો થરાદની કચેરીમાં આવી વ્યક્ત કરી રહ્યા છે.

થરાદ શહેરના શિવનગર, તાલુકાના ચુડમેર, મલુપુર, મોરીલા, દુધવા, જમડા, મિયાલ સહીત અનેક ગામોમાં આવી ફરીયાદો ઊઠવા પામી છે. જો કે થરાદ પંથકના કેટલાકનેતો નુકશાન ન થયું હોય તો પણ આખા ગામના લોકોની ખોટી માંગણીને લઈને સહાય આપવાનું પણ બંધ કરી દીધું હોવાનું જાણવા મળ્યુંછે.તો કેટલાંક ગામોમાં આખા ગામની સંમતીઓ પણ આવી રહી છે. થરાદના શિવનગરમાં નુકશાન ન થયું હોવા છતાં ૧૨૦૦ જેટલાં ફોર્મ ભરીને ત્રીસેક ટકા લોકોને સહાય આપ્યા બાદ બુધવારે અચાનક બંધ કરી દેવાતાં બાકી રહી ગયેલા ધુંઆપુંઆ બનીને રહીશો પ્રાંત કચેરીમાં દોડી આવ્યા હતા અને ઉગ્ર રજુઆતો કરી હતી.આથી કચેરી દ્વારા ચીફઓફીસરને જણાવાયું હતું. જો કે તંત્રએ અસરગ્રસ્ત પરિવારોને જ સહાય આપવી ખોટુ ચુકવણું કરી સરકારી સહાયનો દુરૂપયોગ કરનાર સામે કાર્યવાહી કરાશે તેમ પણ જણાવ્યું હતું.

### વાવ અને સૂઈગામ..

પાના નં .૮ ચાલુ

તેમનું સ્વાગત કરી 'જય જિનેન્દ્ર' ના નારા લગાવ્યા હતા. ત્યારબાદ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હેલીકોપ્ટર મારફત નાળોદર ગામે પહોચ્યા હતા. જ્યાં તેઓ નાળોદર ગામના સરપંચ લક્ષ્મણસિંહ દરબારના નિવાસ સ્થાને રોકાઈ પુરપીડીતોની વેદનાને સાંભળી હતી અને જણાવ્યું હતું કે વાવ અને સૂઈગામ પંથકના પુરપીડીતોની પડખે હું ઉભો છું પીડીતોને જરાપણ આંચ આવવા નહી દઉ. પુર પરિસ્થિતિનો ભોગ બનેલા વાવ અને સૂઈગામ પંથકના ગામોને મકાન સહાય, પશુ સહાય જમીન ધોવાણ સહાય, પાક સહાય, કેશડોલ્સ જેવી તમામ સહાયો પુરી પાડીશ તેમ કહી વધુમાં તેમણે જણાવ્યું હતું કે હું મારા ૬૨ મા જન્મદિવસે મારી જનતાને આવેલી આપત્તિઓ વચ્ચે સરહદના સીમાડે ઉભો છું છેલ્લા પાંચ દિવસથી જેમણે વાવ અને થરાદ પંથકના પુરપીડીતોના ગામોની જવાબદારી સોંપાઈ છે.જેઓ રાત દિવસ તેમના મત વિસ્તારની ચિંતા કરી રહ્યા છે. તેવા વાવના ધારાસભ્ય અને રાજય મંત્રી શંકરભાઈ ચૌધરી પણ પુરપીડીતોની પડખે રહી સાચા સેવક બની મુખ્યમંત્રી રૂપાણીને સરહદના સીમાડ ેલાવી વાવ અને સૂઈગામ પંથકના ગામોનો ચિતાર બતાવ્યો હતો. આમ વાવ તાલુકાના નાળોદર અને સૂઈગામ તાલુકાના કાંણોઠી ગામના પુરપીડીતોની મુલાકાત લઈ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને શંકરભાઈ ચૌધરી પાટણ જિલ્લામાં રવાના થયા હતા.

### દીઓદરમાં કોર્ટ....

પાના નં .૮ ચાલુ

વ્હીકલ જો રોડ થી ઉતરી જાય તો પણ ખાડામાં જઈ પડે તેવી હાલત અને આ કોર્ટ સંકુલ જ્યાં બની રહ્યું છે તે ચોમાસા દરમ્યાન આજુબાજુના ગામોમાંથી જી.આઈ.ડી.સી.થઈ દીઓદર કેનાલ અને તળાવમાં જતા પાણીના મુખ્ય માર્ગની મધ્યમાં છે.જેના કારણે દર ચોમાસામાં અહીં પાણી ભરાય છે.ગત ચોમાસામાં પણ તેની બાજુમાં જ આવેલ નર્મદા કચેરીમાં પડેલ બોલેરો ગાડી પણ ડુબી ગઈ હતી અને ત્યાં ચાર-પાંચ જણ પાણીમાં ફસાઈ ગયા હતા.તરવૈયાઓની મદદથી માંડ માંડ બચાવવામાં આવેલ.

આજ વિસ્તારમાં કોર્ટ સંકુલનું કામ ચોમાસામાં જ શરૂ કરાયું અને ઉંડા ઉંડા ખાડા કરાયા અને વરસાદી પાણી આવતાં અહીં જળ બંબાકારની સ્થિતિ સર્જાયેલ.અહીં કોઈ અજુગતો બનાવ બને તો જવાબદારી કોની ? હાલે ખાડામાં ભરાયેલા પાણી કાઢવા માટે મશીન શરૂ કરવામાં આવ્યા છે.મુખ્ય પાણીનું વહેણ હોઈ ચોમાસા દરમ્યાન હજુ પાણી આવી શકે તેમ છે તો તંત્ર દ્વારા સરકારશ્રીના પરિપત્રનું સરેઆમ ઉલ્લંઘન કરી કામ કરતા કોન્ટ્રાક્ટરો સામે લાલ આંખ કરાશે ખરા ? કે વજત તળે સૌ સારા વાના થશે ? કામ શરૂ કરવા પૂર્વે મેઈન રોડ તરફ પતરાં જેવી આડાસ ઉભી કરાય તેવી પ્રજાની માંગ છે.

### પૂરથી પ્રભાવિત ....

પાના નં .૮ ચાલુ

ધાનેરામાં શ્રી ધાખા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આચાર્ય ભગવંત યશોવિષયજી મહારાજ સાહેબ અને અન્ય જૈન મુનિવર્યોના ચાતુર્માસ અવસરે આજે મુખ્ય મંત્રીનું જન્મદિન અભિવાદન જૈન શ્રેષ્ઠીઓ અને ગ્રામજનોએ કર્યુ હતું.

મુખ્યમંત્રીએ આ અભિવાદનનો ઋણ સ્વીકાર કરતા કહ્યું કે પૂરનો પ્રકોપ એટલો ભયાવહ હતો કે જો વહીવટીતંત્ર અને સરકારે સમયસૂચકતા વાપરીને કેન્દ્ર સરકારની મદદ તથા NDRF, એરફોર્સ, લશ્કર વગેરેની સહાયથી લોકોનું સ્થળાંતર ન કરાવ્યું હોત તો મોટી જાનહાનિ સર્જાઈ હોત. શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે ૮૦,૦૦૦ જેટલા લોકોનું આ અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળાંતર થયું છે અને ૨૦,૦૦૦થી વધુ લોકોને પાણીમાંથી બચાવી લેવાયા છે. હવે વરસાદ અટક્યો છે અને બચાવકાર્ય પૂરૂં થયું છે ત્યારે હવે રાહતકામોને વેગવંતા બનાવ્યાં છે અને સૌથી વધુ પ્રભાવિત એવા ધાનેરાને આવનારા ત્રણ દિવસમાં સાફસૂથરું કરી દેવું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે સૂરત મહાનગરપાલિકાની ૨૫૦થી વધુ કર્મયોગીઓની ટૂકડીઓ JCB, ડમ્પર સહિતના સફાઈ સાધનો સાથે સૂરત મ્યુનિસિપલ કમિશનર થેન્નારસનના નેતૃત્વમાં અહીં સાફ- સફાઈના કામો કરી રહી છે. પૂરના પ્રકોપનો સામનો કરનારા ધાનેરા અને સમગ્ર બનાસકાંઠા તથા પાટણને આપણે પુરુષાર્થથી પહેલા કરતા સવાયા, સુવિધાયુક્ત બનાવવા છે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે છેલ્લાં પાંચ દિવસથી રોજેરોજ અસરગ્રસ્ત વિસ્તારોની દિવસભર મુલાકાત, પ્રજાજનો સાથે સંવાદ અને સ્થિતિના નિરીક્ષણ પછી રાત્રે ઉચ્ચસ્તરીય બેઠકો યોજીને ફટાફટ જનહિત નિર્ણયો અહીં બેઠા જ લઈએ છીએ. ગુજરાતના એ સંસ્કાર રહ્યાં છે કે આફતની કોઈ પણ ઘડીએ મદદ સહાય માટે ગુજરાતીઓ કદી પાછા પડ્યા નથી. આ અસરગ્રસ્તો માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં દાનનો અસ્ખલિત પ્રવાહ આવી રહ્યો છે. નાણાંના અભાવે કોઇ રાહત કાર્ય અટકશે નહીં, તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત ઉપર સંતશક્તિના આશીર્વાદ હંમેશા રહ્યાં છે ત્યારે આ ત્રાસદીમાંથી સંતો-ભગવંતોના આશીર્વાદથી ગુજરાત ઝડપભેર બેઠું થશે જ. આ અવસરે આચાર્ય યશોવિષયજી મહારાજ સાહેબે મુખ્યમંત્રીશ્રીને યશસ્વી અને સેવાભાવી શાસનના આશીર્વાદ પાઠવ્યા હતાં. મુખ્યમંત્રીશ્રીનું જૈન સંઘ દ્વારા જન્મદિન અભિવાદન કરવામાં આવ્યું હતું તથા મુખ્યમંત્રીશ્રી રાહત નિધિમાં શ્રી ધાકા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પશુપાલન મંત્રી શ્રી બાબુભાઈ બોખિરીયા, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રીમતિ અંજલિબહેન રૂપાણી તથા વરિષ્ઠ અધિકારીઓ અને જૈન શ્રાવકો ઉપસ્થિત રહ્યા હતાં.

### મુખ્યમંત્રી વિજયભાઇ...

પાના નં .૮ ચાલુ

મુખ્યમંત્રીશ્રીએ આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના જન્મ દિવસ પ્રસંગે અહિંસા સંઘ, મુંબઈ દ્વારા પૂરગ્રસ્તોને સહાય માટે રૂા.૧૧,૧૧,૧૧૧ ના દાનની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના જન્મ દિવસ પ્રસંગે હીર વલ્લભ જૈન ગૃપ પાલનપુર દ્વારા પૂરગ્રસ્તો માટે ૬૧૦ ધાબળા તથા અનાજ-વાસણની ૬૧૦ કીટ ભરેલા ટ્રકને મુખ્યમંત્રીશ્રીના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ.

### પૂરની આફત પછી ...

પાના નં .૮ ચાલુ

પૂરની આફત પછી બનાસકાંઠા જીલ્લાને ઝડપથી બેઠો કરવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને મંત્રીશ્રીઓ અસરગ્રસ્ત વિસ્તારોના ગામડાઓ ખુંદી રહ્યા છે. તેમણે કહ્યું કે પ્રજાવત્સલ અને સંવેદનશીલ મુખ?યમંત્રી તરીકે લોકોના દિલમાં સ્થાન મેળવનાર આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પૂરગ્રસ્તોને સહાય માટે પાંચ દિવસ માટે બનાસકાંઠા જીલ્લામાં કેમ્પ કરીને ગામડે ગામડે ફરીને અસરગ્રસ્તોને મળી તેમની મુશ્કેલીઓ જાણીને સહાયની કામગીરી વેગવંતી બનાવી છે. મંત્રીશ્રીએ કહ્યું કે અસરગ્રસ્તોને સહાય આપવામાં કોઇ કચાશ રખાશે નહિ. તેમણે કહ્યું કે આ વિસ્તારને મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી જેવુ સમર્થ નેતૃત્વ મળ્યું છે જેઓ પ્રજાના હિત અને કલ?યાણ માટે હમેંશા સક્રિય અને ચિંતિત હોય છે. મંત્રીશ્રી જશાભાઇ બારડે અસરગ્રસ્તોને અપાતી સહાયની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે પશુમૃત્યુ સહાય રૂ. ૩૦,૦૦૦-/ થી વધારીને હવે રૂ. ૪૦,૦૦૦-/ કરવામાં આવી છે તેમજ ૩ ના બદલે ૫ પશુઓ સુધી પશુમૃત?યની સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું કે અસરગ્રસ્તોને પુરતી સહાય આપવા સરકાર છેલ્લા ચાર દિવસથી બનાસકાંઠામાં ચાલે છે. મંત્રીશ્રી જશાભાઇ બારડે અસરગ્રસ્તોને હિંમત અને આશ્વાસન આપતાં જણાવ્યુ હતુ કે, રાજય સરકાર આ તમામ અસરગ્રસ્ત વિસ્તારોને ઝડપભેર બેઠા કરવામાં કોઇ કચાશ રાખશે નહીં. સમગ્ર સરકાર તમારી સાથે છે. તેમણે જણાવ્યુ હતુ કે, આવી પડેલી પ્રાકૃતિક આપત્તિને આપણે સૌ સાથે મળી આશીર્વાદમાં પલટીએ. અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જાનહાનિ નિવારી શકાઇ છે તેનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, વહીવટીતંત્રએ ગ્રામ્ય વિસ્તારોમાં સમયસર ચેતવણી આપીને હજારો ગ્રામજનોનું સમયસર સ્થળાંતર કરાવતાં ભારે પૂરની પરિસ્થિતી છતાં પણ મોટી જાનિહાનિ નિવારી શકાઇ છે.મંત્રીશ્રીની મુલાકાત દરમિયાન ભાભર માર્કેટયાર્ડ ખાતે મંત્રીશ્રીના હસ?તે ઘાસચારાનું વિતરણ કરવામાં આવ?યું હતું. આ પ્રસંગે ભાભર માર્કેટયાર્ડના પ્રમુખશ્રી લાલજીભાઇ ચૌધરી, જી.પંચાયત સહકાર સમિતિના ચેરમેનશ્રી કુંવરજી ઠાકોર, અગ્રણીઓ સર્વશ્રી વૈંકુંઠભાઇ આચાર્ય, શ્રી જીવણગર ગૌસ્વામી, બનાસડેરીના શ્રી માનસિંહભાઇ ચૌધરી,અધિક કલેકટરશ્રી સોલંકી સહિત અગ્રણીઓ,અધિકારીઓ અને લોકો ઉપસ?થિત રહ્યા હતા.

### કાંકરેજ તાલુકામાં..

પાના નં .૮ ચાલુ

માર્ગ મકાન ખાતાની મીલી ભગત સ્પષ્ટ જોવા મળી જેમાં રેત - પાણી ને રોડાં સીવાય કંઈ જ જોવા મળતું નથી. રાજ્ય સરકાર બનાસકાંઠામાં પાંચ દિવસ છે ત્યારે મંત્રીઓ વિવિધ સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે સ્થાનિક તંત્ર દ્વારા ચાલતી બોગસ કેશ ડોલ્સ ચૂકવવાની પ્રક્રિયાની નોંધ લેવાશે ખરૂ ?

કાંકરેજ તાલુકાના કેશ ડોલ્સ ચૂકવણી બાબતે ગ્રામ પંચાયતોમાં ઉગ્ર વિવાદ શરૂ થશે જેમાં કેશ ડોલ્સ નહી ચૂકવાય તેવા ગામના સરપંચ - તલાટી - શિક્ષકો ગ્રામજનોના ઉગ્ર રોષનો ભોગ બને તેવા સંજોગો ઉભા થઈ રહ્યા છે. કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારમાં ઓછી સહાય કેશ ડોલ્સને પૂરગ્રસ્ત વિસ્તાર સિવાયના લોકોને વધુ દિવસની કેશ ડોલ્સ મળી રહ્યાની ફરીયાદ પણ ઉઠી રહી છે તો રાહત સામગ્રીને સેવાભાવી સંસ્થાઓની સહાય મેળવવા કેટલાક બહારના જુથો ઉતરી આવ્યા છે પોલીસ તંત્ર તથા સ્થાનિક લોકો સજાગ બની આવા લોકોને ખુલ્લા પાડે નહીતર ભવિષ્યમાં લુંટફાટ - ચોરીના બનાવો પૂરની સામગ્રી સ્થિતિ રાબેતા મુજબ થયા બાદ જોવા મળશે તેવું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

કાંકરેજ તાલુકામાં આડેધડ જરૂરીયાત સિવાયના લોકોને ઝડપથી કેશ ડોલ્સ ચૂકવાઈ રહી હોવાથી કેટલાક વિસ્તારમાં શ્રાવણીયા જુગાર અને દેશી - વિદેશી દારૂમાં વ્યસ્ત લોકોની સંખ્યા વધી હોવાની ચોકાવનારી વિગતો મળી રહી છે. કાંકરેજ તાલુકામાં કેશડોલ્સની ચૂકવણી ક્યાં હેતુથી થાય છે તે લોકોમાં સમજાતું નથી. જ્યાં પૂર કે વરસાદી નુક્શાન થયું નથી તેવા ગામડાંને વિસ્તારોના ચૂકવણું તથા રાહત સામગ્રી અપાઈ રહી છે.

કાંકરેજ તાલુકામાં સાચા પૂરગ્રસ્ત વિસ્તારના લોકોને સહાય મળે તે જરૂરી છે. કાંકરેજ તાલુકામાં હજુ ઘણા ગામડા પર વાહન વ્યવહાર શરૂ થયા નથી તો પ્રાથમિક - માધ્યમિક શાળાઓની સ્થિતિ બહુ ખરાબ છે. તેનું ઝડપી રીપેરીંગ કે તપાસ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે. ઘાસચારો દાણને બીજી સહાયનો ધોધ વહી રહ્યો છે. કપડાને કેટલીક વસ્તુઓ ઠેરઠેર રખડતી જોવા મળે છે જે બાબતે સેવાભાવી સંસ્થાઓ લોકો અભ્યાસ કરી આગળ વધે તે જરૂરી છે.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૮૭૦૦-૩૯૯૦૦** |
| રૂપુ કાચું | ૩૮૭૦૦-૩૯૯૦૦ |
| સોનુ તોલો | ૨૮૫૦૦-૨૯૫૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** |
| પામોલીન | ૮૮૫-૯૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૧૫૦-૨૪૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| રીંગણ | ૫૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૬૦૦-૨૦૦૦ |
| ભીંડા | ૫૦૦-૮૦૦ |
| કોબી | ૨૪૦-૨૮૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦ |
| **ગવાર** | **૯૦૦-૧૦૦૦** |
| બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

### અખિલ વિશ્વ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

અને પાટણ જિલ્લાના ૩ તાલુકા મળી કુલ ૧૦ તાલુકાના પ્રભાવિત ગામડાઓમાં જઈ વિવિધ ખાદ્ય સામગ્રી ફુડપેકેટ જરૂરી ચીજવસ્તુઓની કીટ બનાવી વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં તા.૨૭/૭/૨૦૧૭ ને ગુરૂવારના ગાયત્રી પરિવાર - ઓઢવા દ્વારા અંદાજીત ૨.૫ ટન ફુડ પેકેટ, ૨૦ હજાર પાણીના પાઉચ, ૫૦૦ જેટલા જરૂરી કપડાનુ કુલ ૪ થી ૫ લાખ જેટલો સામનનુ કાંકરેજ અને થરાદ તાલુકાના ગામડાઓમાં જઈ વિતરણ કર્યુ હતું. જ્યારે તા.૨૮/૭/૨૦૧૭ ના રોજ ગાયત્રી પરિવાર - પાટણ, ગાયત્રી પરિવાર શાહીબાગ અમદાવાદ, ગાયત્રી પરિવાર રાણીપ અમદાવાદ અને ગાયત્રી પરિવાર હિંમતનગર દ્વારા અંદાજીત ૧૩૬૦૦ જેટલા ફુડપેકેટ ૧૪૦૦ જેટલા કપડા ૩૧૦૦ પેકેટ ખાદ્યસામગ્રીનુ કાંકરેજ રાધનપુર ધાનેરા - દિયોદર ડીસા અને થરાદ તાલુકામાં ગામડાઓમાં વિતરણ કર્યુ હતું. જ્યારે તા.૨૯/૭/૨૦૧૭ ને શનિવારના રોજ ગાયત્રી પરિવાર અમદાવાદની શાખાઓ જેવી કે મેઘાણીનગર અસારવા, હાસોલ, નેતાજીનગર, સરદારનગર, શાહીબાગ, માણસા અને ભાગેવમાંથી અંદાજીત ૨૦ હજાર ફુડપેકેટ, ૩૦ હજાર પાણીના પાઉચ બે હજાર કપડા અને ૩૫૦૦ જેટલી સાધન સામગ્રીની કીટનુ રાધનપુર, સમી અને વાવ તાલુકાના ગામડાઓમાં જઈ આપવામાં આવ્યું હતું. જ્યારે તા.૩૦/૭/૨૦૧૭ ને રવિવારના રોજ ગાયત્રી શક્તિપીઠ ગાંતીનગર, ગાયત્રી ચેતના કેન્દ્ર સુરત, ગાયત્રી પરિવાર નરોડા, ગાયત્રી પરિવાર બાપુનગર, ઈન્ડીયા કોલોની, ઈસનપુર, ઘોડાસર અને ઓઢવા માંથી અંદાજીત ૧૨ હજાર ફુડપેકેટ એક હજાર પાણીના પાઉચ ૧૦ હજાર વસ્ત્રો ૧૨૫૦ સાડીઓ ૧૫૦૦ ધાબળા સહિત ૨૧૦૦ જેટલી સાધન સામગ્રીની કીટનું ધાનેરા - થરાદ - વાવ - સુઈગામ - લાખણી - રાધનપુર વારાહી તાલુકાના ગામડામાં વિતરણ કર્યુ હતું. આ ઉપરાંત ગાયત્રી શક્તિપીઠ મહેસાણા, રાજુભાઈ પટેલ કલોલ, ગાયત્રી શક્તિપીઠ દાહોદ, ગાયત્રી શક્તિપીઠ લીમડી, ગાયત્રી શક્તિપીઠ, સુરેન્દ્ર નગર, ગાયત્રી શક્તિપીઠ વિજાપુર, ગાયત્રી શક્તિપીઠ પાલનપુર દ્વારા પણ ફુડપેકેટ રાશન ખાદ્ય સામગ્રી મેડીકલ કીટ, વાસણો સહિત અનેક ચીજવસ્તુઓનું પુર પ્રભાવિત ગામડાઓમાં જઈ વિતરણ કર્યુ હતું. અને આ અવિરત પણે સેવાનો દોર ચાલુ રહેતા ગાયત્રી શક્તિપીઠ જામનગર સહિત ગુજરાત ભરમાંથી ગાયત્રી પરિવાર દ્વારા સમગ્ર બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પુરથી પ્રભાવિત ગામમાં જઈ સેવા કરવામાં આવી રહી છે જે સેવાનો દોર આગામી સમયમાં ચાલુ રહેવાનું ગાયત્રી પરિવાર દ્વારા જાણવા મળી રહ્યું છે.

### ખેતીને નુક્શાન ..

પાના નં .૩ ચાલુ

મહેસુલ મંત્રીએ ગતરોજ કાંકરેજ તાલુકાના ખેગારપુરા, ઉંબરી, આંબલૂણ, મોટા જામપુર, દુદાસણ વગેરે ગામોની મુલાકાત લઈને અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી નુક્શાની અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ગ્રામજનોએ ખાસ કરીને નદીના વહેણને ધ્યાનમાં રાખીને નદી પરના પુલ, આસપાસના પાળાઓ, કેનાલ નેટવર્ક પરના સાયફન વગેરેમાં જરૂરી ફેરફાર અને તેના વધુ મજબુતી કરણની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. મંત્રી ચુડાસમાંએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫ અને ચાલુ વર્ષે જિલ્લાના જે ગામોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. તેવા ગામોમાં ભવિષ્યમાં પુરની વિનાશક અસર ના થાય તે ધ્યાનમાં રાખી લાંબા ગાળાનું આયોજન કરવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

### અશ્વિન

અનુસંધાન પાના નં.૫ નું ચાલુ

અશ્વિને ૨૭ વાર પાંચ વિકેટ પોતાના નામે કરી છે જયારે સાતવાર તેણે ૧૦ વિકેટની ઉપલબ્ધિ હાંસલ કરી છે.

અશ્વિનના નામે એક હોમ સીજનમાં સૌથી વધુ વિકેટ લેવાનો પણ રેકોર્ડ છે ૨૦૧૬-૧૭માં તેણે ૬૪ વિકેટ લીધી હતી આ સાથે જ તે ભારતમાં રમાયેલ એક હોમ સીજમાં સૌથી વિકરેટ લેનાર બોલર પણ છે આ પહેલા આ રેકોર્ડ કપિલ દેવના નામે હતો. અશ્વિનના નામ પર એક સીજમાં સૌથી વધુ વિકેટ લેવાનો પણ રેકોર્ડ છે.આ વર્ષ માર્ચમાં અશ્વિને એક સીજનમાં ૭૯ વિકેટ લઈ ફાસ્ટ બોલર ડેલ સ્ટેનના રેકોર્ડને તોડી નાખ્યો હતો. ડેલે ૭૮ વિકેટ લઈ આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

## હસીન હોલીવુડ

સ્પીસીસ ફિલ્મની હીરોઈન નતાશા હેસ્ટ્રીજે કબુલ્યું છે કે પાતળા દેખાવાની ચાહતમાં એણે ધરખમ ગોળીઓ ગળી જઈને પોતાની જાતને ઘણું નુકશાન પહોંચાડયું છે. હોલીવુડ માંગે છે પાતળું શરીર.. એ માટે મેં એવી એવી વસ્તુઓ કરી છે જે ડહાપણભરી નહોતી.. નતાશા કહે છે મેં કેટલીક ચાઈનીઝ જડીબ-ટ્ટીઓ પણ લીધી હતી પણ પાછળથી ખબર પડી કે એ જડીબુટ્ટીઓ હકીકતમાં તો વજન ઘટાડનારી દવાઓ જ હતી. આ ગોળીઓ શરીરના મેટાબોલીઝમને ભરપુર નુકશાન પહોંચાડે છે.

★★★★★★

## હદ કર દી આપને

અમેરીકાના દક્ષિણ કેરોલીનાના એક ઝુમાં પાંચ વરસની ચીમ્પાન્જી અંજના ચિત્તાના બાળકને દુધ પીવડાવી રહી છે. અંજનાએ સારસંભાળ લેવાનું કામ ઝુના કર્મચારીઓને જોઈને શીખ્યું છે. ઝુના ડાયરેકટરના કહેવા પ્રમાણે ચીમ્પાન્ઝી ખુબ જ ઝડપથી કોઈ વસ્તુને શીખી લે છે. અંજના અત્યાર સુધી સફેદ વાઘના બે, ચિત્તાના એક અને સીંહના ચાર બચ્ચાની દેખભાળ કરી ચુકી છે.

★★★★★★

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ-ડે કિસ્મત



પિતા : પુનાજી ઠાકોર
માતાઃ સેજલબેન ઠાકોર
જન્મ તારીઃ ૦૩-૦૮-૨૦૧૪
ઉ.વ.૩
ગેલા.તા.લાખણી.બનાશકાંઠા.

## જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ............................................

## બહુચરાજીના નાયબ મામલતદારની મામલતદાર તરીકે બઢતી

ચાણસ્મા

રાજય સરકાર દ્વારા તાજેતરમાં ૨૨૭ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમાં બહુચરાજી મામલતદાર કચેરીમાં મધ્યાહન ભોજન નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા કિશોરદાન જી.ગઢવીને મામલતદાર સંવર્ગમાં બઢતી આપી કચ્છ જિલ્લા કલેકટર કચેરીમાં ચિટનિશ તરીકે મૂકવામાં આવ્યા છે. જ્યારે ચાણસ્મા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર ગણપતપુરી એસ. ગોસ્વામીને અમદાવાદ જિલ્લામાં માંડલ તાલુકા મામલતદાર તરીકે નિમણૂંક આપવામાં આવી છે.

## રાધનપુર તાલુકાના ગોતરકામાં સેવાભાવીઓનું સન્માન


કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકાના યુવાનોએ વિનાશક પુરમાં ઘરસમસતા પાણીના પ્રવાહમાં જીવના જોખમે પુરગ્રસ્ત લોકોને બચાવ્યા અને જીવન જરૂરિયાતની સાધન સામગ્રી પહોચાડી એ બદલ એડવોકેટ મનોજભાઈ જોષીએ આ તમામ યુવાનોને છત્રી અને ટોર્ચ આપીને સન્માન કર્યું હતું પૂ.નિજાનંદબાપુની નિશ્રામાં સન્માન થતા યુવાનોના જુસ્સામાં વધારો થયો હતો.

## રાધનપુરમાં રોગચાળો ના ફેલાય તે માટે આયુર્વેદિક ઉકાળા કેમ્પ


કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુરમાં આવેલ પુર અને ભારે વરસાદને લીધે પાણીનો ભરાવો થઈ જવાથી રોગચાળો ના ફેલાય તે માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય આયુષ વિભાગ દ્વારા ૧૦ દિવસ માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ ચાલુ કરવામાં આવેલ છે જેમાં રાધનપુરના હોમિયોપેથી અને આયુર્વેદિક એસોશિયેશન પણ જોડાયું હતું. રાધનપુર શહેરમાં પોસ્ટ ઓફિસ સામે ઉપરાંત નાનાપુરા, બાદરપુરા, અમીરપુરા સહિતના ગામોમાં પણ આવા કેમ્પ યોજવામાં આવ્યા છે. જેનો લાભ લેવા અપીલ કરવામાં આવી હતી.

પાટીદાર ક્રાંતિકારી સંમેલનમાં બહુચરાજી પંથકના કાર્યકરો જોડાશે

ચાણસ્મા

છેલ્લા કેટલાક સમયથી મંદ પડી ગયેલું પાટીદાર અનામત આંદોલન ફરી એકવાર ગતિ પકડી રહ્યું છે.જેના ભાગરૂપે આગામી શનિવાર તા.૫ ઓગસ્ટના રોજ અમદાવાદ સોલા સ્થિત ઉમિયા કેમ્પસમાં પાટીદાર ક્રાંતિકારી કાર્યકર સંમેલનનું આયોજન કરાયું છે.જેમાં રાજયભરમાંથી હજારો કાર્યકરો ઉમટી પડશે.બહુચરાજી શહેર વિસ્તારમાંથી પણ અનેક કાર્યકરો જનાર છે.૪ લક્ઝરી બસ તેમજ ૧૦ થી વધુ નાની-મોટી ગાડીઓનું બુકિંગ થઈ ગયું હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

પાસના આગેવાનોના જણાવ્યા મુજબ આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે.અને તેમાં આંદોલનને નિર્ણાયક તબક્કે પહોંચાડવા માટે પાસ કન્વીનર હાર્દિક પટેલ સહિતના આંદોલનકારીઓ દ્વારા નવેસરથી પાટીદાર સમાજની ચાર મુખ્ય સંસ્થાઓ ખોડલધામ, ઉંઝા ઉમિયા ધામ, સિંદસર અને સુરતના હોદ્દેદારો સાથે બેઠકો યોજી આંદોલનમાં સહયોગ અને સમર્થન માંગવામાં આવી રહ્યું છે.જેમાં આ સંસ્થાઓનો હકારાત્મક અભિગમ સાંપડ્યો છે. જેને લઈ આગામી ૫ મી ને શનિવારે સોલા અમદાવાદ ખાતે યોજાનાર ક્રાંતિકારી કાર્યકર સંમેલનમાં સરકાર ઉપર દબાણ વધારવા નવી રણનીતિ જાહેર કરવામાં આવનાર છે.હાલમાં આ સંમેલનને સફળ બનાવવા બહુચરાજી પંથકનાં ગ્રામ્ય વિસ્તારમાં ગામે ગામ રાત્રિ બેઠકો યોજાઈ રહી છે.આજે મોઢેરા પાસેના ગાંભુ ગામે યોજાયેલી બેઠકમાં કન્વીનર હર્ષદભાઈ એ.પટેલ,

જશુભાઈ પટેલ સહિતના આગેવાનોએ હાજરી આપી.સંમેલનમાં મોટી સંખ્યામાં જોડાવવા હાકલ કરી હતી.બેઠકમાં ગાંભુ તેમજ આસપાસના ગામના પાટીદારો હાજર રહ્યા હતા.જ્યારે તા.૩ જીએ રાત્રે પ્રતાપનગર ગામે બેઠક યોજાનાર છે.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડીસા | | ગવાર | ૫૯૦ | પાટણ | |
| એરંડા | ૮૫૩-૮૫૮ | ઘઉં | ૩૦૫-૩૨૦ | જીરૂ | ૨૨૦૦-૩૨૦૦ |
| રાયડો | ૬૫૦-૬૬૩ | બાજરી | ૨૨૫-૨૫૫ | વરીયાળી | ૭૦૦-૧૧૦૦ |
| ઘઉં | ૨૯૫ | જુવાર | ૪૩૦-૫૨૦ | મેથી | ૪૪૦-૪૬૧ |
| બાજરી | ૨૫૦-૨૮૫ | બંટી | ૧૦૦૦-૧૦૮૪ | સુવા | ૭૩૦-૯૦૦ |
| મગફળી | ૫૧૧-૮૭૫ | ભીલડી | | બંટી | ૨૨૧-૩૧૪ |
| પાલનપુર | | એરંડા | ૮૩૫-૮૪૮ | રાયડો | ૬૨૫-૭૨૧ |
| એરંડા | ૮૫૦-૮૭૦ | રાયડો | ૬૨૫ | એરંડા | ૮૪૦-૮૭૬ |
| ઘઉં | ૩૧૧-૩૪૦ | રાજગરો | ૭૪૫-૭૮૦ | ઘઉં | ૩૧૫-૩૫૩ |
| બાજરી | ૧૫૦-૨૬૮ | બાજરી | ૨૦૫-૨૫૮ | બાજરી | ૨૪૫-૨૮૩ |
| રાયડો | ૬૭૦-૬૭૨ | ઘઉં | ૨૯૨-૩૦૪ | અજમો | ૬૫૦-૮૮૦ |
| મગફળી | ૪૨૫-૮૦૩ | ગવાર | ૬૪૯ | જવ | ૨૯૦-૩૦૦ |
| રાજગરો | ૭૭૨-૮૩૦ | વડગામ | | અડદ | ૬૪૫ |
| થરા | | બાજરી | ૧૮૬-૨૫૮ | ગવાર | ૬૨૦-૬૫૫ |
| જીરૂ | ૩૩૬૨-૩૩૮૦ | એરંડા | ૮૫૦-૮૫૧ | જુવાર | ૩૦૦-૫૯૬ |
| એરંડા | ૮૫૦-૮૫૫ | ગવાર | ૫૯૦-૬૨૦ | | |

## રાધનપુર - સાંતલપુરમાં ઠાકોર સેનાના પાંચસો કાર્યકરો સેવામાં લાગ્યા

તા.પ્રતિ. રાધનપુર

રાધનપુર - સાંતલપુર તાલુકાના પુરગ્રસ્ત વિસ્તારોમાં સહાયરૂપ બનવા માટે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ અધ્યક્ષ અલ્પેશ ઠાકોરના નેજા હેઠળ અને યુવા અગ્રણી ડો.ગાવિંદભાઈ ઠાકોરના સતત પ્રયત્નશીલ માર્ગદર્શન હેઠળ છેલ્લા સાત દિવસથી ઠાકોર સેનાના પાંચસો કાર્યકરો સતત સેવામાં લાગ્યા છે ગામડાઓમાં સહાયની સાધન સામગ્રી પહોંચાડવા માટે પાંચ ટ્રેક્ટર, બે જીપ અને ત્રણ જીપડાલા કામ ઉપર લગાવવામાં આવ્યા છે. દરરોજ અલગ - અલગ ટીમો બનાવીને ત્રીસેક ગામોનો સંપર્ક કરી પંદરસો જેટલા અસરગ્રસ્તોને કપડા અને જમવાનુ પુરૂ પાડવામાં આવે છે. આ માટે સમગ્ર ગુજરાતના ખુણે - ખુણેથી ઠાકોર સેનાના કાર્યકરો સહાય લઈને આવી રહ્યા છે. જેમના માટે ઠાકોર સમાજના છાત્રાલયમાં જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રદેશ અધ્યક્ષ અલ્પેશ ઠાકોર પણ બે વાર મુલાકાત લઈ ગયા છે. ગુજરાતના ખુણે - ખુણેથી એટલી સહાય સામગ્રી આપે છે કે રૂમો ભરાઈ ગયા છે. જેમાં બે ટાઈમ જમણવાર કરિયાણાની કીટ, સુકો નાસ્તો, પારલે બિસ્કીટ, પાણીના પાઉચ, ધાબળા, ગાદલા, કપડા પ્રાથમિક દવાઓ સહિતની સહાય પુરી પાડવામાં આવે છે.


કમલ ચક્રવર્તી

## મંત્રી ગણપતભાઈ વસાવાએ રાધનપુર તાલુકાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી

પાટણ

પાટણ જિલ્લા માં ભારે વરસાદને કારણે રાધનપુર, સાંતલપુર, હારીજ અને સમી તાલુકાઓના ગામો પ્રભાવિત બન્યાા છે. આદિજાતિ વિકાસ, પ્રવાસન અને વન વિભાગના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ રાધનપુર તાલુકાના ગોતરકા, હીરાપુરા,ધોલકડા, કામલપુર, મઘાપુરા અને દહેગામની મુલાકાત લીધી હતી. મંત્રીએ અસરગ્રસ્તલ વિસ્તારના લોકોની વ્યથા સાંભળી તેને સત્વ રે ઉકેલવાની ખાતરી આપી હતી. પુરગ્રસ્તો વિસ્તાયરના લોકોને પુરના કારણે ઘરની ઘરવખરી, ઢોર ઢાંખર તણાઈ જવા છતાં સૌ સાથે મળી પુરની મુશ્કેલીઓનો સામનો કર્યો તેને બિરદાવ્યોં હતો. રાજય સરકાર દ્વારા અસરગ્રસ્તછ દરેક ગામોમાં ઝડપથી સર્વે કરાવી લોકોને કોઈપણ ભેદભાવ વગર સહાય ચૂકવવામાં આવશે. ખોટા લોકો લાભ ન લઈ જાય અને સાચા અને અસરગ્રસ્ત લોકોને સહાય મળી રહે તે જોવા ગ્રામજનોને સુચન કર્યું હતું. મંત્રીએ વધુમાં જણાવ્યુ઼ હતું કે આ આફત માનવસર્જીત નથી. કુદરતી આફત છે. ગુજરાતના લોકો આફતને અવસરમાં પલટી નાખે છે. કુદરતી આફતમાં રાજય સરકાર લોકોની પડખે ઉભી રહી છે. મંત્રી સાથે રાધનપુરના ધારાસભ્યશ્રી નાગરજી ઠાકોર, પ્રવિણભાઈ મહાલક્ષ્મી, ડૉ. દેવજીભાઈ, ભોજાભાઈ, વન અધિકારીશ્રી આર.એ.દરેડીયા, સમાજ કલ્યાણ અધિકારીશ્રી વિઠ્ઠલભાઈ પટેલ જોડાયા હતા.

## રાધનપુર કોલેજમાં રજતજ્યંતિનો કાર્યક્રમ યોજાયો

રાધનપુર

“હિમત વિદ્યાનગર” સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરનો પ્રારંભ ૧૯૯૨માં થયો હતો. ૨૩મી જુલાઈ ૨૦૧૭ ના રોજ કોલેજના ૨૫ વર્ષ પૂર્ણ થયા હોઈ તે અંગેનો કાર્યક્રમ કોલેજમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન નાયબ પોલીસ અધિક્ષક પૃથ્વીરાજસિંહ ગોહિલે વિદ્યાર્થી ઓને માનનીય પ્રવચન આપ્યું હતું. અતિથી વિશેષશ્રી નાયબ કલેક્ટર એસ.ડી.ગિલવાએ જી.પી.એસ.સી.અને યુ.પી. એસ.સી. પરીક્ષાની ઉપયોગિતા દર્શાવી વિદ્યાર્થીઓને તેમાં આગળ વધવા અનુરોધ કરવામાં આવ્યો હતો. અધ્યક્ષ સ્થાનેથી ડો.મહેશભાઈ મુલાણીએ સંબોધન કર્યુ હતું. પ્રિ.ડો.સી. એમ. ઠક્કરે મહાનુભાવોને આવકારી કોલેજની શૈક્ષણિક અને સહઅભ્યાસની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ઓનરરી સેક્રેટરી ડો.નવીનભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના ઉદઘોષક તરીકે કુસુમબેન અખાણી તથા આભારવિધિ પ્રા.વી.બી. ખમારે કરી હતી.

## પાટણ બ્રહ્માકુમારીઝ સેન્ટર દ્વારા ૮૯ ગીતા પાઠશાળાઓનું સંચાલન

પાટણ

પાટણના બ્રહ્માકુમારી સેન્ટરમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ આ પ્રસંગે ત્રિભુવનભાઈએ સર્વનું શબ્દોથી સ્વાગત કર્યુ.જેઠાભાઈએ યોગી જીવનના ચાર પાયા શુધ્ધ જીવન, શુધ્ધ ભોજન, દૈવી ગુણ, સતસંગ, વિશે સમજાવતાં કહ્યું કે રાજયોગ ચારેય પાયાનો આધાર છે.

ડો.કાન્તિભાઈએ વધુમાં જણાવ્યું કે અંધશ્રધ્ધાથી અને કુરીવાજોથી દુર રહીએ.કોઈપણ બિમારીમાં ડોકટરની સલાહ લો.દોરા, ધાગાથી દુર રહીએ.બિમાર વ્યક્તિ સાથે પ્રેમ ભાવથી વ્યવહાર કરો.નફરત ન કરો.તથા કમજોર સંકલ્પોને સદાને માટે વિદાય આપવા નીલમદીદીએ જણાવેલ.

આ પ્રસંગે કુ.નંદનીએ સ્વાગત નૃત્ય પ્રસ્તૃત કર્યું હતું.

બ્રહ્માકુમારીઝ પાટણ સેવાકેન્દ્ર દ્વારા ૮૯ ગીતા પાઠશાળાઓમાં રેગ્યુલર રૂપમાં ક્લાસિસ થાય છે.બે હજારથી વધુ ભાઈ બહેનો નિયમિત રૂપે રાજયોગનો અભ્યાસ કરે છે.અને નિયમિત રૂપે સતસંગ પણ કરે છે. ઘર ગૃહસ્થમાં રહી જીવનમાં મુલ્યોને ધારણ કરનારાઓને પ્રેરણા આપે એવું જીવન જીવે છે.

## પુજારા કોલંબો ટેસ્ટ મેચને યાદગાર બનાવવા ઈચ્છુક

કોલંબો

ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલથી શરૂ થઈ રહેલી બીજી ટેસ્ટ મેચને યાદગાર બનાવી દેવા માટે ચેતેશ્વર પુજારા સજ્જ દેખાઈ રહ્યો છે. પુજારા પ્રથમ ટેસ્ટમાં સદી ફટકાર્યા બાદ બીજી ટેસ્ટમાં પણ સદી કરીને પોતાની ટેસ્ટ કેરિયરની ૫૦મી ટેસ્ટને યાદગાર બનાવવા માટે ઈચ્છુક છે. કોલંબો ટેસ્ટ મેચ આધારભૂત બેટ્સમેન ચેતેશ્વર પુજારા માટે યાદગાર બની શકે છે. ચેતેશ્વર પુજારાએ હજુ સુધી ટેસ્ટ ક્રિકેટમાં ૪૯ ટેસ્ટ મેચોમાં રમી છે અને ૩૯૬૬ રન બનાવ્યા છે. તેની સરેરાશ ૫૨.૧૮ની આસપાસ રહી છે.પ્રથમ ટેસ્ટમાં જીત મેળવી લીધા બાદ હવે ચેતેશ્વર પુજારા બીજી ટેસ્ટ મેચમાં પણ જોરદાર દેખાવ કરવા ઈચ્છુક છે. પ્રથમ ટેસ્ટ મેચમાં પુજારાએ શાનદાર સદી ફટકારી હતી. ચેતેશ્વર હજુ સુધી ટેસ્ટ ક્રિકેટમાં ૩૯૬૬ રન બનાવ્યા છે અને તેને ૪૦૦૦ રન પુરા કરવા માટે વધુ ૩૪ રનની જરૂર છે.

## ઉનાવાના આનંદનગરમાં ભેંસોના તબેલામાં ચોકીયાતને બંધક બનાવી ત્રણ પશુઓની ચોરી

ઊંઝા

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર આવેલ એક ખાનગી ટ્યુબવેલ પરના ભેંસોના તબેલામાં ત્રાટકેલા ચારથી પાંચ જેટલા અજાણ્યા શખ્સોએ ટ્યુબવેલ પરના ચોકિયાતને બંધક બનાવી બે ભેંસો એક પાડુ અને મોબાઈલ મળી કુલ એક લાખ નેવું હજારની કિંમતની મત્તાની દિલધડક લૂંટ ચલાવી નાસી છૂટ્યો હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર પંથકમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે, ઉનાવા ગામે મહેસાણા તરફના હાઈવે પર સ્થાનિક પોલીસ સ્ટેશનથી એક કિ.મી.દુર ઉનાવાના સીતારામ ભાઈ બબલદાસ પટેલનો ટ્યુબવેલ આવેલ છે.આ ટ્યુબવેલ પર દુધાળાં ઢોરના તબેલા પર મધરાત બાદ ચાર થી પાંચ જેટલા અજાણ્યા શખ્સો ત્રાટક્યા હતા. આ સમયે અવાજ થતાં તબેલા પરના ચોકિયાત જાગી જતાં અજાણ્યા શખ્સોએ તેમને ડરાવી ધમકાવી મોબાઈલ પડાવી લઈ ઓરડીમાં બંધક બનાવી દીધા હતા.બાદ તબેલામાં બાંધેલ બે ભેંસો અને એક પાડુ મળી કુલ ત્રણ પશુઓની આબાદ લૂંટ ચલાવીને ક્યાંક નાસી છૂટ્યા હતા.હમણાંથી ઉનાવા વિસ્તારમાં તસ્કરોએ ઉપાડો લેતાં પ્રજામાં ભયની લાગણી ફેલાઈ છે.ઉપરોક્ત બનાવ અંગે ઉનાવા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## પાટણ શહેર અને જિલ્લામાં અવિરત વરસાદથી મોટાભાગના માર્ગો બિસ્માર

પાટણ

પાટણમાં ગત સપ્તાહે પડેલા અવિરત વરસાદના કારણે મોટા ભાગના નાના-કાચા-પાકા માર્ગો ઉબડ-ખાબડ બની ગયા છે.શહેરમાં છીંડીયા દરવાજા બહાર આવેલ સોસાયટીના રસ્તાઓ પર ઠેર-ઠેર કીચડનું સામ્રાજય થતા લોકોને આવ-જા કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.રીક્ષાવાળા કાદવ કીચડના કારણે સોસાયટીની અંદર આવતા નથી જેથી મુસાફરોને ક્યારેક રાત્રે ઘરે જવામાં ભારે પરેશાન થવું પડે છે.

છીંડીયા દરવાજા બહાર આવેલા શિતળામાતાના મંદિરથી સરકારી પુસ્તકાલયનો રસ્તો વરસાદી મારથી બિસ્માર બની ગયો છે.શહેરના મોટાભાગના રસ્તાઓ ચાલવાને લાયક રહ્યા નથી.જુની સ્ટેટબેંક રતનપોળનો રસ્તો કેટલાય વરસથી બિસ્માર બની ગયો હોવાથી વાહનો સ્લિપ થઈ જતાં હોય છે અને અકસ્માત સર્જાય છે.

સરકારી પુસ્તકાલય પાસે આવેલ મહાદેવના મંદિરમાં નીચેના ભાગે વરસાદી પાણી ભરાવાથી દર્શનાર્થીઓને નીચે જવું મુશ્કેલ બન્યું છે.જ્યાં ત્યાં ભરાયેલા વરસાદી પાણીના નિકાલ માટે પાલિકા દ્વારા ઝડપથી કાર્યવાહી કરવી જોઈએ.ત્રણ-ચાર દિવસ સુધી પાણીનો ભરાવો થતાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને પાણીજન્ય રોગોની દહેશત જણાય છે.હાલમાં પણ ખાનગી દવાખાનાઓમાં દર્દીઓનો ઘસારો વધુ પ્રમાણમાં દેખાય છ.શરદી, ઉધરસ, અને ઝેરી મેલેરીયાના કેસો વધુ પ્રમાણમાં છે.આરોગ્ય વિભાગ દ્વારા મહોલ્લા પોળોમાં અને સોસાયટીઓમાં દર્દીઓનું સર્વે કરી જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવે તેવી મધ્યમ વર્ગના લોકોની માંગ ઉઠી છે.

શહેર અને જિલ્લામાં પુર અસરગ્રસ્ત લોકોને તમામ પ્રકારની સહાય આપવા તંત્ર સાબદુ થયું હોવાનું પણ જાણવા મળેલ છે.કેશડોલ્સ અને ઘરવખરીની સહાયથી કોઈ વંચિત ન રહી જાય તે માટે ઘર દીઠ સર્વે કરવામાં આવી રહ્યું છે.

## બહુચરાજીના કોંગ્રેસ અગ્રણીએ પૂરપીડિતોનો દુ:ખમાં સહભાગી થઈ જન્મદિવસ ઉજવ્યો

ચાણસ્મા

પુર હોનારતમાં તબાહીનો ભોગ બનેલા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્તો માટે ઉત્તર ગુજરાત સહિત રાજય ભરમાંથી મદદનો હાથ લંબાવાયો છે. સેવાભાવી અને સ્વૈચ્છિક સંસ્થાઓની સાથે દાતાઓ, યુવાઓ વગેરે પણ ફૂલ નહી તો ફૂલની પાંખડી રૂપે મદદ પહોચાડી રહ્યા છે. આજે માનવતાની બૂમ પડી છે ત્યારે બહુચરાજી તાલુકાના કાલરી ગામના વતની અને વિધાનસભા યૂથ કોંગ્રેસના પ્રમુખ ધર્મરાજસિંહ વાધુભા જોડેજાએ પોતાનો જન્મદિવસ પુરપીડિતોને કપડાં, ફુડપેકેટસ અને પશુઓને ઘાસચારોને નીરીને ઉજવ્યો હતો. કાલરી ગાના યુવાનોની ટીમ થરાદ તાલુકાના કિયાલ, રાહ અને મોરથલ ગામના પુર અસરગ્રસ્તોને રૂબરૂ મદદ પહોચાડી કુદરતની આ આફતમાં સધિયારો આપ્યો હતો.



યુવા અગ્રણી ધર્મરાજસિંહ જોડજાએ જણાવ્યું કે, બનાસકાંઠામાં પુરના કારણે અનેક લોકો એકે એક અઠવાડિયાથી પાણીમાં ફસાયેલા હોઈ ભૂખ્યા તરસ્યા હોય અમે તેમને મદદ કરવાનો નિર્ણય લીધો હતો અને મંગળવારે થરાદના કિયાલ, રાહ અને મોરથલ ગામના પુરપીડિતોને રૂબરૂ મળી કપડાં, ફુડપેકેટ વિતરણ કર્યા હતા. જયારે અબોલ જીવોને ૧૦૦૦ થી વધુ પૂળા ઘાસચારો ગાયો સહિતના પશુઓને નીરવામાં આવ્યો હતો.

## ભારત-શ્રીલંકા વચ્ચે બીજી ક્રિકેટ ટેસ્ટને લઈને રોમાંચ

કોલંબો

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની બીજી ટેસ્ટ મેચ આવતી-કાલથી કોલંબોના ઐતિહાસિક સિંઘાલી સ્પોર્ટસ ક્લબ ગ્રાઉન્ડ ખાતે શરૂ થઈ રહી છે. ગોલના મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે યજમાન શ્રીલંકા પર ૩૦૪ રને ભવ્ય જીત મેળવી હતી. આની સાથે જ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ની મહત્વપૂર્ણ લીડ પણ મેળવી લીધી હતી. મેચના ચોથા દિવસે જ ભારતે આ ટેસ્ટ પોતાના નામ પર કરી હતી. શ્રીલંકાની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૨૪૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈજાના કારણે બે બેટ્સમેન બેટિંગ કરવા માટે મેદાનમાં આવી શક્યા ન હતા. જેથી ભારતને વિજેતા જાહેર કરી દેવાતા કરોડો ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. શ્રીલંકાની બીજી ઈનિંગ્સમાં રવિચન્દ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાએ જોરદાર તરખાટ મચાવ્યો હતો. ભારતીય ટીંમ પ્રથમ ટેસ્ટ મેચ જીતી લીધા બાદ બીજી ટેસ્ટમાં પણ જીત મેળવીને શ્રેણી જીતવા માટે તૈયાર છે.

આ શ્રેણીમાં ત્રણ ટેસ્ટ મેચ, પાંચ વનડે મેચો અને એક ટ્વેન્ટી મેચ રમાનાર છે. આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ટીમ સામે નંબર વન રેન્કિંગ જાળવી રાખવાનો પડકાર છે. ભારતીય ટીમમાં સ્ટાર ખેલાડી શાનાદાર દેખાવ કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે.પ્રથમ ટેસ્ટમાં જ ભારત તરફથી ત્રણ ખેલાડીઓ સદી કરી હતી. જેમાં શિખર ધવન, ચેતેશ્વર પુજારા અને વિરાટ કોહલીનો સમાવેશ થાય છે. બન્ને ટીમો વચ્ચે અનેક યાદો રહેલી છે. જે ચાહકો હજુ પણ ભુલ્યા નથી. ઓપનિંગને લઈને તકલીફ જોવા મળી રહી છે. અભિનવ મુકુંદ અને શિખર ધવન ટીમમાં અન્ય બે ઓપનિંગ બેટ્સમેન છે. આવી સ્થિતિમાં આ બંનેને શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ મેચમાં ઓપનિંગની જવાબદારી અદા કરવી પડશે. મુરલી વિજય હજુ પણ સંપૂર્ણપણે અનફિટ દેખાઈ રહ્યા છે.બોલિંગમાં ભુવનેશ્વર કુમાર મુખ્ય જવાબદારી સંભાળે તેમ માનવામાં આવે છે. વર્ષ ૨૦૧૫માં ભારતે શ્રીલંકા સામે ટેસ્ટ શ્રેણીમાં ૨-૧થી જીત મેળવી હતી. વર્ષ ૨૦૧૫ની શ્રેણીમાં ગાલે ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની ૬૩ રને હાર થઈ હતી.

# થરાદના શિવનગરમાં કેશડોલ્સ બંધ કરાતાં હોબાળો


વિષ્ણુ દવે

**અસર નથી તો ૩૦ ટકા લોકોને કેમ ચુકવાઇ, રહી ગયેલાંમાં ભારે અસંતોષ : થરાદ શહેર અને ગામડાંમાં ચાલતી કેશડોલ્સ સહાયમાં મોટી લાલીયાવાડીના આક્ષેપ**

(પ્રતિ.) થરાદ

સરકાર દ્વારા તાલુકાના કેટલાક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ચુકવાઇ રહેલા કેશડોલ્સની સહાયના ચુકવણમાં મોટાપાયે ગેરરીતીઓ ચાલી રહી હોવાની રજુઆત ખુદ ગામોમાં અને આડોશ પાડોશમાં રહેતા લોકો થરાદની કચેરીઓમાં આવી કરી રહ્યા છે. તેમાં પણ વ્હાલાદવલાની નીતી, આખા ગામમાં સહાય અને ખરેખર અસરગ્રસ્તોને અન્યાય થવાની લાગણી સાથે લોકોમાં રોષ અને આક્રોશની લાગણી ઊઠવા પામી છે. શિવનગર વિસ્તારમાં કેશડોલ્સ બંધ કરાતાં બહોળી સંખ્યામાં લોકો પ્રાંત કચેરીમાં ધસી આવ્યા હતા. સરકારદ્વારા પુરગ્રસ્ત થરાદ શહેર અને ગ્રામ્યવિસ્તારોમાં જે લોકોના ઘરોમાં પાણી ભરાયું હોય અને જેમણે સ્થળાંતર કરવું પડયું હોય તેમને વય પ્રમાણે અનુક્રમે ૬૦ અને ૪૫ રૂપીયા પ્રમાણે ૧૦ દિવસની કેશડોલ્સ તથા ઘરવખરીનીના ૭૦૦૦ પ્રમાણે તલાટી અને ગામના શિક્ષકોની ટીમો દ્વારા સર્વે બાદ સહાયની ચુકવણી કરવાની સરકાની સુચના છે. જેમાં

અનુસંધાન પાના નં.૬

# પૂરથી પ્રભાવિત અસરગ્રસ્તોને આ વિપદામાંથી પુનઃ બેઠા કરવા સમગ્ર સરકાર તેમની પડખે : મુખ્યમંત્રી

**રાજ્યના શાસન દાયિત્વની જનહિત જવાબદારી-ચુનૌતી સંતો-ભગવંતોના આશીર્વાદથી પાર પાડીશ : વિકટ વેળાએ આપત્તિગ્રસ્તોને સધિયારો અને હૂંફનો અહેસાસ તથા પુનઃ પૂર્વવત્ થવાનો વિશ્વાસ આપવા આજે તેમની વચ્ચે જન્મદિન મનાવ્યો છે : શ્રી ધાખા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું જન્મદિન ભાવ અભિવાદન**


(એન.કે.મોદી)



(તા.પ્રતિ.) ધાનેરા

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે ગુજરાતની સમગ્ર જનતા જનાર્દને જનહિત શાસનની જવાબદારી મને સોંપી છે ત્યારે આવી વરસાદની આફતની ચુનૌતીની વેળાએ ગાંધીનગર નહીં પણ જનતા જનાર્દન – પીડિતો વચ્ચે તેમની સેવામાં આવીને રાજધર્મ નિભાવવાની મને તક મળી છે. "ગુજરાતનું ઋણ મારા માથે છે ત્યારે પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી એવા ભાવથી હું પૂર આપત્તિગ્રસ્તોની સેવામાં પાંચ દિવસથી બનાસકાંઠા અને પાટણના પૂરપીડિતોને મળીને સમગ્ર સરકાર તેમની સાથે હોવાનો સધિયારો, હૂંફ અને વિશ્વાસ આપુ છું," તેમ શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

**મુખ્યમંત્રી રીલીફ ફંડમાં વિવિધ સેવાભાવી સંસ્થા અને કંપનીઓ દ્વારા ૭ કરોડ ૫૪ લાખ રૂપિયાની સહાય મળી**

બ.કાં.માં આવેલ વિનાશક પુર બાદ ધાનેરામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આ બીજી મુલાકાત હતી. ગઈકાલે તૈમનો જન્મ દિવસ હોવાથી તેઓ તાલુકા ધાખા ગામે પરમ પુજ્ય ગુરૂદેવ વિજયરત્ન સુરીશ્વર મહારાજ સાહેબના આશીર્વચન મેળવી તેમનું પ્રવચન સાંભળી ધાનેરાની વિવેકાનંદ હાઈસ્કૂલમાં આવ્યા હતા. અને અહી તેમને યુવા ભાજપના કાર્યકરો દ્વારા ૪૫૦૦ કિટોનું વિતરણ પુર અસરગ્રસ્ત સ્કૂલોના વિદ્યાર્થીઓને કર્યું હતું. આ પ્રસંગે મંત્રી બાબુ બોખરીયાં, શંકરભાઈ ચૌધરી, ડો.ઋત્વીજ પટેલ, વસંતલાલ પુરોહિત, ભગવાનદાસ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ધાનેરામાં જે સમસ્યારૂપ કારણો છે જે પુરના પાણી શહેરમાં આવે છે તે કોઝવે તોડવાની યોગ્ય કાર્યવાહી કરી આવતા ચોમાસા સુધી સરખું કરી દેવામાં આવશે ત્યારબાદ વિવિધ સેવા ભાવી સંસ્થાઓ અને કંપનીઓ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૭ કરોડ ૫૪ લાખના ચેક પુર પિડીતો માટે સ્વીકારવામાં આવ્યા હતા અને બાદમાં સુધામા પુરી સોસાયટીમાં આવે રામભાઈસા મંદિરમાં દર્શન કરી ધાનેરા શહેરના રસ્તાઓની તેમજ માર્કેટયાર્ડની સાફ સફાઈ જોવા ગયા હતા અને પ્રાંત કચેરીમાં મીટીંગ યોજી મીડીયા કર્મીઓ સમક્ષ કામગીરી અંગે જણાવ્યું હતું કે પુર આવ્યું ત્યારથી કરીને આજદીન સુધી માર્કેટમાંથી ૨૪૮૮ ટન બગડેલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. તે માટે બહારથી ૪૦૦ થી વધારે સફાઈ કામદારો સફાઈમાં લગાવ્યા છે અને જેમાં ખાસ કરીને સુરત શહેરના મ્યુનિસીપાલટીના કમિશ્નરને અહી મુકવામાં આવ્યા છે. જેથી ધાનેરાના ઝડપી સફાઈ થઈ શકે.

# વાવ અને સૂઈગામ પંથકના પૂરપીડીતોને તમામ સહાય ચૂકવાશે : વિજયભાઈ રૂપાણી

તા.પ્રતિ. વાવ

મુખ્યમંત્રીએ નાળોદર, કાંણોઠી ગામના પુરપીડીતોની મુલાકાત લઈ તાજેતરમાં બ.કાં. જિલ્લામાં આવેલા વિનાશક પુરના પગલે સરહદી વાવ અને સૂઈગામ પંથકના કેટલાય ગામો ભારે તારાજીનો ભોગ બન્યા છે. ત્યારે વાવ પંથકના નાળોદર અને સૂઈગામ પંથકના પુરપીડીત ગામોની ગતરોજ તા.૨/૮/૨૦૧૭ ના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મુલાકાત લીધી હતી. સાથે વાવના ધારાસભ્ય અને રાજ્ય આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી જોડાયા હતા.

સૌ પ્રથમ સવારે ૯/૩૦ કલાકે


વિષ્ણુ પરમાર

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વાવ ખાતેના ખીમાણાવાસ રોડ પર બનાવેલા હેલીપેડ પર ઉતર્યા હતા. જ્યારે ભાજપના કાર્યકર મિત્રો તેમનું સ્વાગત કરી તેમના ૬૨ મા જન્મદિવસ નિમિતે શુભેચ્છાઓ પાઠવી હતી. જૈનબંધુઓએ પણ

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકામાં પૂરગ્રસ્ત વિસ્તાર સિવાયના કેશડોલ્સ ચૂકવાતાં વિવાદ

**કુદરતી આફતમાંયે લૂંટો મારા ભાઈ લૂંટોનો ઉભો થયેલો નજારો : દેશી - વિદેશી દારૂનું વેચાણ વધ્યુ હોવાનો ચોકાવનારી ચર્ચા**

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના બનાસનદી પટ વિસ્તારમાં તા.૨૪/૭/૨૦૧૭ પહેલાં રેત ખનન - ભૂખનન માફીયાના રાજથી સ્થાનિક લોકો ત્રાહીમામ હતા ને આ અંગે તાલુકા - જિલ્લા - રાજ્યમાં રજુઆત કરવા છતાં રજુઆત કર્તાના હાથ રેત - ભૂખનન માફીયા કરતા ટુંકો પડતાં રાત - દિવસ આ ગેરકાયદેસર પ્રવૃતિ બેફામ ચાલતી હતી.

દરમિયાન તા.૨૪/૭/૨૦૧૭ ના ઉપરવાસના અને સ્થાનીક વરસાદના કારણે દાંતીવાડા - સીપુ ડેમ ઓવરફ્લો થતાં તેના દરવાજા ખોલતા બનાસનદી ગાંડીતૂર બની હતીને કાંકરેજ તાલુકામાં પાંચથી પંદર ફુટ ઘોડાપૂરના પાણી નર્મદા કેનાલે અથડાઈ ડાયવર્ટ થતા બનાસનદી તટ અને તે સિવાયના


યશપાલસિંહ ટી.વાઘેલા

કેટલાક ગામડાંઓમાં ઘૂસી તારાજી સર્જી હતી. જોકે તૂટતાં વધુ ગામડાં તારાજીમાંથી બચ્યા હતા. આ કુદરતી - માનવસર્જીત જે ઘટના ઘટી તેમાં માનવ - પશુ જાનહાની અને માલસામાન અને જમીનને ભારે નુક્શાન થયેલ જેમાં નદીતટ વિસ્તારના કેટલાક ગામડામાં આજે પણ રસ્તા બંધ છે. કોન્ટ્રાક્ટરો અને

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં કોર્ટ નવીન સંકુલના ખાડા કોઈને ડુબાડશે કે શું ?


(અશોક શેઠ)

તા.પ્રતિ. દીઓદર

એક તરફ મેઘરાજા એ સમગ્ર બનાસકાંઠામાં અવિરત પણે વરસ્યા છે.ઠેર-ઠેર પાણી ભરાયા છે.કેટલાય લોકોના જાન ગયા છે તો કેટલાય પશુઓ પાણીમાં તણાઈ ચૂક્યા છે.તો કેટલાય મરી ચૂક્યા છે.કુદરત આગળ સૌ લાચાર હોય છે પરંતુ વહીવટી તંત્ર દ્વારા કરાતા ભૂલનો કોઈ ભોગ બને પછી સૌ દોડતા થાય છે.

દીઓદરમાં નવીન બસ સ્ટેશન સામે નવીન કોર્ટનું સંકુલનું કામ ચોમાસું બેસવાની સાથે જ શરૂ કરાયું.૧૦-૧૦ ફુટ ઉંડા ખાડા કરાયા જાહેર માર્ગ કોઈપણ પ્રકારની આડાશ વગર કોઈ

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર શહેરની અશોક સોસાયટીના અસરગ્રસ્તોના મામલતદાર કચેરીએ ધામા


(સંજય જોષી)

પાલનપુર

બનાસકાંઠામાં આકાશી આફત વચ્ચે વ્યાપક ખાનાખરાબી સર્જાઈ છે. ત્યારે પાલનપુરમાં નુક્સાનીના સર્વે બાદ સહાય ચૂકવણીની કામગીરી હાથ ધરાઈ છે. પાલનપુરની અશોક સોસાયટી માં સર્વે કર્યા વિના ટિમ પરત જતા અસરગ્રસ્તોએ મામલતદાર કચેરીએ ધામા નાખ્યા હતા.

પાલનપુરના માનસરોવર રોડ પર રેલવે ટ્રેકની પાછળ આવેલી અશોક સોસાયટીના અસરગ્રસ્તો ના જણાવ્યા મુજબ, આજે નુક્સાનીનો સર્વે કરવા કેટલાક કર્મચારીઓ આવ્યા હતા. જેઓ ગાડીમાં બેઠા બેઠા જ બે-ચાર ઘરનો સર્વે કરી જતા રહ્યા હતા. જેના પગલે સોસાયટીના મોટાભાગના રહીશોના ઘરનો સર્વે થયો નથી. જેથી તેઓ સહાયથી વંચિત રહી જશે તેવી દહેશત તળે અસરગ્રસ્તોએ મીડિયા સમક્ષ હૈયાવરાળ ઠાલવી મામલતદાર કચેરીએ ધસી ગયા હતા.

જ્યાં મામલતદાર સમક્ષ પોતાની આપવીતી રજુ કરી હતી. જોકે, મામલતદાર દ્વારા ફોર્મ ભરીને આપી જાવ ત્યારબાદ ઘટતુ કરવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

# મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી પોતાના ૬૧મા જન્મદિને બનાસકાંઠામાં પૂરપિડીતો સાથે


(સંજય જોષી)

**પાલનપુરમાં જૈન દેરાસરમાં જઈ દર્શન કર્યા**

પાલનપુર

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના ૬૧મા જન્મદિવસ પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાં પૂર પ્રભાવિત લોકોની મુલાકાત લેતાં પહેલાં પાલનપુર મુકામે શ્રી પલ્લવીયા પાર્શ્વનાથજી ભગવાનના દેરાસરમાં તેમના ધર્મપત્નિ શ્રીમતિ અંજલિબેન સાથે જઈને ભકિતભાવપૂર્વક દર્શન, આરતી તથા પૂજા-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ઉપાશ્રયમાં ચાતુર્માસ ગાળી રહેલા પ.પૂજ્ય આચાર્યદેવશ્રી રાજતિલક સાગરસુરિશ્વરજી મ.સા.ને મળી

અનુસંધાન પાના નં.૬

# પૂરની આફત પછી બનાસકાંઠાને બેઠો કરવા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ગામડાઓ ખુંદી રહ્યા છે : જશાભાઇ બારડ



પાલનપુર

પાણી પુરવઠા અને નાગરિક ઉડ્ડયન રાજય મંત્રીશ્રી જશાભાઈ બારડે બનાસકાંઠા જીલ્લાના પૂરગ્રસ્ત ભાભર તાલુકાના જાસનવાડા, ઉંડાઈ અને સીસોદરા ગામોની મુલાકાત લઈ પરિસ્થિતીનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તોને મળી જાણકારી મેળવી હતી. તેમણે કહ્યું કે કુદરતી આપત્તિના આ સમયમાં સરકાર અસરગ્રસ્તોની પડખે છે, તેમણે ઉમેર્યુ કે અસરગ્રસ્તોને ઝડપથી પુરતી સહાય કરવા અને જીલ્લામાં પૂર્વવત પરિસ્થિતીના નિર્માણ માટે સરકાર દ્વારા વ?યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મંત્રીશ્રી જશાભાઈ બારડે કહ્યું કે

અનુસંધાન પાના નં.૬

## બેસણું


સ્વ.ચૌધરી હેમાભાઈ વકતાભાઈ
સ્વ.તા.૧-૮-૨૦૧૭ (રૈયા)

અમારે પિતાશ્રી / કાકાશ્રી ચૌધરી હેમાભાઈ વકતાભાઈનું તા.૧-૮-૨૦૧૭ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું.સદ્‌ગતનું બેસણું (બપોરો) સમાજના રીત રીવાજ મુજબ તા.૪-૮-૨૦૧૭ ને શુક્રવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ફાર્મ હાઉસ, મુ.રૈયા, તા.દીઓદર, જી.બ.કાં. દેલવાડાની વાટે (મો.૭૮૦૨૦ ૭૬૬૦૧)

લિ.

હસુબેન હેમાભાઈ ચૌધરી (પુત્રી)
માનસુંગભાઈ રાંણાભાઈ ચૌધરી (ભત્રીજા)
કલ્યાણભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી (ભત્રીજા)
રાજાભાઈ પદમાભાઈ ચૌધરી (ભત્રીજા) તા.પં.સદસ્ય, દીઓદર
હરજીભાઈ સવાભાઈ ચૌધરી (ભત્રીજા)
ગોવિંદભાઈ દુદાભાઈ ચૌધરી (ભત્રીજા)
પ્રકાશભાઈ કલ્યાણભાઈ ચૌધરી (જમાઈ)


